અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

નોરા ફતેહીએ પાપરાઝીઓને ગંદી નજરે જોનારા કહ્યા



પેજ-09

નારાયણ T20 વર્લ્ડ કપ માટે નિવૃત્તિ પાછી લેશે નહીં




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 27.00 |
| વડોદરા | 41.00 | 27.00 |
| સુરત | 38.00 | 27.00 |


પેજ 5




LG એનર્જી સોલ્યુશન પેટન્ટનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક વલણ...

25 APRIL-2024 THURSDAY

નાસાના વોયેજર-1 એ 24 અબજ કિમી દૂરથી સિગ્નલ મોકલ્યા




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73852.94 | ▲ | 114.49 |
| નિફ્ટી | 22402.40 | ▲ | 034.40 |
| સોનું | 71,253.00 | ▲ | 224.00 |
| ચાંદી | 80,788.00 | ▲ | 110.00 |


વર્ષ-13 | અંક-160 | વિક્રમ સંવત-2080 | ચૈત્ર વદ-02 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# PM મોદી 1 મેથી પ્રચારનું રણશિંગું ફૂંકશે : બે દિવસમાં 6 સભા ગજવશે

## ગુજરાતના સ્થાપના દિનથી પ્રચારની શુરૂઆત : કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતની તમામ બેઠકો આવરી લેશે

(એજન્સી) અમદાવાદ | તા. 24

દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી 2024ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની 26 પૈકી 25 બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારનો આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન 1-2 મે એમ બે દિવસમાં જ છ જાહેરા સભાઓ ગજવશે. સંભવત: વડોદરામાં રોડ શો પણ કરી શકે છે. વડાપ્રધાનના પ્રવાસ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ત્રણ દિવસ



પોતાના હોમ સ્ટેટમાં ભાજપના પ્રચાર માટે આવવાના છે.

### અમિત શાહ 27 એપ્રિલથી ગુજરાતમાં પ્રચાર શરૂ કરશે

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં એટલે કે 7 મેના રોજ મતદાન યોજાશે. 5 મેના રોજ પ્રચારના પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપના નેતાઓ નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. જાણવા મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.27થી 29 એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિત બારડોલીથી 27મીએ પોતાનો પ્રચાર પ્રવાસ શરૂ કરશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિત શાહની સભાઓ ગોઠવાઇ રહી છે.

### 25 બેઠકો પર ખરાખરીનો જંગ ખેલાશે

વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે. દેશમાં સૌ પ્રથમ સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સોમવારે બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જેના પગલે રાજ્યની હવે 25 બેઠકો પર જ ખરાખરીનો જંગ રહ્યો છે. ભાજપ માટે આણંદ, રાજકોટ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, જામનગર જેવી બેઠકો પર ક્ષત્રિયોનો પડકાર છે. ક્ષત્રિય સમાજ સાથે હાલ અલગ અલગ જિલ્લાઓમાં જઇ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી બેઠકો યોજી મામલો થાળે પાડવાના પ્રયાસો કરી રહ્યા છે.

**યુરોપની સંસ્થા RASFFના દાવાથી વિશ્વમાં ખળભળાટ**

# ભારતના 527 ઉત્પાદનોમાં કેન્સરકારક દ્રવ્યો મળ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ભારતીય કંપનીઓના ચાર મસાલામાં કેન્સરકારક દ્રવ્યો ધરાવતા કેમિકલ મળ્યા બાદ સિંગાપોર અને હોંગકોંગે તેના ઉપયોગ મામલે ચેતવણી જારી કરી છે. તેમાં કહેવાયું છે કે, આ મસાલાઓમાં કેન્સર માટેના જવાબદાર ઈથિલિન ઑક્સાઈડ નામનો દ્રવ્ય હોવાનું સામે આવ્યું છે. એવી પણ માહિતી સામે આવી છે કે, સિંગાપુર અને હોંગકોંગમાં ઈથિલિન ઑક્સાઈડના કારણે જે ભારતીય મસાલા વિરુદ્ધ કાર્યવાહી કરાઈ છે, યુરોપમાં જતી ભારતીય ઉત્પાદનોમાં પણ આ કેમિકલ નિયમિત રીતે મળતું આવ્યું છે.




### 527 ભારતીય ઉત્પાદનોમાં ઈથિલિન ઑક્સાઈડનું દ્રવ્ય

આમ તો યુરોપિયન ફૂડ સેફ્ટી ઓથોરિટીને ભારતીય ઉત્પાદનોની તપાસ દરમિયાન તેમાં સતત ઈથિલિન ઑક્સાઈડ નામનું દ્રવ્ય મળતું રહ્યું છે, પરંતુ યુરોપીયન એજન્સીએ આ દ્રવ્ય પર પ્રતિબંધ લાદવાના કોઈ ઉપાય શોધ્યા નથી. મીડિયા રિપોર્ટ મુજબ યુરોપિયન યુનિયનમાં ખાદ્ય સુરક્ષા ચકાસતી સંસ્થાએ સપ્ટેમ્બર-2020થી એપ્રિલ-2024માં 527 ભારતીય ઉત્પાદનોમાં ઈથિલિન ઑક્સાઈડ મળ્યાનો દાવો કર્યો છે. આ ઉત્પાદનોમાં 313 અખરોટ અને તલના બીજના ઉત્પાદનો, 60 ઔષધિ-મસાલા, 34 અન્ય ખાદ્ય ઉત્પાદનો તેમજ 26 અન્ય ખાણી-પીણી ઉત્પાદનો સામેલ છે. આ ઉત્પાદનોમાંથી 87 ખેપને બોર્ડર પરથી જ પરત મોકલી દેવાઈ હતી, જ્યારે મોટા ભાગના ઉત્પાદનો માર્કેટમાં આવ્યા બાદ તબક્કાવાર હટાવી દેવાયા છે.

### 332 ઉત્પાદનોનો ભારત સાથે સીધો સંબંધ

1 રૈપિડ એલર્ટ સિસ્ટમ ફૉર ફૂડ એન્ડ ફીડ (RASFF) એક ઑનલાઈન સિસ્ટમ છે અને તે યુરોપીયન દેશોમાં ખાદ્ય સુરક્ષાના માનકો પર નજર રાખે છે. તેના ડેટામાં જણાવ્યા મુજબ, 525 ખાદ્ય ઉત્પાદનો અને બે ફીડ ઉત્પાદનોમાં કેમિકલ હોવાનું સામે આવ્યું છે. આમાંથી 332 ઉત્પાદનોનો ભારત સાથે સીધો સંબંધ હોવાનું પણ કહેવાયું છે, જ્યારે બાકીના ઉત્પાદનોમાં અન્ય દેશોને પણ જવાબદાર ઠેરવાયા છે.

### ઈથિલિન ગ્લાઈકોલ સૌથી ખતરનાક

2 રમૈયા એડવાન્સ ટેસ્ટિંગ લેબ્સના સીઈઓ યૂબિન જૉર્જ જોસેફે કહ્યું કે, ગ્રાહકો ઈથિલિન ઑક્સાઈડના સીધા સંપર્ક ઉપરાંત અન્ય બે કેમિકલ પ્રત્યે પણ સંવેદનશીલ હોય છે. આમાંથી સૌથી ખતરનાક ઈથિલિન ગ્લાઈકોલ છે, જેનો કફ સિરપમાં ઉપયોગ કરાયો હોવાથી આફ્રિકામાં બાળકોના મોત થયા હતા.

### ઈથિલિન ઑક્સાઈડથી કયા કેન્સરનું જોખમ?

3 ઈથિલિન ઑક્સાઈડ DNAનો નાશ કરી શકે છે અને તેનાથી ચોક્કસ કેન્સરનું જોખમ પણ વધી શકે છે. અભ્યાસ મુજબ તેના કારણે લાંબા ગાળો કેન્સર થવાની સંભાવના છે. તેનાથી નોન-હોજનિન લિમ્ફોમા, માયલોમા અને લિમ્ફોસાયટિક લ્યુકેમિયા, સ્તન કેન્સર, મગજનું કેન્સર, ફેફસાનું કેન્સર, કનેક્ટિવ પેશી, ગર્ભાશયની ગાંઠોનું કેન્સર સહિતના કેન્સર થવાનું જોખમ છે.

### ઈથિલિન ઓક્સાઇડ શું છે?

ઈથિલિન ઓક્સાઇડ રંગીન ગેસ છે. તેનો ઉપયોગ જંતુનાશક માટે થાય છે. આ દ્રવ્યને મૂળ તબીબી સાધનોને જંતુરહિત કરવા માટે બનાવાયું હતું. એવું કહેવાય છે કે, ઈથિલિન ઓક્સાઇડના સંપર્કમાં આવવાથી લિમ્ફોમા અને લ્યુકેમિયા સહિતના અન્ય કેન્સરનું જોખમ વધી શકે છે.

**Quick Read**

### ભાજપના સાંસદ રાજવીર દિલેરનું હાર્ટ એટેકથી નિધન, પ્રબળ દાવેદાર છતાં નહોતી મળી ટિકિટ

હાથરસ | ઉત્તર પ્રદેશની હાથરસ લોકસભા બેઠકના સાંસદ રાજવીર દિલેરનું હાર્ટએટેકથી નિધન થઈ ગયું છે. અલીગઢની વરૂણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થતા સમગ્ર જિલ્લામાં શોકની લહેર પ્રસરી છે. જણાવાય રહ્યું છે કે, રાજવીર સિંહ દિલેર છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા. અચાનક સાંસદ રાજવીર દિલેરનું અવસાન થવું ભાજપ માટે મોટી ક્ષતિ છે. લોકસભા ચૂંટણી 2019માં તેમને ભાજપે ટિકિટ આપી હતી અને તેઓ જીત્યા હતા.

### રાજૌરી હત્યાકાંડ પાછળ વિદેશી આતંકવાદી અબુ હમઝાનો હાથ : 10 લાખનું ઈનામ જાહેર કર્યું

જમ્મુ | જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં 22 એપ્રિલની રાત્રે આતંકવાદીઓએ ટાર્ગેટ કિલિંગને અંજામ આપ્યો હતો. કેસની તપાસ કરી રહેલી જમ્મુ અને કાશ્મીર પોલીસે દાવો કર્યો હતો કે હુમલા પાછળ વિદેશી આતંકવાદી અબુ હમઝાનો હાથ હતો. આ તેનું કોડનેમ છે. તે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT)નો છે. પોલીસે અબુ હમઝા વિશે માહિતી આપનારને 10 લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું છે. પોલીસે અબુ હમઝા (32)નું પોસ્ટર પણ બહાર પાડ્યું છે.

### મણિપુરમાં કુકી અને મેઇતેઇ જૂથો વચ્ચે ગોળીબાર : 19 એપ્રિલ પછી રાજ્યમાં પ્રથમ મોટી ઘટના

ઈમ્ફાલ | મણિપુરના લુવાંગસનોલ સેકમાઈમાં કુકી અને મેઈતેઈ જૂથો વચ્ચે ગોળીબાર થયો હતો. 19 એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન ઈનર મણિપુર લોકસભા સીટ પર થયેલા ફાયરિંગ બાદ મણિપુરમાં ફાયરિંગની આ પહેલી ઘટના છે. જોકે ગોળીબારના કારણે આસપાસના ગામોના લોકો પરેશાન જોવા મળ્યા હતા. દિજાતિ એકતા પરની સમિતિ (CoTU) એ મેઈતેઈ જૂથ અને અરામબાઈ ટંગોલ દ્વારા કુકી-જો પરના હુમલા તરીકે તેની નિંદા કરી છે.

### કર્ણાટક સરકારનો મોટો નિર્ણય, તમામ મુસ્લિમોને OBCમાં કર્યા સામેલ, નોકરીમાં મળશે અનામત

બેંગ્લોર | કર્ણાટક સરકારે અનામતનો લાભ આપવા માટે મુસ્લિમોને પછાત વર્ગ (OBC)માં સામેલ કર્યા છે. NCBCએ કર્ણાટક સરકારના આંકડાઓનો હવાલો આપતા પુષ્ટિ કરી. ન્યૂઝ એજન્સી ANIના અનુસાર, રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે કહ્યું, કે 'કર્ણાટક સરકારના આંકડા અનુસાર, કર્ણાટકના મુસ્લિમોની તમામ જાતિઓ અને સમુદાયોને રાજ્ય સરકાર હેઠળ રોજગાર અને શૈક્ષણિક સંસ્થાનોમાં અનામત માટે ઓબીસીની યાદીમાં સામેલ કરાયા છે.

# કોંગ્રેસનું મેનિફેસ્ટો જોઈ PM ગભરાઈ ગયા : રાહુલ ગાંધી

## ભાજપ દલિત-OBCનો ઈતિહાસ ભૂંસી નાખવા માગે છે, જાતિ ગણતરીને કોઈ શક્તિ રોકી શકશે નહીં

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

કોંગ્રેસ પાર્ટીના સામાજિક ન્યાય સંમેલન કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ કહ્યું- કોંગ્રેસનો મેનિફેસ્ટો જોઈને પીએમ ડરી ગયા છે. આ એક ક્રાંતિકારી મેનિફેસ્ટો છે. અમે જાતિની વસ્તી ગણતરી કરાવવાનું વચન આપ્યું છે. ભાજપ દલિત-ઓબીસીનો ઈતિહાસ ભૂંસી નાખવા માગે છે. તમારા ઈતિહાસના મૂળ ફરી એકવાર સ્થાપિત કરવા પડશે. જાતિની વસ્તી ગણતરીને કોઈ શક્તિ રોકી શકે નહીં. મોદીએ 10 વર્ષ સુધી દેશને કહ્યું કે તેઓ ઓબીસી છે. મેં જાતિ ગણતરીની વાત કરી કે તરત જ મોદીએ કહેવાનું શરૂ કર્યું કે



દેશમાં માત્ર બે જ જાતિઓ છે, અમીર અને ગરીબ. હું કહું છું કે, ગરીબોની યાદી બહાર કાઢો, તેમાં તમને દલિત, આદિવાસી અને ઓબીસી જોવા મળશે, પરંતુ અમીરોની યાદીમાં તમને આ ત્રણ સમુદાયના લોકો નહીં મળે.

### રાહુલ ગાંધીના ભાષણના મોટા મુદ્દા...

» મેં દેશની ટોચની 200 મોટી કંપનીઓના માલિકોની યાદી બહાર પાડી. આ 200 કંપનીઓમાંથી નરેન્દ્ર મોદીએ 25 લોકોને 16 લાખ કરોડ રૂપિયા આપ્યા છે. આટલા પૈસાથી દેશના ખેડૂતોની 25 વખત લોન માફી થઈ શકે છે. આ 200 કંપનીઓમાંથી એક પણ આદિવાસી નથી, એક પણ દલિત નથી, એક પણ OBC નથી.

» મેં તે કંપનીઓના સીઇઓ અને એન્કરોની યાદી જોઇ છે જેઓ મને મીડિયામાં બિન-ગંભીર કહી રહ્યા છે. મીડિયા કંપનીઓના 90% CEO-એન્કરો અને વરિષ્ઠ નેતૃત્વ OBC અથવા દલિત જાતિના નથી.

» મને જ્ઞાતિમાં કોઇ રસ નથી. મને ન્યાયમાં રસ છે. મેં એટલું જ કહ્યું કે લોકોને કેટલો અન્યાય થઇ રહ્યો છે તે શોધવું જોઇએ. આ માટે જાતિ ગણતરી એટલે કે એક્સ-રે કરાવવાની વાત થઇ હતી. મેં આટલું કહ્યું કે તરત જ ભાજપના લોકો કહેવા લાગ્યા કે હું દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહ્યો છું.

» મોદીએ 22 લોકોને 16 લાખ કરોડ રૂપિયા આપ્યા છે. અમારી સરકાર આવશે તો તેના કેટલાક પૈસા લોકોને આપવામાં આવશે. મને પછાત શબ્દ પણ ગમતો નથી. આનો અંત આવવો જોઇએ. અમારી સરકાર આવશે તો અમે વિચારીશું.

### મોદીના ભાષણ સામે ચૂંટણીપંચ એક્શનમાં, ECની તપાસ શરૂ

(એજન્સી) બાંસવાડા | તા. 24

બાંસવાડામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા નિવેદનની ચૂંટણીપંચે તપાસ શરૂ કરી છે. મોદીએ રાજસ્થાનના બાંસવાડામાં કહ્યું હતું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે લોકોની સંપત્તિ મુસ્લિમોમાં વહેંચી દેશે. પીએમએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની ટિપ્પણીનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે દેશનાં સંસાધનો પર લઘુમતીઓનો પ્રથમ અધિકાર છે. કોંગ્રેસે ચૂંટણીપંચને પીએમ મોદીના 'સંપત્તિની વહેંચણી' પરના નિવેદન પર કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.

# મોદીનું કામ અવિશ્વસનિય, દસ વર્ષમાં 40 કરોડને ગરીબીમાંથી બહાર કાઢ્યા: જે.પી.મોર્ગનના સીઈઓ

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

વૈશ્વિક બેંકિંગ કંપની જે.પી.મોર્ગન ચેઝના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) જેમી ડિમોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની કામગીરીના ભરપુર વખાણ કર્યા છે. તેમણે કહ્યું છે કે, વડાપ્રધાને 10 વર્ષમાં 40 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે અને તેઓ ભારતમાં 'અવિશ્વસનીય કામ' કરવાની સાથે તમામ પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી રહ્યા છે. ડિમોને વડાપ્રધાન મોદીના વખાણ કરતા કહ્યું કે, તેઓ એક કડક નેતા છે. આ ઉપરાંત તેમણે ભારતના GST પદ્ધતિની પણ પ્રશંસા કરતા કહ્યું કે, અગાઉ વિવિધ રાજ્યોમાં જુદા જુદા કર પ્રણાલી હતી, તેમણે ભારતની ટેકનોલોજી અને નાણાકીય પ્રગતિનો ઉલ્લેખ કરી કહ્યું કે, ભારતમાં 700 મિલિયનથી વધુ નાગરિકોના બેંક ખાતા છે અને તેમનું પેમેન્ટ સીધા તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ રહ્યું છે.



### ભારતના કેટલાક આર્થિક સુધારા અમેરિકામાં લાગુ કરાશે

ઈકોનોમિક ક્લબ ઑફ ન્યૂયોર્ક દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં ડિમોને મોદી સરકાર દ્વારા લાગુ કરાયેલા આર્થિક સુધારાઓની પ્રશંસા કરતા કહ્યું કે, 'ભારતના કેટલાક સુધારાઓ અમેરિકામાં પણ લાગુ કરવામાં આવી શકે છે.' તેમણે એવી આશા પણ વ્યક્ત કરી કે, વડાપ્રધાન મોદી આ ઉનાળામાં ત્રીજી વખત સત્તામાં પરત ફરશે.

### કાળઝાળ ગરમીમાં સભાને સંબોધતી વખતે ચાલુ ભાષણે ઢળી પડ્યા નીતિન ગડકરી

(એજન્સી) યવતમાલ | તા. 24

મહારાષ્ટ્રના યવતમાલમાં ભાષણ આપી રહેલા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અચાનક મંચ પડી ગયા. સ્ટેજ પર હાજર લોકોએ તેમને તરત જ ઉપાડ્યા અને સારવાર માટે લઈ ગયા. ગડકરી ચૂંટણી સભાને સંબોધવા માટે યવતમાલના પુસદ પહોંચ્યા હતા. જ્યારે તેઓ સ્ટેજ પર બોલી રહ્યા હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા. ત્યાર બાદ આસપાસના લોકોએ તેમની મદદ કરી અને તેમને તાત્કાલિક સારવાર માટે લઈ ગયા. જોકે થોડા સમય પછી નીતિન ગડકરીએ X પર પોસ્ટ કર્યું કે તેઓ ગરમીને કારણે અસ્વસ્થતા અનુભવી રહ્યા હતા, પરંતુ હવે તેઓ સંપૂર્ણ સ્વસ્થ અનુભવી રહ્યા છે. નીતિન ગડકરી નાગપુર લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર છે. નાગપુર સીટ પર પહેલા તબક્કામાં મતદાન થયું છે.



### રામદેવે ભ્રામક જાહેરખબરના કેસમાં ફરી માફી છપાવી

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

સુપ્રીમ કોર્ટે ભ્રામક જાહેરખબરના કેસમાં આકરી ઝાટકણી કાઢ્યા બાદ પતંજલિ, બાબા રામદેવ અને બાલકૃષ્ણએ વધુ એક 'માફીનામું' છપાવ્યું છે. તેઓ કોર્ટ પાસે બિનશરતી માફી માંગી છે. પતંજલિ પર અખબારોમાં જાહેરાતો આપીને એલોપેથી વિરુદ્ધ નકારાત્મક પ્રચાર કરવાનો આરોપ છે. હાલ આ કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પર છે.

### VVPAT વેરિફિકેશન પર સુપ્રીમ કોર્ટે નિર્ણય અનામત રાખ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

સુપ્રીમ કોર્ટે બુધવારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) વોટ અને વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT) સ્લિપના 100% ક્રોસ ચેકિંગની માગ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું કે અમે મેરિટની ફરી સુનાવણી નથી કરી રહ્યા. અમે કેટલીક ચોક્કસ સ્પષ્ટતા ઈચ્છતા હતા. અમારી પાસે કેટલાક પ્રશ્નો હતા અને અમને તેના જવાબો મળ્યા. નિર્ણય અનામત રાખ્યો છે. આ કેસની સુનાવણી આજે 40 મિનિટ સુધી ચાલી હતી. હકીકતમાં આ કેસમાં અરજદારો વતી એડવોકેટ પ્રશાંત ભૂષણ, ગોપાલ શંકરનારાયણ અને સંજય હેગડે હાજર થઈ રહ્યા હતા. તે જ સમયે, અત્યાર સુધી ચૂંટણી પંચ વતી એડવોકેટ મનિન્દર સિંહ, અધિકારીઓ અને કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા.

**6 સ્નાઈપર ગોળીઓ ભેદી ના શકી : આર્મી ચીફે કહ્યું- દેશ યુદ્ધમાં જવાથી ખચકાશે નહીં**

# DRDOએ સૌથી હળવું બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ દેશનું સૌથી હળવું બુલેટ પ્રૂફ જેકેટ બનાવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે મંગળવારે (23 એપ્રિલ) આ માહિતી શેર કરી. પોલિમર બેકિંગ અને મોનોલિથિક સિરામિક પ્લેટથી બનેલું આ જેકેટ 6 સ્નાઈપર બુલેટ દ્વારા પણ ભેદી શકાયું ન હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે જેકેટનું ઈન-કંક્શન (ICW) અને એકલ ડિઝાઈન સૈનિકોને 7.62x54 RAPI (BIS 17051નું લેવલ 6) દારૂગોળા સામે રક્ષણ પૂરું પાડશે. આ જેકેટ કાનપુર સ્થિત DRDOના સંરક્ષણ સામગ્રી અને સ્ટોર્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (DMSRDE) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જેકેટનું પરીક્ષણ BIS 17051-2018 હેઠળ TBRL ચંદીગઢ ખાતે કરવામાં આવ્યું હતું. સચિવ, સંશોધન અને વિકાસ, સંરક્ષણ વિભાગ અને અધ્યક્ષ, DRDOએ હળવા વજનના બુલેટપ્રૂફ જેકેટને વિકસાવવા બદલ DMSRDEને અભિનંદન પાઠવ્યા છે.



### સૈનિકો યુદ્ધમાં જતા અચકાશે નહીં

ભારતીય સેના પ્રમુખ જનરલ મનોજ પાંડે નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન (AIMA)ના નવમા નેશનલ લીડરશિપ કોન્ક્લેવમાં પહોંચ્યા હતા. અહીં તેમણે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના મહત્વ વિશે ચર્ચા કરી હતી. જનરલ પાંડેએ જણાવ્યું હતું કે તાજેતરના ભૌગોલિક-રાજકીય ઘટનાક્રમોએ દર્શાવ્યું છે કે જ્યાં રાષ્ટ્રીય હિતોની ચિંતા હોય ત્યાં દેશો યુદ્ધમાં જવામાં અચકાશે નહીં. યુદ્ધોને રોકવા અને અટકાવવા માટે લશ્કરી શક્તિ આવશ્યક છે, તેમજ જ્યારે જરૂરી હોય ત્યારે હુમલાઓનો બળપૂર્વક જવાબ આપવા અને યુદ્ધ જીતવા માટે.




# ભેરાઇ પ્રાથમિક શાળામાં મહિલાઓ મતદાન અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ભેરાઈ પ્રાથમિક શાળા ખાતે ચુનાવ પાઠશાળા દ્વારા મહિલાઓને મતદાન અંગે જાગૃત કરાઈ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માં અમરેલી જીલ્લામા વધુમા વધુ મતદાન થાય તે માટે જીલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.જે અંતર્ગત રાજુલા તાલુકાની ભેરાઈ પ્રાથમિક શાળા ખાતે ચુનાવ પાઠશાળાનું આયોજન કરી મહિલાઓનુ મતદાન વધે અને મતદાન અંગેની જાગૃતિ આવે તે માટેના પ્રયત્નો કરવામા આવેલ. ચુનાવ પાઠશાળાના આયોજન થકી મતદાન જાગૃતિના પ્રયાસ સ્વરૂપે વોટર ટર્ન આઉટ પ્લાન મુજબ ભેરાઈ ગામે બે બુથોમા પુરુષ અને સ્ત્રી મતદારોના મતદાનમાં ૧૦ ટકાનો તફાવત હોય મહિલા મતદારોને મતદાન અંગે જાગૃત કરવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી. કલસરિયા, ભેરાઈ પ્રાથમિક શાળાના આચાર્ય અરશીભાઈ જાલોંધરા અને બી.એલ.ઓ. દર્શનાબેન ચૌહાણ દ્વારા ઉપસ્થિત તમામ મહિલાઓ અને લોકોને મતદાન જાગૃતિ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ભગુભાઈ નકુમ અને માધવીબેન જોષી દ્વારા મતદાન જાગૃતિ માટેના શપથૂ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.નિલેશભાઈ કલસરીયા,શાળાના આચાર્ય અરશીભાઈ જાલોંધરા, તલાટી કમ મંત્રી ભગુભાઈ નકુમ, બી.એલ.ઓ., આરોગ્ય અને આંગણવાડી સ્ટાફ તેમજ વાલાભાઈ રામ અને આતુભાઈ રામ સહિતના ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકોને લોકશાહીના મહાપર્વમા મતદાન થકી સહભાગી થવા અનુરોધ કરવામા આવેલ જે યાદીમાં જણાવેલ છે.

# મહીસાગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે રિક્ષા રેલી થકી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લોકસભા સામાન્ય ચૂંટણી ૭ મી મે ના રોજ યોજાનાર છે ત્યારે જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારી ના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો થકી જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજ રોજ નિવાસી અધિક કલેક્ટરશ્રી સી વી લટાના હસ્તે લુણાવાડા કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ ખાતેથી અંદાજિત ૨૦૦ થી વધુ રિક્ષારેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી આ રેલી લુણાવાડા નાં વિવિધ વિસ્તારોમાં ફરી મતદાન જાગૃતિ સંદેશો પ્રસારવશે સાથે રિક્ષા ચાલકો પણ મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાઈ જે કોઈ પેસેન્જર તેમની રિક્ષામાં મુસાફરી કરશે તેમણે ૭ મે ના દિવસે અચૂક મતદાન કરવા જાગૃત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એમ એસ મનાત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી સી એન ભાભોર , પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી નૈલેશ મુનિયા , જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી અવનીબા મોરી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભગવાન શ્રી સત્યનારાયણની કથા સાથે અમરેલી ઈન્ડીયા ગઠબંધન (કોંગ્રેસ) કાર્યાલયનો પ્રારંભ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



અમરેલી લોકસભા ઈન્ડીયા ગઠબંધનના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના અમરેલી શહેર કાર્યાલયનો પ્રારંભ સવારે ૯-૦૦ કલાકે ભગવાન સત્ય નારાયણની કથા થી કરવામાં આવ્યો હતો. આ તકે અમરેલી જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં દરેક સમાજના આગેવાન અને ઈન્ડીયા ગઠબંધનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યુ હતુ કે અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષે ગુજરાત સહિત દેશ ભરમાં શિક્ષિત ઉમેદવારો આપ્યા છે. ત્યારે જેનીબેન ઠુમ્મર શિક્ષિત તો છે જ પરંતુ તેઓ જિલ્લા પંચાયતના સૌથી સફળ પ્રમુખ પણ રહ્યા છે. ત્યારે આવા સમક્ષ ઉમેદવારોને આપણે જંગી લીડથી જીતાડવાના છે. આ તકે આગેવાનો એ જણાવ્યુ કે જેનીબેન ઠુમ્મર મહિલા આગેવાન છે. ત્યારે સામાપક્ષના લોકોએ ઘણા પ્રયાસો કર્યા તેમનું ફોર્મ રદ કરવાના કારણ કે તેમને બહેનોની ભાગીદારી ગમતી નથી માત્ર મહિલા વિકાસની વાતો કરે છે.આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી ગારીયાધાર, ઠાકરશીભાઈ મેતલીયા પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરિયા મહુવા, કાંતિભાઈ સતાસીયા બગસરા, ટીકુભાઈ વરૂ, જીતુભાઈ અડતાલાવાળા, ધર્મેશભાઈ પાનસુરીયા, મનિષભાઈ ભંડેરી, સત્યમ મકાણી, દિનેશભાઈ ભંડેરી, ભરતભાઈ હપાણી, સુરેશભાઈ કોટડીયા, હાર્દિકભાઈ કાનાણી ભરતભાઈ ગીડા, તાલુકા કોંગ્રેસ પ્રમુખો કોંગ્રેસ પક્ષના તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતાઓ નગરપાલિકા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત સભ્યો પૂર્વ સભ્ય જુદા જુદા જુદા કોંગ્રેસ પક્ષના સેલ સંસદી મતવિસ્તાર મહુવા ગારીયાધાર વિસ્તારના મહત્વના અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લામાં આર્ચરી જેવી રમતને પ્રોત્સાહન મળે તે હેતુથી સાપુતારા સ્પોર્ટ્સ સંકુલ ખાતે તાલીમ અપાઇ



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં આર્ચરી જેવી રમતને પ્રોત્સાહન મળે અને વિદ્યાર્થીઓ રમતમાં રસ દાખવી, કૌશલ્યનો વિકાસ કરે તે હેતુથી તારીખ 23/04/2024નાં રોજ સાપુતારા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. આર્ચરીને ડાંગ જિલ્લામાં વધારે વેગ મળે એના માટે એક પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.ત્યારે બાળકો અને શિક્ષકોને આર્ચરીની તાલીમ આપવામાં આવી હતી અને આ કૌશલ્યનો વિકાસ કઈ રીતે કરવો તે અંગેની સમજ પણ આર્ચરીનાં નિષ્ણાત કોચ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

# 51 પ્રજ્ઞાચક્ષુ પરિવારોને મેગા અનાજકીટનું વિતરણ

(એજન્સી) અમદાવાદ । તા. 24



શ્રીમતી હીનાબેન મુકેશભાઈ ઓઝા, શ્રી શહેનાઝબેન યાસીનઅલી વકીલ અને શ્રીમતી ચેતનાબેન પુનિતભાઈ ઓઝાનાં આર્થિક સહયોગથી ૫૧ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને શ્રી અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ અને શ્રી અંધ અભ્યુદય મંડળ ભાવનગર દ્વારા દ્વિતીય મેગા અનાજકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બંને સંસ્થાનાં પ્રમુખ શ્રી લાભુભાઈ સોનાણીએ લાભાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે જીલ્લાના પ્રજ્ઞાચક્ષુ ભાઈબહેનો પોતાનું જીવન સારીરીતે જીવી શકે તેવા પ્રયાસો સંસ્થા કરી રહી છે. ત્યારે તેનાજ ભાગરૂપે ત્રણેય દાતા પરિવાર તરફથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જીલ્લાના કુલ ૫૧ પરિવારોને દરમહિને નિયમિત રીતે અનાજકીટનું વિતરણ કરવામાં આવશે. જેમાં એક મહિનો ચાલે તેટલું અનાજ ઘઉં, ચોખા, તુવેરદાળ, મરચું, તેલ વિગેરે વસ્તુઓ આપવામાં આવે છે. પી.એન.આર.સોસાયટીનાં ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી પારસભાઈ શાહ (સેક્રેટરી જનરલ - પી.એન.આર.સોસાયટી), શ્રી મહાસુખભાઈ ઝકડીયા, શ્રી મહેશભાઈ પાઠક, શ્રી હર્ષકાન્તભાઈ રાખશીયા, શ્રી અંકિતા ચૌહણનાં વરદહસ્તે અનાજકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી શ્રી હસમુખભાઈ ધોરડાએ કર્યું હતું.

# ચાણસ્માના વસઈ ગામે ક્ષત્રીય સ્વાભિમાન મહાસંમેલન યોજાશે

ચાણસ્મા । તા. 24

ચાણસ્મા તાલુકાના વસઈ ગામે ગુરૂવારે સાંજે. ૫ વાગે ચાર જિલ્લા નૂં ક્ષત્રીય સ્વાભીમાન મહાસંમેલન યોજાશે જેમાં ક્ષત્રીય સમાજ ના અગ્રણી હરપાલસિંહજી મહિપાલ સિંહ સહીત ક્ષત્રીય સમાજ ના અગ્રણીઓ મહાસંમેલન માં ઉપસ્થિત ક્ષત્રીય સમાજ ની જનમેદની ને સંબોધન કરશે ક્ષત્રીય સ્વાભિમાન સંમેલનના મુખ્ય વક્તા ઈન્દ્રવિજ્ય સિંહ ગોહિલ અને હરપાલ સિંહ ચુડાસમા ઉપસ્થિત રહે છે.

## ઈકો સેન્સેટીવ ઝોનમાં જ અલગ-અલગ નિયમો

# સાસણમાં વન તંત્રની દેખતાં જ પ્લાસ્ટિકનો વેપલો : અનેક સવાલો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભવનાથમાં પ્રતિબંધ, પણ સાસણમાં વનતંત્રની દેખતાં પ્લાસ્ટિકનો વેપલો રાજ્યનાં બે અભયારણ્યમાં નિયમની અલગ-અલગ અમલવારી સામે ઉઠતા અનેક સવાલો, ગિરનારને ટાર્ગેટ કરવાની સાઝીશનો આક્ષેપ ગિરનાર તથા ભવનાથ ક્ષેત્રમાં પ્લાસ્ટીક ન જાય તે માટે તંત્રએ અશોક શિલાલેખ નજીક ચેકપોસ્ટ ઉભી કરી છે. જેની સામે અંબાજી મંદિરના મહંતે વિરોધ વ્યક્ત કર્યો છે. ભવનાથમાં પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઈકો સેન્સેટીવ ઝોન સાસણમાં પણ અમલમાં છે. ત્યાં તો વન વિભાગની ઓફિસ સામે જ પાણી બોટલ સહિતની પ્લાસ્ટીકની વસ્તુનું વેંચાણ થાય છે. એક રાજ્યમાં એક નિયમની અલગ-અલગ રીતે થતી અમલવારી સામે અનેક સવાલો ઊઠ્યા છે.




# મુસાફરોની માંગને ધ્યાનમાં રાખીને 25 એપ્રિલના રોજ પશ્ચિમ રેલવે સાબરમતી-પટના વિશેષ ટ્રેન દોડાવશે

(એજન્સી) અમદાવાદ । તા. 24

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી અને પટના વચ્ચે વિશેષ ભાડા પર વધુ એક વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 09477/09478 સાબરમતી-પટના-સાબરમતી સ્પેશિયલ (કુલ 2 ટ્રીપ) ટ્રેન નંબર 09477 સાબરમતી-પટના સ્પેશિયલ સાબરમતીથી ગુરુવાર, 25 એપ્રિલ 2024ના રોજ 23:30 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 08:30 કલાકે પટના પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09478 પટના-સાબરમતી સ્પેશિયલ 27 એપ્રિલ, 2024 શનિવારના રોજ પટનાથી 11:30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 19:40 કલાકે સાબરમતી પહોંચશે. રૂટ પર બંને દિશામાં, આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, ફુલેરા, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, સુલતાનપુર, જૌનપુર સિટી, વારાણસી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો રોકાશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ ના કોચ હશે. ટ્રેન નંબર 09477નું બુકિંગ 25 એપ્રિલ, 2024થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદ જિલ્લાના 569 માઇક્રો ઓબ્ઝર્વર માટે તાલીમનું આયોજન

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણી -2024 માટે આગામી ૭ મે -૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. અમદાવાદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ન્યાયી અને નિષ્પક્ષ રીતે લોકસભા ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં આજેય જિલ્લાના 21 વિધાનસભા મત વિસ્તાર માટે નિમાયેલા 569 માઇક્રો ઓબ્ઝર્વરની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ પાંચ લોકસભા મતવિસ્તારના નિરીક્ષકઓ દ્વારા માઇક્રો ઓબ્ઝર્વર્સને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. 5 સંસદીય મત વિસ્તારો માટે નિમાયેલા 569 માઇક્રો ઓબ્ઝર્વરની તાલીમનું આયોજન ચાર તબક્કામાં કરવામાં આવ્યું છે. આ તાલીમ ઓ.એન.જી.સી. અવની ભવન ખાતે યોજવામાં આવી છે.

# ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડામીએ રૂપપુર સહીતના ગામોનો ચૂંટણી પ્રવાસ ખેડ્યો

નિતીન ઠાકર | ચાણસ્મા



જેમ જેમ ચૂંટણી લોકસભાની ચૂંટણી ની મતદાન ની તારીખ નજીક આવી રહી છે ત્યારે ઉમેદવારો મતદારો ને રીઝવવા લોક સંપર્ક સાથે ચૂંટણી સભાઓ તેજ બનાવી છે. ત્યારે પાટણ લોકસભા બેઠકના ઉમેદવાર ભરતજી ડાભી એ બુધવારે સેવાળા સેઠાલ રૂપપુર સહીત ના ગામો એ ચૂંટણી પ્રવાસ ખેડ્યો હતો પરંતુ મતદારો મા નિરૂત્સાહને કારણે લોકોની ઓછી હાજરી જેવા મળી હતી જ્યારે ચાણસ્મા તાલુકાના કંબોઈ . જીતો ડા જાખાના વડાવલી સહિત ના ગામોએ ક્ષત્રીયોમાં રૂપાલાની કથિત વાણી વિલાશ ના કારણે ક્ષત્રીયોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે ચૂંટણી સભામાં નહિવત લોકો ની ઉપસ્થિતી, ચાણસ્મા ના જીતોડા કંબોઈ જાખાના વડાવલી માં ક્ષત્રીયો માં રૂપાલા ની કથીત વાણીવિલાશ નો રોષ દેખાયો છે.

# ક્લબ મહિન્દ્રાએ વિવિધ ટકાઉ પહેલ સાથે અર્થ ડે મનાવ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 24

ટકાઉપણા અને જૈવવિવિધતાના જતનમાં નોંધપાત્ર પગલાં લેવા માટે જાણીતી મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિમિટેડની ફ્લેગશિપ બ્રાન્ડ ક્લબ મહિન્દ્રાએ તેના બધા જ રિસોર્ટ્સ અને તેની આસપાસના સમુદાયમાં અનેક અસરપૂર્વકની પહેલ સાથે અર્થ ડે મનાવ્યો હતો. આ પહેલનો ધ્યેય ટકાઉ પ્રેક્ટિસીસને પ્રોત્સાહન આપવાનો તેમજ પૃથ્વી ગ્રહની સુરક્ષા કરે, સ્થાનિક સમુદાયોને મદદ કરે તથા તેમની કાર્બન ફૂટપ્રિન્ટ્સ ઘટાડે તેવી પર્યાવરણીય સભાન પસંદગીઓ માટે મુસાફરોને પ્રોત્સાહિત કરવાનો હતો.ટકાઉપણા માટે તેની પ્રતિબદ્ધતા રજૂ કરતા ક્લબ મહિન્દ્રાએ રિસોર્ટ્સની અંદર અને તેની ફરતે સ્વચ્છતા અભિયાન તથા પ્રિમાઈસીસની શોભા વધારે તેવી સુંદર હરિયાળી જાળવવા માટે વૃક્ષારોપણ જેવી અનેક પહેલ હાથ ધરી હતી.

Punjab & Sind Bank (A Govt. of India Undertaking) Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, જીઆઈએફટી ટાવર વન ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮૫૦૯

પરિશિષ્ટ-૧

બેંક બે બિડ સિસ્ટમ હેઠળ, જગ્યા માટે, ગ્રાઉન્ડ ફ્લોર, બ્રાન્ચ ઑફિસ માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝના ધોરણે ઑફર્સ આમંત્રિત કરે છે.

| ક્રમ | ગામો, શહેરો વિગેરેનું નામ | કાર્પેટ એરીયા (ચો.ફુટમાં) |
|---|---|---|
| ૧ | શાપર, જિલ્લો - રાજકોટ | ૬૦૦-૮૦૦ |
| ૩ | મહુવા (કુબેરબાગ અને વૃન્દાવન), જિલ્લો - ભાવનગર | ૧૦૦૦-૧૨૦૦ |

બિડસ જમા કરવાની તા. ૧૫-૦૫-૨૦૨૪ના રોજ અથવા તે પહેલા.
વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લો www.punjabandsindbank.co.in
ઝોનલ મેનેજર

ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ :- 05/2024 તારીખ :- 19-04-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

| ટેન્ડર નંબર :- 13245284 | જથ્થો :- 125 નંગ | ઈએમડી(રૂ) :શૂન્ય |
|---|---|---|

વર્ણન:- હળવા વજનના રેલ ડ્રિલિંગ મશીન માટે TCT કોર કટર 28 mm (RDSO સ્પષ્ટીકરણ નંબર :- TM/MM/LWRDM dt : 31-03-2014) મેક-શિફલર, જર્મન અથવા તેના જેવું.

ટેન્ડર ખુલવાની તારીખ :- 20-05-2024 : નોંધ :- (1) ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટના ટેન્ડરની સંપૂર્ણ માહિતી IREPS ની વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. (2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. (3) નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (4) જોડવાના તમામ ફોર્મ પર સહી કરવી આવશ્યક છે. કોઈપણ પ્રકારની તકનીકી સમસ્યાના ઉકેલ માટે, IREPS વેબસાઈટ હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે.

721/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

# અમદાવાદ ખાતે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીની અધ્યક્ષતામાં TIP સંદર્ભે બેઠક યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



અમદાવાદ ખાતે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીના અધ્યક્ષસ્થાને TIP (ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન) સંદર્ભે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસન અને જિલ્લા ચૂંટણી અધિકારી, કલેકટર પ્રવીણા ડી.કે. પણ ઉપસ્થિત રહ્યા હતા. મતદાર જાગૃતિ માટેના ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય એ દિશામાં કામ કરવા અમદાવાદ શહેર અને જિલ્લાના સામાજિક આગેવાનો, સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર, રેડિયો જોકી તથા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા લોકો સાથે બેઠક યોજવામાં આવી હતી. આ ઉપરાંત આજદિન સુધીમાં સ્વીપ એક્ટિવિટી અંતર્ગત થયેલા 'મતદાન જાગૃતિ' અભિયાન અંગે કરાયેલી કામગીરીની પણ સમીક્ષા કરાઇ હતી. આ બેઠકમાં મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીએ ઉપસ્થિત સૌ લોકોને 'મતદાન જાગૃતિ' અંગે સહભાગીથી કાર્ય કરવાની અપીલ કરી હતી. વધુમાં તેમણે મહત્તમ મતદાન થાય તે સંદર્ભે સૂચનો આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પી.ભારતીએ આ બેઠકમાં વધુમાં વધુ ફેમિલી વોટિંગ કરાવવા પર ભાર મૂક્યો હતો. મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસને લોકશાહીના આ પર્વની ઉજવણીમાં સહભાગી થઈ દેશહિતમાં મતદાન કરવા અને કરાવવા આહ્વાન કર્યું હતું. તેમણે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલ વ્યવસ્થાની માહિતી આપી હતી. આ ઉપરાંત કમિશનરએ સામાજિક આગેવાનો તથા સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર દ્વારા મતદાન અંગે જાગૃતતા લાવવા ભાર મૂક્યો હતો. TIPની આ બેઠકમાં મતદાન અંગે જાગૃતતા લાવવા કરાયેલા કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી. જેમાં વિધાનસભા વાઇઝ 10 જેટલા બુથો કે જ્યાં ઓછું મતદાન થતું હોય તેવા વિસ્તારોમાં મતદાન વધારવા અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.



# કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં સોશ્યલ મીડિયાકર્મીઓ સાથે બેઠક યોજાઇ

દિપક રાવલ | દાહોદ

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ ને ધ્યાને રાખી વહીવટી તંત્ર અનેકવિધ પ્રવૃત્તિઓ કરીને મતદાન કરવા માટે લોક જાગૃતિ માટેના સંદેશ આપી રહ્યું છે ત્યારે સોશ્યલ મીડિયા પણ એને લઈને કેટલું સતર્ક છે અને એની કામગીરી સાથે સોશ્યલ મીડિયા દ્વારા સમાજ પર પડતા પ્રભાવની સમીક્ષા કરવા માટે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં સોશ્યલ મીડિયાકર્મીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ સોશ્યલ મીડિયાકર્મીઓને સંબોધતાં કહ્યું હતું કે, સોશ્યલ મીડિયા એ કોમ્યુનિકેશન માટેનું સૌથી મોટુ પ્લેટફોર્મ છે. જેનો સામાન્યમાં સામાન્ય માણસ પણ તેનો ઉપયોગ કરતો હોય છે. જેથી આવનાર ચૂંટણીને લઇને સમાજના લોકો મતદાન કરવા પ્રેરિત થાય તે હેતુથી સોશ્યલ મીડિયા એ પણ પોતાના તરફથી કોઈ પહેલ કરવી જોઈએ. સોશ્યલ મીડિયાનો પ્રભાવ સમાજ પર સૌથી વધુ હોય છે. તે જોતાં ચૂંટણી અંગેની જાણકારી સહિત અચૂક મતદાન કરવા માટેનો સંદેશો પ્રત્યેક વ્યક્તિ પાસે પહોંચી શકે અને જિલ્લાના કોઈપણ મતદાર મત આપવાથી વંચિત રહે નહીં તે માટે મતદાન જાગૃતિ માટે સોશ્યલ મીડિયાથી સમાજ પર હકારાત્મક અસર થાય તેવા શુભ આશયથી તમામ સોશિયલ મીડિયાએ સમાજ પર પડેલા પોતાના પ્રભાવનો સદુપયોગ કરી સૌ મતદારો સો ટકા મતદાન કરે તેવા કન્ટેન્ટ રજૂ કરવા જરૂરી છે. તેમણે દિવ્યાંગજનો, મહિલાઓ, વયોવૃદ્ધ મતદારો તેમજ પહેલી વાર મત આપનાર મતદારોને કેન્દ્રમાં રાખીને તેમજ સોસાયટીને હાઈ લાઈટ કરીને મતદાન માટેના તેમના પોતાના અભિપ્રાય લઇ મતદાન અંગેની મહત્વતા જણાવી તેઓને મત આપવા પ્રેરિત થાય તેવા કન્ટેન્ટ રેડી કરી અપલોડ કરવા જણાવ્યું હતું. આ બેઠક દરમ્યાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીસુશ્રી હેતલ વસૈયા, નાયબ માહિતી નિયામકશ્રી સુરેન્દ્રભાઈ બલેવીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એ. એ. બારીયા તેમજ સોશ્યલ મીડિયા ઓપરેટ કરતા સોશ્યલ મીડિયાકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કોટક મહિન્દ્રા બેન્કના કોર્પોરેટ સામાજિક ઉત્તરદાયિત્વ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અભિયાનનો શુભારંભ કરાવ્યો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા કોટક મહિન્દ્રા બેન્કના કોર્પોરેટ સામાજિક ઉત્તરદાયિત્વ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. શ્રી શ્રી રવિશંકરના આર્ટ ઓફ લિવિંગના વ્યક્તિ વિકાસ કેન્દ્રના માધ્યમથી આણંદ જિલ્લાના 100 ગામોમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રશિક્ષણ અને પ્રેરણા આપવાનું અભિયાન શરૂ કરાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આ અવસરે કહ્યું કે, ગ્લોબલ વૉર્મિંગ માટે રાસાયણિક ખેતી વિશેષ જવાબદાર છે. રાસાયણિક ખાતરમાં રહેલું નાઈટ્રોજન ખેતરમાં ખાતરના છંટકાવ વખતે હવામાંના ઓક્સિજનના સંપર્કમાં આવે છે ત્યારે નાઈટ્રસૉક્સાઈડ બને છે, જે કાર્બનડાયોક્સાઇડ કરતાં 312 ગણો વધારે ખતરનાક છે. ઑર્ગેનિક-જૈવિક ખેતીમાં મિથેન ગેસ ઉત્પન્ન થાય છે, જે કાર્બનડાયોક્સાઇડ કરતાં 22 ગણો વધારે ખતરનાક છે. પર્યાવરણને પારાવાર નુકસાન પહોંચાડતી રાસાયણિક ખેતી અને ઑર્ગેનિક ખેતી છોડીને ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે એ સમયની માંગ છે. તેમણે કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા સીએસઆર પ્રવૃત્તિઓ અંતર્ગત થતા સદ્કાર્યોની સરાહના કરી હતી.

# સાપુતારા ઘાટમાર્ગનાં સાઈડમાં અજાણી વ્યક્તિની ડી કમ્પોઝ હાલતમાં લાશ મળી

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા-માલેગામ ઘાટમાર્ગનાં વળાંકમાં આજરોજ અજાણી ઇસમની ડી-કમ્પોઝ હાલતમાં લાશ હોવાની જાણ સાપુતારા પોલીસની ટીમને થતા પી.એસ.આઈ.એન.ઝેડ.ભોયા સહિત પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.સાપુતારા પોલીસની ટીમે ડી-કમ્પોઝ હાલતમાં પડેલ લાશ કોની છે.અને ક્યાંથી આવી તે અંગેની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સુરતનું સંગઠન ખૂબ જ મજબૂત હોવાને કારણે ચૂંટણી જીતવામાં ભાજપને વધુ કોઈ મુશ્કેલી થતી નથી

# સુરત લોકસભા બેઠક બિનહરીફ જીતી ગયા બાદ હવે રાજકોટ, ભાવનગર, અમરેલી નિશાને



(એજન્સી) સુરત | તા 24

સુરત લોકસભા બેઠક ઉપર મહદઅંશે દબદબો ભારતીય જનતા પાર્ટીનો રહ્યો છે. સુરતનું સંગઠન ખૂબ જ મજબૂત હોવાને કારણે ચૂંટણી જીતવામાં ભાજપને વધુ કોઈ મુશ્કેલી થતી નથી. વિધાનસભાની ચૂંટણી હોય, કોર્પોરેશનની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય સંગઠન ખૂબ સારી રીતે કામ કરે છે અને તેનું પરિણામ પણ મળતું હોય છે. હાલ જ્યારે સુરત લોકસભા બેઠક બિનહરીફ જાહેર કરવામાં આવી છે ત્યારે સુરતના હોદ્દેદારો અને કાર્યકર્તાઓનો ઉપયોગ કરવાનો એક્શન પ્લાન તૈયાર કરી દેવાયો છે. સુરત સંગઠનની ટીમ ફરી વળશે સુરત શહેરમાં રાજ્યભરના અલગ અલગ જિલ્લાના લોકો હજારોની સંખ્યામાં વસવાટ કરે છે. જેને કારણે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા સુરતના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ જે જિલ્લામાંથી આવે છે તે જિલ્લાનું એક માળખું તૈયાર કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને જે તે લોકસભા બેઠકની જવાબદારી સોંપવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. સુરતમાં હવે રાજકીય રીતે કોઈ વધુ કામ ન હોવાને કારણે સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાં કાર્યકર્તાઓની ફોજ ખડકી દેવામાં આવશે. ખાસ કરીને રાજકોટ, ભાવનગર, અમરેલી જિલ્લામાં ક્ષત્રિય સમાજના રોષને કારણે જે સ્થિતિ ઊભી થઈ છે તે જોતા ભાજપના સંગઠનને ત્યાં ઉપયોગમાં લેવા માટે જવાબદારી આપવામાં આવી છે. પાટીદાર અને ક્ષત્રિય આગેવાનોની યાદી તૈયાર

સુરત શહેરથી ક્ષત્રિયો અને પાટીદાર આગેવાનોની આખી યાદી તૈયાર કરી દેવામાં આવે છે. સૌરાષ્ટ્રના અલગ અલગ લોકસભા બેઠક ઉપર વિધાનસભા પ્રમાણેની જવાબદારી સોંપવામાં તખ્તો તૈયાર કરી દેવામાં આવ્યો છે. સુરતમાં ખૂબ મોટા પ્રમાણમાં પાટીદાર અને ક્ષત્રિય કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટી પાસે છે તેનો ઉપયોગ હવે તેવો અલગ અલગ બેઠકો પર કરવા જઈ રહ્યા છે. ખાસ કરીને વરાછા અને કામરેજ વિધાનસભાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની પસંદગી કરવામાં આવી છે. ગ્રુપ મિટિંગ અને ખાટલા બેઠક કરવા આદેશ પાર્ટી સંગઠન દ્વારા ક્ષત્રિય સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓને કોઈ મોટી મિટિંગોમાં કે જાહેર પ્રચાર કરવાને બદલે માત્રને માત્ર સમાજના વડીલો અને યુવાઓ તેમજ મહિલાઓને મળીને ગ્રુપ મિટિંગ કરવા માટેની તૈયારી કરવાનું સૂચન કરી દેવાયો છે. વન ટુ વન વ્યક્તિઓને મળવાનો આગ્રહ રાખવાનું બેઠકોમાં પણ ખૂબ જ હળવાશના મૂડથી લોકોનો સંપર્ક કરવા કહ્યું છે.

## ન્યૂઝ કોર્નર

### મહિલા અને માતાના ગર્ભમાં બાળકનું મોત

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી બાલાજી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ડિલિવરી માટે આવેલી મહિલા અને ગર્ભમાં રહેલા બાળકનું સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારજનોએ ગંભીર આક્ષેપો કર્યા હતા. હાલમાં પોલીસે અકસ્માતે મોત અંગે ગુનો નોંધી પેનલ કાર્યવાહી હાથ ધરી છે. હોસ્પિટલની બેદરકારી છે કે કેમ તે અંગે રિપોર્ટ બાદ વધુ કાર્યવાહી કરવામાં આવશે.વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા 41 વર્ષીય અંકિતાબેન મયુરભાઈ સુભાનપુરા વિસ્તારમાં આવેલી બાલાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા.

### કરોડની છેતરપિંડીના ગુનાનો વોન્ટેડ આરોપીને ગોવાથી ઝડપ્યો

વડોદરા શહેરમાં એસઓજી દ્વારા શહેરમાંથી રૂપિયા 1,39,00,000 ના રોકડ નાણા સાથે ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. અને તપાસ દરમ્યાન પકડાયેલ આરોપી રીષી તુષાર આરોઠેના વિરૂધ્ધમાં વડોદરા શહેરના રાવપુરા, માંજલપુર અને વલસાડમાં અલગ અલગ ચિટીંગના કેસો થયેલ છે. જેમા ફરીયાદીઓને લોભલાલચ આપી આશરે રૂપિયા 1 કરોડથી વધુની રકમ મેળવી લીધેલ હતી.

### 'ગામમાં કોઈ છોકરી આપવા તૈયાર નથી

વડોદરાના લસુન્દ્રા ગામમાં છેલ્લા 50 વર્ષથી પાણીની સુવિધા ન હોવાના કારણે મહિલાઓ આજે રણચંડી બની છે. મહિલાઓને પાણી માટે 2 કિલોમીટર જવું પડે છે. સ્થાનિકો દ્વારા સંબંધિત વિભાગો, તાલુકા જિલ્લા સદસ્યો, ધારાસભ્ય સહિત અનેક લોકોને રજૂઆતો કરવા છતાં પાણીનો પ્રશ્ન હલ કરવામાં આવતો નથી. ગામમાં તળાવ છે, નળ છે, બોર છે પરંતુ પીવાલાયક પાણી ક્યાંય આવતું નથી. સ્થાનિક મહિલાનું કહેવું છે કે, પાણીની સમસ્યાના કારણે ગામમાં કોઈ છોકરી આપવા તૈયાર થતું નથી અને વોટના નામે આવવું નહીં કોઈ તેવું સ્પષ્ટ કહી પણ દીધું છે. સાવલી તાલુકાના લસુન્દ્રા ગામની મહિલાઓએ જણાવ્યું હતું

# સુરતના પાંડેસરા વિસ્તારમાં એક બાઈક ચાલક દ્વારા યુવકને અડફેટે લઈને ઉડાવી દીધો

(એજન્સી) સુરત | તા 24



સુરતના પાંડેસરા વિસ્તારમાં એક બાઈક ચાલક દ્વારા યુવકને અડફેટે લઈને ઉડાવી દીધો હતો. અકસ્માતના પગલા આસપાસથી દોડી આવેલા લોકોએ યુવકને સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, આ યુવક પરિવારમાં કમાવનાર એકનો એક હતો. જેથી પરિવારે આર્થિક સહારો ગુમાવ્યો છે ત્યારે બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. સુરત રોજગારીની શોધમાં આવ્યો હતો મળતી માહિતી પ્રમાણે, મૂળ યુપી અને સુરતમાં પાંડેસરા વિસ્તારમાં આવેલી માતૃભૂમિ સોસાયટીમાં 40 વર્ષીય વિજયપથ ચૌધરી રહેતો હતો. પરિવારમાં માતા-પિતા, પત્ની અને બે પુત્રો છે. વિજય સુરતમાં શાળા સાથે રહેતો હતો અને કન્ટ્રક્શન સાઈટ પર સુપરવાઈઝર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બે વર્ષ પહેલા જ વતનથી સુરત રોજગારીની શોધમાં આવ્યો હતો. ચાલક ફરાર થઈ ગયો ગતરોજ કન્ટ્રક્શન સાઈડ પરથી સાંજે ઘરે પરત ફરી રહ્યો હતો. દરમિયાન પાંડેસરા વિસ્તારમાં આવેલી પેલેસ નગર ચોકડી ખાતે વિજયને એક બાઈક ચાલકે અડફેટે લીધો હતો. ત્યાર બાદ બાઈક (GJ 05 HV 4338) ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે આસપાસથી દોડી આવેલા લોકોએ 108 મારફતે વિજયને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

**બે સંતાનોએ પિતા ગુમાવ્યા:** વિજયને સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરી દેવામાં આવ્યો હતો. જ્યાં વિજયનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. વિજયના મોતની જાણ થતા વતનમાં રહેલા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, વિજય પરિવારમાં એકનો એક કમાવનાર હતો. જેથી પરિવારે આર્થિક સહારો ગુમાવ્યો છે. જ્યારે બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.





**પોલીસે શોધખોળ હાથ ધરી :**મૃતક વિજયના શાળા સુરેશ ચૌધરીએ જણાવ્યું હતું કે, વિજયના મોતના પગલે પરિવારે કમાઉ દીકરો જ ગુમાવી દીધો છે. વિજયના મોતના પગલે પાંડેસરા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બાઈકનો નંબર પણ આપવામાં આવ્યો છે. બાઈક ચાલક ફરાર થઈ ગયો હતો. જેથી પોલીસ તેની શોધખોળ કરી રહી છે. પરિવારમાં માતા-પિતા, પત્ની અને બે પુત્રો છે. વિજય સુરતમાં શાળા સાથે રહેતો હતો અને કન્ટ્રક્શન સાઈટ પર સુપરવાઈઝર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બે વર્ષ પહેલા જ વતનથી સુરત રોજગારીની શોધમાં આવ્યો હતો. ચાલક ફરાર થઈ ગયો ગતરોજ કન્ટ્રક્શન સાઈડ પરથી સાંજે ઘરે પરત ફરી રહ્યો હતો. દરમિયાન પાંડેસરા વિસ્તારમાં આવેલી પેલેસ નગર ચોકડી ખાતે વિજયને એક બાઈક ચાલકે અડફેટે લીધો હતો.

# કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણી ચૂંટણી પૂરી થયા પછી ભાજપમાં જોડાશે

(એજન્સી) સુરત | તા 24

કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણી લોકસભાની ચૂંટણી પૂરી થયા પછી ભાજપમાં જોડાશે. મંગળવારે સવારથી કુંભાણી ભાજપમાં જોડાવાની ચર્ચાએ જોર પકડ્યું હતું, પરંતુ ભાજપની સ્ક્રીપ્ટ પ્રમાણે તેમને ચૂંટણી પછી જ પક્ષમાં સામેલ કરાશે. ફોર્મ રદ થયા બાદ સુરતમાંથી ગાયબ થઈ ગયેલા નીલેશ કુંભાણી મુંબઈ પહોંચી ગયા હોવાનું આધારભૂત સૂત્રોનું કહેવું છે અને ચૂંટણી પછી જ તેમને સુરત આવવાની સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે. તેમનું ઘર છેલ્લા બે દિવસથી બંધ છે. મંગળવારે સવારે સ્થાનિક લોકોએ તેમના ઘરે 'કુંભાણી જનતાનો ગદ્દાર, લોકશાહીનો હત્યારો' હોવાનાં પોસ્ટરો પણ ચોંટાડી દીધાં હતાં. બીજી તરફ, કોંગ્રેસના પ્રવકતા નૈષધ દેસાઈએ કહ્યું હતું કે, 'અમે નીલેશ કુંભાણીને શોધી રહ્યા છીએ. હવે તેઓ અમારા સંપર્કમાં રહ્યા નથી.'

સુરત લોકસભાની બેઠક ભાજપ માટે બિનહરીફ જાહેર થઈ છે. કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીનું ફોર્મ ટેકેદારોની ખોટી સહીના કારણે રદ થયું હતું અને ભાજપના મુકેશ દલાલ સામે અપક્ષો અને અન્ય પાર્ટીઓના કુલ આઠ ઉમેદવારોએ પોતાનાં ફોર્મ પાછા ખેંચી લેતાં મુકેશ દલાલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં સુરત જ એક એવી બેઠક છે જ્યાં કોર્પોરેશન અને વિધાનસભાની ચૂંટણીમાં વોટશેરની ટકાવારીમાં પહેલા નંબરે ભાજપ છે અને બીજા નંબરે આમ આદમી પાર્ટી છે અને ત્રીજા નંબરે કોંગ્રેસ આવે છે છતાં આપ અને કોંગ્રેસના ગઠબંધનમાં આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીને ટિકિટ આપવામાં આવી છે, જેમણે પહેલેથી જ ભાજપ સાથે ગોઠવણ કરી દીધી હોય તેવી રીતે અંગત વ્યક્તિઓને ટેકેદાર તરીકે રાખતાં ફોર્મ રદ થઈ ગયું હતું. અમે નીલેશ કુંભાણીને શોધીએ છે પણ મળતા નથી કુંભાણી સાથે મારી મુલાકાત 20મીએ ફોર્મ ચકાસણીના દિવસે અને 21મીએ ચુકાદો જાહેર કરાયો ત્યારે થઈ હતી. ત્યાર બાદથી કુંભાણી કયાં છે એની અમને કોઈને ખબર નથી.

અમે પણ તેમને શોધી રહ્યા છે, પરંતુ મળતા નથી તો શું કરીએ? » નૈષધ દેસાઈ, કોંગ્રેસ પ્રદેશ પ્રવકતા મુકેશ દલાલ બિનહરીફ થતાં ભાજપનું એક જૂથ નારાજ, આપે કહ્યું 'ગદ્દાર કુંભાણી વૈષ્ણોદેવી જવાની ફિરાકમાં છે'

સુરત ભાજપનું એક જૂથ મુકેશ દલાલ બિનહરીફ થતાં નારાજ થયું હોવાનું જોવા મળી રહ્યું છે. આ જૂથના કેટલાક નેતાઓ તો મુકેશ દલાલને બિનહરીફ થતા રોકવા માટે પ્રયાસો કર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. જો ચૂંટણી થઈ હોત તો કદાચ અગાઉ કરતા મુકેશ દલાલની લીડ ઓછી થઈ શકી હોત.

# અંગોનું ટ્રાન્સપ્લાન્ટ: વેલંજાના બ્રેનડેડ યુવકના હાથ, હૃદય, લિવરનું દાન

સુરત | તા 24

વ્યારા નજીક બાઈકને અકસ્માત નડતા ગંભીર ઘવાયેલા વેલંજાના રત્નકલાકારને બ્રેનડેડ જાહેર કરાયા બાદ પરિવારે તેમના અંગોનું દાન કરી 3ને નવજીવન આપ્યું છે. તેમના બન્ને હાથનું ટ્રાન્સપ્લાન્ટ મુંબઈની હોસ્પિટલમાં 19 વર્ષના યુવકમાં અને હૃદય અને લિવરનું અન્ય બે જરૂરીયાતમંદ દર્દીમાં કરાયું છે. અમરેલીના કુકાવાવના જંગર ગામના વતની અને વેલંજા શુભમ રો-હાઉસ ખાતે રહેતા નવનીત નાથાભાઈ વસાણીની ગત 19મીએ બાઈકને અકસ્માત નડ્યો હતો. જેથી વ્યારાની સિવિલથી સુરત સિવિલ બ્રેનડેડ જાહેર કર્યા હતા. હોસ્પિટલના ચેરમેન ડો. નિલેશ માણીયાએ જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના વિપુલ તળાવીયાને કરી હતી.

# કીમમાં 14 વર્ષીય તરૂણીના દુષ્કર્મ કેસમાં આધેડને 20 વર્ષની સજા

સુરત | તા 24

કીમમાં 14 વર્ષની સગીરા પર બળાત્કાર ગુજારી તેને બાળકની માતા બનાવનારા 52 વર્ષના આરોપીને કોર્ટ 20 વર્ષની સજાનો હુકમ કર્યો હતો. કોર્ટે પિડિતાને 3.50 લાખ વળતર અને 50 હજારનો દંડનો હુકમ કરાયો હતો. સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ આરોપીને કડક સજા કરવા દલીલો કરી હતી. આ કેસમાં પીડિતી જુબાની, મેડિકલ એવિડન્સ અને ડીએનએ ટેસ્ટમાં આરોપી કસુરવાર પુરવાર થયો હતો અને ગુનાની એક પછી એક કડી જોડાઈ ગઈ હતી. કોર્ટે નોંધ્યુ હતુ કે બાળકીએ જે માનસિક યાતના ભોગવી છે તેને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. કીમમાં રહેતી 14 વર્ષની સગીરાને 3 ઓક્ટોબર, 2023ના આરોપી નાથુજી નંદાજી કુમાવતે (રહે. ઓલપાડ, મૂળ. કરેડા, ભિલવાડા, રાજસ્થાન) બળાત્કાર ગુજારી બાકીના 10 રૂપિયા આપ્યા હતા અને કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેમાં ધરપકડ કરાઈ હતીકોર્ટે પિડિતાને 3.50 લાખ વળતર અને 50 હજારનો દંડનો હુકમ કરાયો હતો. સરકાર પક્ષે એપીપી દિપેશ દવેએ આરોપીને કડક સજા કરવા દલીલો કરી હતી.

# ખેડૂતોએ લૂ સામે રક્ષણ મેળવવા જમીનમાં ભેજ જાળવવો

(એજન્સી) તા 24 | બારડોલી

ઉનાળાના બળબળતા તાપ વચ્ચે ખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવ (લૂ)થી બચી શકે તે માટે ખેતી નિયામકની કચેરી દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે. આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું. ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં માટે પાકનાં અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે બની શકે તો ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમિયાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી. રીંગણમાં પાન કથિરીના નિયંત્રણ માટે પ્રોપાર્ગાઈટ 57 ઈસી 20 મિલી અથવા ફેનાઝાક્વીન 10 ઈસી ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. કેળા, દાડમ, લીંબુ, આંબાના બગીચામાં યોગ્ય ભેજ જાળવવા તથા તાપની અસર ના થાય તે માટે સાંજ અથવા સવારના સમયે ટૂંકા અંતરે હળવું પિયત આપવું તથા પાક અવશેષોનું આવરણ કરવા જણાવાયું છે.

# આરોપીને છોડાવવા 5 લાખ લેતાં ASI સાગરનો ભાઈ ઝડપાયો

(એજન્સી) તા 24 | સુરત

ઈકોસેલનો ASI સાગર પ્રધાન 5 લાખની લાંચમાં ભેરવાયો છે. લાંચની રકમ લેવા તેણે ભાઈને મોકલ્યો હતો. આથી નવસારી એસીબીએ અલકાપુરી સર્કલ પાસે છટકું ગોઠવ્યું હતું ત્યારે ઉત્સવ પ્રધાન (રહે, કતારગામ) 5 લાખની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો. જો કે, ટ્રેપની ખબર પડી જતા સાગર ભાગી ગયો છે. વર્ષ 2020માં ભરતી થનારા ASI સાગરનો પગાર 26 હજાર છે.

સાગર 1.84 કરોડના ગોલ્ડ કેસની તપાસ કરતો હતો 1.84 કરોડનું સોનું ચાંઉ કરી જતા મુંબઈના વેપારીએ કતારગામના ઝવેરી સામે ગુનો નોંધાવ્યો હતો. જેમાં સાગરે આરોપી વેપારીને પકડી પાડ્યો સાથે ભાગીદારને પણ લઈ આવી હતી. સામાન અને ભાગીદારને છોડવા તેણે 15 લાખ માંગ્યા હતા.

મુંબઈથી પરત ફરી લાંચ લેવાનો તખ્તો ઘડ્યો હતો ઠગાઈના ગુનામાં આરોપીને પકડવા ASI સાગર મંગળવારે સવારે પીએસઆઈ સાથે મુંબઈ ગયો હતો. મુંબઈથી સાંજે પરત ફર્યો હતો. ત્યાર પછી તેણે લાંચની રકમ લેવા માટે પોતાના ભાઈને મોકલ્યો હતો. જો કે, છટકું ગોઠવાયું હોવાની ખબર પડી જતા તે ભાગી છૂટ્યો હતો.

**બ્રેકિંગ ન્યૂઝ**

## સુરતમાં 5100 કિલોનો લાડુ બનાવાયો

સુરત | સુરતમાં હનુમાન જન્મોત્સવની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. સુરતના પાલ વિસ્તારમાં આવેલા અટલ આશ્રમમાં ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અટલ આશ્રમમાં સંતોના સન્માનની સાથે આશ્રમમા મહંત બટુકગીરીજી બાપુની પારદતુલા કરવામાં આવી હતી. સાથે જ હનુમાન જન્મોત્સવ નિમિત્તે 5100 કિલોનો મહા લાડુ બનાવવામાં આવ્યો હતો. હનુમાનજીને ભોગ ધરાવી પ્રસાદ સ્વરૂપે સમગ્ર દિવસ દરમિયાન તમામ ભક્તોને આપવામાં આવ્યો હતો.

## અમરોલીમાં પરિણીત યુવકે દિવ્યાંગને ગર્ભવતી બનાવી

અમરોલી | અમરોલીના છાપરાભાઠા શ્રમ વિસ્તારમાં રહેતી પિતા વગરની દિવ્યાંગ યુવતી પર પડોશમાં રહેતા એક સંતાનના પિતાએ બળાત્કાર કર્યો છે. યુવતીને 3 મહિનાનો ગર્ભ છે. તબીબી તપાસ માટે યુવતીને લઈ જતા રેપનો મામલો સામે આવ્યો છે. આ અંગે અમરોલી પોલીસે યુવતીના પરિવારની ફરિયાદ લીધી છે. જેના આધારે પોલીસે પડોશી પ્રદીપ ધર્મરાજ પટેલ(29)ની સામે રેપ અને ધમકીનો ગુનો નોંધી ધરપકડ કરી છે. આરોપી પરિણીત છે અને એક સંતાનનો પિતા છે પ્રદીપ એમ્બ્રોઈડરીના કારખાનામાં કામ કરે છે અને યુપીનો રહેવાસી છે.

# ભટારના પ્રિન્ટિંગ યુનિટના બે માળમાં આગ મશીનરી અને પુઠા-પેપર રોલનો જથ્થો ખાખ

(એજન્સી) તા 24 | સુરત

ઉધના-મગદલ્લા રોડ ખાતેના ભટાર ગાંધી કુટીરની સ્વામી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં આવેલા એક પ્રિન્ટીંગ યુનિટમાં સોમવારે મોડી રાત્રે આગ ભભૂકી ઉઠી હતી. દાદરમાં મુકેલા પેપરના રોલ પહેલા માળે લાગેલી આગની લપેટમાં આવી જતા આગ બીજા માળ સુધી પ્રસરી હતી. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

અઢી કલાકની જહેમત બાદ ફાયરબ્રિગેડે આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો. જોકે આગની આ ઘટનામાં પહેલો માળ અને બીજો માળ સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયો હતો. પ્રિન્ટીંગ યુનિટમાં સ્ટોક કરેલા પેપરના રોલ, પ્રિન્ટીંગની મશીનરી, પુઠા, વાયરીંગ સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. શોર્ટસર્કિટથી આગ લાગ્યાની શક્યતા વ્યક્ત કરાઈ છે. યોગીચોક પાસે કપડાના ગોડાઉનમાં આગ યોગીચોક મંત્ર સ્ક્વેરના બીજા માળે ઓનલાઈન રેડીમેડ કપડાના ગોડાઉનમાં બુધવારે મળસ્કે આગ ભભૂકી ઉઠી હતી. બીજા માળે લાગેલી આગનો ધુમાડો ચોથા માળે હોસ્પિટલ સુધી પહોંચતા હોસ્પિટલમાં દાખલ દર્દી તેમજ સગાસંબંધીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ફાયરે એક કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. જોકે, ગોડાઉનમાં મુકેલા રેડીમેડ શર્ટનો મોટો જથ્થો, એલીવેશન, બળીને ખાખ થઈ ગયું હતું. સદનસીબે, જાનહાની થઈ ન હતી. શોર્ટસર્કિટથી આગની શક્યતા છે. કતારગામમાં ઘરમાં ચાર્જીંગમાં મુકેલી ઈ બાઈકની બેટરીમાં ઓવરહીટથી આગ ભભૂકી ઉઠી હતી. બેટરીમાંથી ધુમાડો નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જોકે ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલા પરિવારે આગ પર કાબુ મેળવી લીધો હતો.

### કેસર કેરીનો કિલોનો ભાવ 250 રૂપિયા ને રસનો માત્ર 180

# ફૂડ વિભાગે 12 દુકાનોમાં મેંગો મિલ્ક શેકનાં નમૂનાં લેબમાં મોકલ્યાં

(એજન્સી) તા 24 | સુરત

હજુ બજારમાં જોઈએ એટલી કેરી આવી નથી, જ્યાં મળે છે ત્યાં ભાવ આસમાને છે ત્યારે ઉનાળો શરૂ થતાં શહેરમાં કેરીના રસનું ઠેર-ઠેર વેચાણ શરૂ થઈ ગયું છે. જો કે, નવાઈની વાત એ છે કે હાલમાં બજારમાં કેસર કેરીનો ભાવ 200થી 250 રૂપિયે કિલો છે ત્યારે અનેક દુકાનોમાં રસ માત્ર 140થી 180 રૂપિયે કિલો વેચાઈ રહ્યો છે. જેથી ભેળસેળની આશંકાએ પાલિકાના ફૂડ વિભાગે સક્રિય થઈને 12 દુકાનોમાં ચેકિંગ કરી મેંગો મિલ્ક શેકનાં 17 નમૂનાં લઈ લેબમાં મોકલ્યાં છે. કેટલાક દુકાનદારો રસમાં ખાંડ અને દૂધ ઉમેરતા હોય છે. સાથે તેમાં કેટલાક એસેન્સ અને કલર પણ મેળવતા હોવાની ફરિયાદ છે. 7 દિવસે પણ અનાજ અને કઠોળના રિપોર્ટ બાકી

16 એપ્રિલે જથ્થાબંધ અનાજના 15 વેપારીને ત્યાંથી 17 નમૂના અને 18 એપ્રિલે 17 દુકાનોમાંથી મરી મસાલાનાં 19 નમૂનાં લેવાયાં હતાં, જેને પાલિકાની જ લેબમાં પરીક્ષણ



માટે મોકલાયા હોવા છતાં હજુ સુધી રિપોર્ટ આવ્યો નથી. પહેલાં ચારેક દિવસમાં રિપોર્ટ આવી જતા હતા પણ હાલ વિલંબ થઈ રહ્યો છે.

આ દુકાનોમાંથી નમૂનાં લેવાયાં, રિપોર્ટ 3 દિવસ બાદ આવશે જૈન મેંગો જ્યુસ (31, અમીઝરા શોપિંગ, અઠવાલાઈન્સ) મદનલાલ રસ (35-બી પંડોળ કો ઓપ. સોસાયટી વેડ રોડ) શિવ ખમણ-ફરસાણ ઘર (પ્લોટ નં. 5, પ્રગતિનગર, અડાજણ) શ્રી ગોકુલ રસ ભંડાર (દુકાન નં-36 પંડોળ ઈન્ડસ્ટ્રીઝ, વેડ રોડ) ઓમ ગોકુલ રસ ભંડાર (પ્લોટ નં-7, પંડોળ શોપિંગ, વેડ રોડ) ન્યૂ ગોકુલ રસ કેન્દ્ર (સી ટેનામેન્ટ પાછળ, ગોટાલાવાડી) મોરડીયા રસ ભંડાર (તુલશીશ્યામ સોસા, પુણા ગામ) મોરડીયા રસ ભંડાર (દુકાન નં સી-45, રાધેશ્યામ સોસાયટી, સિંગણપોર ચાર રસ્તા, વેડ રોડ) ગોકુલ રસ (દુકાન નં-2, વાસુદેવ નગર, વેડ રોડ) શ્રી બ્રહ્માણી એગ્રો ફૂડ પ્રોડક્ટ (દુકાન નં.2, પ્રવેગ એપ્ટ સામે. એલપી સવાણી રોડ)

હરે કૃષ્ણ રસ (દુકાન નં.જી-5, રિયલ કેદાર ભવન, હની પાર્ક) ગોકુલ રસ ભંડાર (દુકાન નં-37 પંડોલ ઈન્ડસ્ટ્રીઝ, વેડ રોડ)

# ભાવનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે 46,200 મતપત્ર છપાવાશે

(એજન્સી) ભાવનગર | તા.24

ભાવનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે તૈયારીનો ધમધમાટ ચાલી રહ્યો છે અને ઉમેદવારનુ ચિત્ર સ્પષ્ટ થઈ જતા મતપત્રોનુ છાપકામ શરૂ થય ગયુ હોવાનુ સુત્રો પાસેથી જાણવા મળેલ છે. ઈવીએમ બેલેટ પેપર, ટેન્ડર બેલેટ પેપર અને પોસ્ટલ મત પત્રોનુ છાપ કામ થોડા દિવસમાં પૂર્ણ થઈ જશે અને ત્યારબાદ ઈવીએમ તૈયાર કરવામાં આવશે. લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી તા. ૭ મે યોજાનાર છે. ભાવનગર લોકસભા બેઠક પર ૧૩ ઉમેદવાર ચૂંટણી લડવાના છે. ઉમેદવાર નક્કી થઈ જતા મતપત્રોનુ છાપકામ શરૂ થય ગયુ છે. ભાવનગરની બેઠક માટે કુલ ૪૬,૨૦૦ મતપત્રનુ છાપકામ થશે, જેમાં ઈવીએમ બેલેટ પેપર અને ટેન્ડર બેલેટ પેપરનો સમાવેશ થાય છે. ભાવનગર લોકસભા બેઠકમાં કુલ ૧૯૬૫ મતદાન મથક છે અને એક મતદાન મથક પર ૧ ઈવીએમ બેલેટ પેપર તેમજ ૨૦ ટેન્ડર બેલેટ પેપર ફાળવવામાં આવશે. મતપત્રોનુ છાપકામ થોડા દિવસમાં પૂર્ણ થઈ જશે અને ત્યારબાદ ઈવીએમ પર ઈવીએમ બેલેટ પેપર લગાવવાની કામગીરી શરૂ થશે તેમ સુત્રોએ જણાવેલ છે. એક મતદાન મથક પર ૨૦ ટેન્ડર બેલેટ પેપર અધિકારીને ફાળવવામાં આવતા હોય છે અને જો કોઈ વ્યકિત ટેન્ડર બેલેટ પેપર માંગે તો તેમાંથી આપવામાં આવતુ હોવાનુ જાણવા મળેલ છે. ઈવીએમ તૈયાર કરતી વખતે મતપત્રો ફાટી પણ જવાની સંભાવના રહે છે તેથી મતપત્રો વધુ છપાવવામાં આવતા હોય છે.

### ન્યુઝ ફ્લેશ

## તળાજાના દાઠા નજીક ડસ્ટર કાર પલટી જતાં એકનું મોત

ભાવનગર | તળાજાના દાઠા ગામ નજીક ડસ્ટર કાર પલટી મારી જતાં એક વ્યક્તિનું ભાવનગર હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય ચાર લોકોને ઈજા થતાં હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ઉંચા કોટડા જવાના રસ્તા પરથી પસાર થતી વેળાએ કારના ચાલક હરેશ ભાલિયાએ સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા કાર પલટી મારી ગઈ હતી. જે બનાવમાં પાંચેય વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે દાઠા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અહીં ઓમદેવસિંહને માથા, કપાળના ભાગે ગંભીર અને આખા શરીરના ભાગે નાની-મોટી ઈજા થઈ હોય, દાઠાથી મહુવાની હનુમંત અને ત્યાંથી ભાવનગરની ખાનગી મૃત્યુ થયું હતું.

## અમિયાદ-ધુવારણ રોડ ઉપર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

આણંદ | અમીયાદ-ધુવારણ રોડ ઉપર સોમવારે બે ટુવ્હીલર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક શખ્સનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ અંગે વીરસદ પોલીસે અજાણ્યા ટુવ્હીલર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાસણા ગામે ઈન્દિરા કોલોનીમાં રહેતા હિતેષકુમાર તુલશીદાસ મકવાણાના સાળા ધર્મેન્દ્રભાઈ કાન્તીભાઈ વણકર સોમવારે સવારે પોતાનું બાઈક લઈ અમીયાદથી અંગત કામે કણભા જવા નીકળ્યા હતા. દરમિયાન અમીયાદ-ધુવારણ પર અજાણ્યા એક્ટિવાના ચાલકે પુરઝડપે ટુવ્હીલર ચલાવી બાઈક સાથે અકસ્માત સર્જ્યો હતો.

## કમળા ચોકડી પર આઈસરની ટક્કરે રાહદારી મહિલાનું મોત

નડિયાદ | ખેડા જિલ્લામાં અકસ્માતના બે બનાવો નોંધાયા છે. નડિયાદની કમળા ચોકડી પાસે આઈસરની ટક્કરે મહિલાનું મોત નિપજ્યું હતું. જ્યારે કનેરા નજીક નેશનલ હાઈવે પર કાર ડિવાઈડર સાથે અથડાતા કારમાં સવાર દંપતી અને તેમની દીકરીને ઈજા પહોંચી હતી. આ અંગે જે-તે પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદમાં રહેતા મંજુબેન જયંતીભાઈ તળપદા (ઉં.વ. ૪૩) તા.૨૨ના રોજ સવારે કમળા ચોકડી લાકડા લેવા ગયાં હતાં. તેણી વે બ્રીજ નજીકથી પસાર થતાં હતાં ત્યારે આઈસર ચાલક આઈસર રિવર્સ લેતો હતો. તે સમયે આઈસરની ટક્કર લાગતા મંજુબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેણી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે કરમસદ લઈ જવામાં આવી રહ્યાં હતાં ત્યારે રસ્તામાં જ તેણીનું મોત નિપજ્યું હતું. આ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે આઈસર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

### વોટર વર્કસ વિભાગના સ્ટાફની કામગીરી વધી ગઈ છે

# ભાવનગર શહેરમાં રોજ પીવાના પાણીની 10થી 12 ઉઠતી ફરિયાદ



(એજન્સી) ભાવનગર | તા.24

ઉનાળાની ગરમીમાં પાણી સમસ્યા વધુ જોવા મળતી હોય છે તેથી ઉનાળામાં સરકારી તંત્રને દોડધામ વધી જતી હોય છે, આવુ જ ચિત્ર હાલ ભાવનગર મહાપાલિકાના વોટર વર્કસ વિભાગમાં જોવા મળી રહ્યુ છે. વોટર વર્કસ વિભાગમાં છેલ્લા એક માસથી પાણીની ફરિયાદ વધી છે, જેના કારણે વોટર વર્કસ વિભાગના સ્ટાફની કામગીરી વધી ગઈ છે. ઉનાળામાં પાણી માંગ વધતા દર વર્ષે પાણી પ્રશ્ન જોવા મળતો હોય છે.

ભાવનગર શહેરમાં છેલ્લા એક માસથી ઉનાળાની આકરી ગરમી પડી રહી છે અને ગરમી વધતા પાણીનો પોકાર શરૂ થઈ જતો હોય છે. શહેરમાં રોજ પીવાના પાણીની ૧૦થી ૧૨ ફરિયાદ વોટર વર્કસ વિભાગને મળી રહી છે. છેલ્લા એક માસમાં આશરે ૩૨૫ જેટલી પાણીની ફરિયાદ તંત્રને મળી છે અને તંત્ર દ્વારા પાણી પ્રશ્ન હલ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પાણી ઓછુ આવી રહ્યુ છે, સમયસર પાણી આવતુ નથી સહિતની ફરિયાદ તંત્રને મળતી હોય છે તેથી તંત્ર દ્વારા સ્થળ પર જઈ તપાસ કરવામાં આવે છે અને પ્રશ્ન હલ કરવા પ્રયત્ન કરવામાં આવતા હોય છે. ઘણી સમસ્યા હલ થઈ જતી હોય છે, જ્યારે કેટલીક સમસ્યા હલ ના થતી હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. ઉનાળામાં પાણીનો વપરાશ વધી જતો હોય છે તેથી પાણી વગર લોકોને ચાલતુ નથી પરંતુ ઉનાળામાં જ પાણી ઓછુ આવતા લોકોમાં કચવાટ ફેલાતો હોય છે. પાણી સમસ્યા ના સર્જાય તે માટે તંત્ર દ્વારા દર વર્ષે આયોજન કરવામાં આવે છે પરંતુ તેમ છતા થોડી થોડી પાણીની ફરિયાદ રહેતી જ હોય છે. ભાજપ અને કોંગ્રેસના કેટલાક નગરસેવકો દ્વારા પણ પાણીની ફરિયાદ કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

**પાણી અંગેની વ્યકિતગત ફરિયાદ વધુ આવે છે : અધિકારી**

ભાવનગર શહેરમાં પાણી સમસ્યા અંગેની ફરિયાદ વધતા લોકોની પરેશાની વધી છે. આ અંગે મનપાના વોટર વર્કસ વિભાગના અધિકારી ફાલ્ગુન શાહને પુછતા તેઓએ જણાવ્યુ હતુ કે, પાણી અંગેની વ્યકિતગત ફરિયાદ વધુ આવે છે તેથી સ્ટાફને સ્થળ પર મોકલી સમસ્યા હલ કરવામાં આવતી હોય છે. આખા વિસ્તારમાં પાણી ના આવતુ હોય તેવી ફરિયાદ નથી. અત્યાર સુધીમાં આવેલ મોટાભાગની ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

## મોડાસા યાર્ડના મંડપના ગોડાઉનમાં ચોરી કેસમાં બાલાસિનોરના 4 પકડાયા

(એજન્સી) મોડાસા | તા.24

મોડાસા-શામળાજી માર્ગે આવેલા નવા માર્કેટયાર્ડમાં આવેલા એક મંડપ ગોડાઉનમાંથી રૂ.૬૯,૫૦૦ નો સર સામાન ચોરાઈ જતાં ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.આ ફરિયાદના પગલે જિલ્લા એલસીબી ટીમે આ તસ્કરીના ગુનામાં નેત્રમના સીસીટીવી ફુટેજની મદદ અને બાતમીના આધારે બાલાસિનોર તાલુકાના ૪ તસ્કરોને ઝડપી પાડી રૂ.૬,૪૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.મહિસાગરના બાલાસિનોર પંથકની તસ્કર ગેંગને ઝબ્બે કરી એલસીબી ટીમે આ ગુનોના ભેદ ઉકેલી કાઢ્યો છે.મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના નવા માર્કેટયાર્ડ ખાતે આવેલા સાંઈનાથ મંડપ ડેકોરેશનના એક ગોડાઉનમાં મંડપને લગતો સર સામાન ભરાયો હતો.ગત શુક્રવારની રાત્રે આ ગોડાઉનમાંથી પાર લાઈટ નંગ-૫૦,એલઈડી લાઈટ નંગ-૩૪,ઝુમ્મર નંગ-૫,પાઈપ સીરીઝના રોલ નંગ-૫ મળી કુલ રૂ.૬૯૫૦૦ ના સરસામાનની ચોરી થઈ હતી.આ ઘટનામાં સાંઈનાથ મંડપ ડેકોરેશન ના માલિક મેહુલકુમાર કે.પટેલ રહે.માંગલ્ય રેસીડેન્સી, ધનસુરા)એ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### 'મારૂ મતદાન મથક, સ્વચ્છ મતદાન મથક' થીમ આધારિત

# બોટાદ જિલ્લાના મતદાન મથકો પર સ્વચ્છતા ઝુંબેશનું આયોજન



(એજન્સી) ભાવનગર | તા.24

લોકસભાની ચૂંટણીના મતદાન આડે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે બોટાદમાં વહીવટી તંત્ર દ્વારા 'મારૂ મતદાન મથક, સ્વચ્છ મતદાન મથક' થીમ આધારિત દરેક બૂથ પર મતદાન જાગૃતિ કાર્યક્રમ તેમજ બૂથ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત બોટાદ જિલ્લાના ગ્રામ્ય પંથકોના મતદાન મથકોમાં સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. લોકશાહીના પર્વ એટલે કે લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે બોટાદમાં વહીવટી તંત્ર દ્વારા 'મારૂ મતદાન મથક, સ્વચ્છ મતદાન મથક' થીમ આધારિત બૂથ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બોટાદ તાલુકાના બાબરકોટ, રાજપરા, ચકમપર, ઝરીયા, પીપરડી, ભાડલા, લાખેણી, સાલૈયા, તાજપર અને પાળીયાદ સહિતનાં ગામોમા બૂથ પર મતદાન જાગૃતિ કાર્યક્રમ તેમજ બૂથ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે મતદાન મથક પર સાફસફાઈ કરીને અચુક મતદાન કરવાનો મેસેજ અન્ય નાગરીકો સુધી પહોંચાડયો હતો. તેમજ ગઢડા તાલુકાના સૂરકા, ઉગામેડી અને ખોપાળા સહિતનાં ગામોમાં મતદાન મથકની સાફ-સફાઈ કરાવવામાં આવી હતી. આ કામગીરીમાં ગ્રામજનો જોડાયા હતા અને મતદાન મથકને સ્વચ્છ કર્યાં હતું.



## ક્ષત્રિયોએ વિરોધ કરતા ઉમરેઠના ઢાગપાલમાં ભાજપના આગેવાનોએ પરત ફર્યા

(એજન્સી) આણંદ | તા.24

ક્ષત્રિય સમાજ અંગે પરશોત્તમ રૂપાલાએ આપેલા નિવેદન બાબતે ઉમરેઠના ચોરા વગા વિસ્તારમાં ક્ષત્રિયો દ્વારા વિરોધ કરાયા બાદ ઉમરેઠના ઢાગપાલ વિસ્તારમાં પણ ક્ષત્રિયો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આણંદ મત વિસ્તારના ભાજપના ઉમેદવારના સમર્થનમાં પ્રચાર અર્થે ગયેલા સ્થાનિક સંગઠનના આગેવાનોની ટીમને જોઈ વિફરેલા ક્ષત્રિયોએ હાય..રે રૂપાલા... હાય..રે ભાજપ...ના નારા લગાવ્યા હતા અને અમારા વિસ્તારમાં પ્રચાર કરવા આવવું નહીં તેમ કહેતા ભાજપના કાર્યકરોએ વીલા મોંએ પરત ફરવું પડયું હતું. ઉમરેઠના ઢાગપાલ વિસ્તારના દરબાર વગામાં પ્રચાર કરવા ગયેલી ભાજપની ટીમને જોઈ ક્ષત્રિય સમાજના યુવકો રોષે ભરાયા હતા. યુવકોએ રૂપાલા અને ભાજપ વિરૂદ્ધ સુત્રોચ્ચાક કરી, અમારા વિસ્તારમાં પ્રચાર કરવા આવવું નહી તેમ કહેતા ભાજપના કાર્યકરોએ પ્રચાર અભિયાન આટોપી પરત ફરવું પડયું હતું.



## આણંદ જિલ્લામાં હનુમાન જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ

(એજન્સી) આણંદ | તા.24

આણંદ શહેર સહિત જિલ્લાભરમાં મંગળવારના રોજ હનુમાન જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઠેર ઠેર મારૂતિયજ્ઞા, સુંદરકાંડ, બજરંગ બાણના પાઠ, હનુમાન ચાલીસા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આણંદ પાસે આવેલા લાંભવેલ હનુમાનજી મંદિરે મંગળવારના રોજ હનુમાન જયંતિની ધામધૂમપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચરોતર પંથક સહિત અન્ય જિલ્લામાંથી પણ હનુમાન દાદાના ભક્તો દર્શનાર્થે ઉમટયા હતા. આ પ્રસંગે સવારે પ્રાતઃ આરતી બાદ ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે વિવિધ માર્ગો પર ફરી નીજમંદિરે પરત ફરી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતાં. સાથે સાથે યજ્ઞા, ધ્વજા પતાકા તેમજ મધ્યાહન આરતી અને સાંજે સુંદર કાંડ પાઠ અને સાયમ આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા.



## કણજરીમાં બાઇક મુકવા બાબતે બે પરિવારો વચ્ચે મારામારી

(એજન્સી) નડિયાદ | તા.24

નડિયાદ તાલુકાના કણજરી ગામની આઝાદ પોળમાં રસ્તા વચ્ચે બાઈક મુકવાના મુદ્દે બે પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો. આ અંગે વડતાલ પોલીસે બન્ને પક્ષોની ફરિયાદો લઈને ગુનાઓ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

કણજરીના આઝાદ પોળમાં રહેતા વસીમભાઈ વોરા કાપડની ફેરીનો ધંધો કરે છે. અને પોતાની ઈકો ગાડી નં.જીજે-૨૭, ડીએ-૯૪૬૪માં કાપડ મુકીને ફેરી કરવા જાય છે. આજે તેઓ ૧૦:૩૦ કલાકે પોતાની ગાડી લઈને ઘરેથી નીકળતા હતા તે વખતે સાજન નટવરસિંહ સાદીયાના ઘર આગળ રસ્તાની વચ્ચોવચ એક બાઈક હતું જેથી તેઓએ સાજનભાઈને જાણ કરી હતી કે તમે તમારૂ આ બાઈક ખસેડી લો. સાજનભાઈએ આવીને પોતાનું બાઈક ખસેડ્યા બાદ વસીમભાઈને ગાળો બોલી હતી કે તમોને ટેવ પડી ગઈ છે આવી રીતે અમોને ટોકવાની. આ મામલે બંને વચ્ચે તુતુમૈમૈ થઈ હતી. બાદમાં મારામારી પર ઉતરી આવ્યા હતા.



## સિહોરના વડીયા ગામ નજીકની રોલિંગ મીલમાં આગ ભભૂકી

(એજન્સી) સિહોર | તા.24

સિહોરના વડીયા ગામ પાસે આવેલી રોલિંગ મીલમાં ગત મોડી રાતે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ભઠ્ઠીનો લાવા બહાર પડવાથી આગ લાગી હતી જેને સિહોર નગરપાલિકાના ફાયર સ્ટાફે આશરે દોઢ કલાકની જહેમત બાદ કાબૂમાં લીધી હતી. સિહોર તાલુકાના વડીયા ગામ પાસે આવેલી રાજ ઈસ્પાત ફેક્ટરીમાં ગત મોડી રાતે આશરે ૧૨ વાગ્યાના અરસામાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી. ફેક્ટરીની ભઠ્ઠીનો લાવા અચાનક ભંગાર પર પડવાથી આ આગ લાગી હતી. ફેક્ટરીમાં રહેલા ભંગારના લીધે ખુબ મોટી આગ પકડી લેતા આ અંગેની જાણ સિહોર ફાયર વિભાગને કરવામાં આવતા સિહોર ફાયરનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને ફાયર વિભાગે ૨૫૦૦ લીટર પાણીનો છંટકાવ કરી એકથી દોઢ કલાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. મોડી રાતે લાગેલી આ આગમાં સદ્નસીબે કોઈ જાનહાનિ કે કોઈ મોટું નુકસાન થયાના અહેવાલ નથી.

### 88 વર્ષ પૂર્વે સ્થાપના કરાઈ હતી

# આણંદના સાર્વજનિક પુસ્તકાલયમાં 70 હજારથી વધુ પુસ્તકોનો સંગ્રહ

(એજન્સી) આણંદ | તા.24



વિશ્વ પુસ્તક દિવસ તા.૨૩ એપ્રિલના રોજ ઉજવાય છે. પુસ્તક એ વાચકનો સાચો મિત્ર છે, સાચા મિત્રની જેમ પુસ્તક સદા વાંચનારને સારા અને સાચા રસ્તે લઈ જઈ સારા વિચાર આપે છે. આણંદમાં મહાત્મા ગાંધી રોડ પર આવેલું સાર્વજનિક પુસ્તકાલય ૮૮ વર્ષે આજે પણ વાંચકોથી ભરપુર હોય છે. આજના ટેકનિકલ યુગમાં જ્યાં એક અંગુઠા અને આંગળીના ઈશારે પુસ્તકોની પીડીએફ બનીને આવી જાય છે, આવા યુગમાં આજે પણ પુસ્તકાલયમાં વાંચકોનો વાંચવાનો રસ યથાવત છે. તા.૧૨ નવેમ્બર ૧૯૩૫ના વર્ષમાં અમૂલ ડેરીના ત્રિભોવનભાઈ તથા પી. બી.પટેલ અને નટવરલાલ દવે દ્વારા સ્થાપના કરાયેલા આ પુસ્તકાલયમાં ૭૦,૧૫૦ થી વધુ અગલ અગલ પ્રકારના પુસ્તકોનો સંગ્રહ આવેલો છે.આણંદના સાર્વજનિક પુસ્તકાલયમાં ૯ વર્ષથી લઈ ૮૫ વર્ષ સુધીના વયસ્કો દરરોજ વાંચવા આવી રહ્યા છે. ૩૦૦ વર્ષથી ૫૦૦ વર્ષ જુની હાથથી લખાયેલા (હસ્તપ્રસ્થ)થી લઈ છપાયેલા પુસ્તકોનો સંગ્રહ પુસ્તકાલયમાં મળી રહે છે. પહેલાના વર્ષોમાં હસ્તપ્રસ્થની બત્રીસ પુતળીની વાર્તાઓથી લઈ અનેક પુસ્તકોનો બહોળો સંગ્રહ આણંદના વાચકરસીકોને મળી રહે છે. શરુઆતના ૧૦ વર્ષોમાં માત્ર ૧૫૦ આજીવન સભ્યોથી શરુઆત થઈ હતી. આજે આ પુસ્તકાલયમાં ૩,૭૦૦ સભ્યો છે.

### કૌભાંડ ઉજાગર થયા બાદ ભાવનગરનો શખ્સ લાંબા સમયથી ફરાર હતો

# આધાર 2.0 બોગસ બિલિંગ કૌભાંડમાં બે માસ બાદ ફરાર આરોપી ઝડપાયો

(એજન્સી) ભાવનગર | તા.24




જીએસટી વિભાગના અધિકારીઓની એક ટીમ ગઈકાલે તપાસઅર્થે ભાવનગર આવી હતી. ક્રેસન્ટ વિસ્તારમાં ખાનગી રીતે આવેલી સ્ટેટ જીએસટી વિભાગની ટીમે સાંજના સમયે આધાર ૨.૦ કૌભાંડ સાથે જોડાયેલા આરોપી સલીમને ઝડપી લીધો છે. આધાર ૨.૦ કૌભાંડ ઉજાગર થયાંના બે મહિના બાદ સ્ટેટ જીએસટી વિભાગને મોટી સફળતા મળી છે. લાંબા સમયથી ફરાર આરોપી ભાવનગરમાં હોવાના બાતમીના આધારે અચાનક સ્ટેટ જીએસટી વિભાગની ટીમે ભાવનગરના સ્થાનિક અધિકારીઓને સાથે રાખીને તાપસ કરી આરોપીને અમદાવાદ લઈ ગઈ હતી.ભાવનગર શહેરના ક્રેસન્ટ વિસ્તારમાં ગઈકાલે સાંજના સમયે સ્ટેટ જીએસટી વિભાગની એક ટીમ સ્થાનિક અધિકારીઓને સાથે રાખી તપાસઅર્થે આવી હતી. સ્ટેટ જીએસટી દ્વારા ભાવનગરમાં ચાલતા બોગસ બિલિંગના આધાર ૧.૦ અને આધાર ૨.૦ એમ બે કૌભાંડ ઉજાગર કરવામાં આવ્યા હતા. જેમાં આધાર ૨.૦માં પાંચ આરોપીઓની ધરપકડ થઈ હતી. આધાર ૨.૦ ઉજાગર થયાના આશરે બે મહિના બાદ સ્ટેટ જીએસટી વિભાગને મોટી સફળતા મળી છે. આમાં સંડોવાયેલા સલીમ દૌલા લાંબા સમયથી ફરાર હતો. જે ભાવનગર હોવાની બાતમીના આધારે સ્ટેટ જીએસટી વિભાગની ટીમે સોમવારે સાંજે ક્રેસન્ટ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. સ્ટેટ જીએસટી વિભાગના સ્થાનિક અધિકારીઓને સાથે રાખીને આવેલી ટીમે ક્રેસન્ટ વિસ્તારમાં સાંજના સમયે ઘર અને આરોપીને શોધવાની કવાયત આદરી હતી અને મોડી સાંજે સલીમ દૌલાને ઝડપી અમદાવાદ લઈ જવાયો હોવાનું જાણવા મળ્યું છે. જીએસટી વિભાગ દ્વારા આરોપીને અમદાવાદ લઈ જઈ રિમાન્ડની તજવીજ હાથ ધરતા સલીમ દૌલાના ૩૦ તારીખ સુધીના રિમાન્ડ મંજુર થયાં છે. આરોપીના રિમાન્ડમાં આગામી દિવસોમાં કોઈ નવા ખુલાસા થાય તો નવાઈ નહી.

## નર્મદા કેનાલના માર્ગ પર સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

(એજન્સી) જરોદ | તા.24

વાઘોડિયા તાલુકાના માડોધર નજીક નર્મદા માઈનોર કેનાલ પર કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર બે યુવકો પૈકી એકનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજાને ગંભીર ઈજા પહોંચી હતી.

શિનોર તાલુકાના ટિમ્બરવા ગામની નવીનગરી ખાતે રહેતાં અજયકુમાર મહેશભાઈ વસાવા (ઉં.વ.૨૧) તેના મિત્ર પ્રહલાદકુમાર ભરતભાઈ વસાવા (રહે.તરવા, તા.શિનોર) સાથે ગઈકાલે વાઘોડિયા તાલુકાના માડોધર-સાંગાડોલ ગામ વચ્ચેથી પસાર થતી નર્મદા માઈનોર કેનાલના રોડ પરથી બાઈક પર પસાર થઈ રહ્યા હતાં. તે સમયે સામેથી પૂરઝડપે આવતી કારની સાથે તેમની બાઈક ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારની ટક્કરે બંને બાઈક સવાર મિત્રો હવામાં ઉછળ્યા હતાં, જેમાંથી અજય કેનાલના પાણીમાં પડયો હતો, જ્યારે પ્રહલાદ રોડ પર ફંગોળાયો હતો.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે.

**વૃષભ (બ,વ,ઉ)**
જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો.

**મિથુન (ક,છ,ઘ)**
હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો.

**કર્ક (ડ,હ)**
તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે.

**સિંહ (મ,ટ)**
પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે.

**કન્યા (પ,ઠ,ણ)**
લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. નાણાંનો આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે.

**તુલા (ર,ત)**
તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

**ધન (ભ,ધ,ફ)**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો.

**મકર (ખ,જ)**
જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

**કુંભ (ગ,શ,સ)**
આજે તમે સારૂ એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
શરીરમાં તાણને લગતી સમસ્યાઓની શક્યતા. વધુ પડતો ખર્ચ કરવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.

## ન્યૂઝ ટ્રેક

### મોબાઇલ સેવાઓ માટે સ્પેક્ટ્રમ: વાજબી ફાળવણીની ખાતરી કરવી

મુંબઇ | આજના ડિજિટલ યુગમાં, મોબાઈલ સેવાઓ માટે સ્પેક્ટ્રમની ફાળવણી કાર્યક્ષમ સંચાર નેટવર્કને સુનિશ્ચિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જેમ જેમ ટેક્નોલોજીની પ્રગતિ અને માંગ વધતી જાય છે તેમ, ટેલિકોમ્યુનિકેશન ઉદ્યોગની ગતિશીલ જરૂરિયાતોને પહોંચી વળવા સ્પેક્ટ્રમની ફાળવણીની પ્રક્રિયા વિકસિત થઈ છે. સ્પેક્ટ્રમ ફાળવણીની સફર નોંધપાત્ર સીમાચિહ્નો દ્વારા ચિહ્નિત કરવામાં આવી છે. ઐતિહાસિક રીતે, સ્પેક્ટ્રમની ફાળવણી ઘણી વખત વહીવટી પ્રક્રિયાઓ દ્વારા કરવામાં આવતી હતી, જ્યાં નિયમનકારી સંસ્થાઓ વિવિધ પરિબળોના આધારે નિર્ણયો લેતી હતી. જો કે, ટેલિકોમ સેક્ટરની ઘાતાંકીય વૃદ્ધિ અને નવી તકનીકોના ઉદભવ સાથે, વધુ માળખાગત અભિગમ જરૂરી બન્યો.

### ચીને સોનાની ખરીદી માટે દોટ મૂકી, ભારતને પણ પાછળ છોડી દીધું

નવી દિલ્હી | ચીન સોનાની ખરીદીમાં ભારે વ્યસ્ત છે. સોનું ખરીદનારા દેશોમાં ચીન અત્યારે નંબર વન છે. ભૂતકાળમાં, ભારત વિશ્વમાં સૌથી વધુ સોનાની ખરીદી કરતો દેશ હતો. જો કે હવે ચીન આ મામલે ભારત કરતા આગળ નીકળી ગયું છે. ભારત અને ચીન વચ્ચે સૌથી વધુ સોનું ખરીદવાના મામલે સ્પર્ધા ચાલી રહી છે. જો આપણે પાછલા વર્ષો પર નજર કરીએ તો, ભારત અથવા ચીન વિશ્વમાં સૌથી વધુ સોનું ખરીદે છે. ચીનની સોનાની ખરીદી વચ્ચે સોનાના ભાવ રેકોર્ડ ઊંચા સ્તરે રહ્યા છે. આ વર્ષે સોનાની કિંમત ઔંસ દીઠ ૨,૪૦૦ ડોલરની ઉપર પહોંચી ગઈ છે અને તે વૈશ્વિક બજારોને આકર્ષી રહી છે.

### Lava દ્વારા પ્રોવોચ સ્માર્ટવોચ કેટેગરીમાં પ્રવેશ કરે છે

મુંબઇ | પ્રોવોચ, સ્માર્ટવોચ માર્કેટમાં નવા પ્રવેશે છે, તેણે બે નવીન મોડલ - પ્રોવોચ ZN અને પ્રોવોચ VN લોન્ચ કરીને તેની ઓળખ બનાવી છે. લાવા ઈન્ટરનેશનલ દ્વારા રજૂ કરાયેલી આ ઘડિયાળોનો ઉદ્દેશ તેમની અદ્યતન સુવિધાઓ અને આકર્ષક ડિઝાઈન સાથે સ્માર્ટવોચના અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરવાનો છે. પ્રોવોચ ZN સ્વાસ્થ્ય અને કનેક્ટિવિટી માટે બનાવેલ તેની અદ્યતન સુવિધાઓ સાથે પોતાને અલગ પાડે છે. CORNING® GORILLA® GLASS 3 અને ઉચ્ચ-ચોકસાઈવાળા PPG સેન્સરથી સજ્જ, તે સતત હાર્ટ રેટ મોનિટરિંગ, ફિટનેસ ટ્રેકિંગ અને સીમલેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે. ઘડિયાળ એક સ્લીક ગોળાકાર ડાયલ ધરાવે છે જે કાર્યાત્મક ફરતા તાજ દ્વારા પૂરક છે.

---

એલજી એનર્જી સોલ્યુશનએ વિવિધ ક્ષેત્રોમાં તેની પેટન્ટના અનધિકૃત ઉપયોગના દાખલાઓ ઓળખ્યા છે

# LG એનર્જી સોલ્યુશન પેટન્ટનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક વલણ અપનાવશે

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ટેક્નોલોજી અને નવીનતાની તીવ્ર સ્પર્ધાત્મક દુનિયામાં, બૌદ્ધિક સંપદા અધિકારોનું રક્ષણ કરવું એ પહેલા કરતાં વધુ નિર્ણાયક બની ગયું છે. એલજી એનર્જી સોલ્યુશન, બેટરી ઉદ્યોગમાં ત્રણ દાયકાઓ સુધી વિસ્તરેલી વારસો સાથેનું ટ્રેલબ્લેઝર, અતૂટ નિશ્ચય સાથે પેટન્ટના ઉલ્લંઘનનો સામનો કરવા માટે તૈયારી કરી રહ્યું છે. એલજી એનર્જી સોલ્યુશન, એલજી કેમનું સ્પિન-ઓફ, ઈલેક્ટ્રિક વાહનોથી લઈને એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ સુધીના ઘણા બધા કાર્યક્રમો માટે લિથિયમ-આયન બેટરી ઉત્પાદનમાં મોખરે છે. 58,000 થી વધુ પેટન્ટના વ્યાપક પોર્ટફોલિયો સાથે, એલજી એનર્જી સોલ્યુશન બેટરી સેક્ટરમાં ટેક્નોલોજીકલ એડવાન્સમેન્ટ ચલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. પેટન્ટના ઉલ્લંઘનની વધતી જતી ઘટનાઓના પ્રતિભાવમાં, LG એનર્જી સોલ્યુશન એ 'પેટન્ટ ફ્રી રાઈડર્સ' તરીકેની શરતો સામે મજબૂત પ્રતિક્રમણ કરવાના તેના ઈરાદાની જાહેરાત કરી



છે. બૌદ્ધિક સંપદા સંરક્ષણના મહત્વને ઓળખીને, કંપની ઉદ્યોગમાં વાજબી સ્પર્ધા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. એલજી એનર્જી સોલ્યુશનએ વિવિધ ક્ષેત્રોમાં તેની પેટન્ટના અનધિકૃત ઉપયોગના દાખલાઓ ઓળખ્યા છે. નોંધપાત્ર ઉદાહરણોમાં ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદકો અને અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓને બેટરીના સપ્લાયર્સનો સમાવેશ થાય છે. પ્રારંભિક તપાસમાં નિર્ણાયક બેટરી ઘટકો અને ઉત્પાદન તકનીકોમાં ફેલાયેલા નોંધપાત્ર ઉલ્લંઘનો જાહેર થયા છે. ભૂતકાળમાં સમાન પડકારોનો સામનો કર્યા પછી, એલજી એનર્જી સોલ્યુશન તેની બૌદ્ધિક સંપદાને બચાવવા માટે નિર્ણાયક પગલાં લેવાનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. આમાં તેના માલિકી હકોની સુરક્ષા માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને રીતે ઉલ્લંઘન કરતી સંસ્થાઓ સામે સફળ મુકદમા દાખલ કરવાનો સમાવેશ થાય છે. જેમ જેમ બેટરીની માંગ સતત વધી રહી છે, ઈલેક્ટ્રિક વાહનો અને એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સના ઝડપી વિકાસને કારણે, પેટન્ટના ઉલ્લંઘનનો ભય મોટો છે. એલજી એનર્જી સોલ્યુશનની કોર પેટન્ટ્સ બૌદ્ધિક સંપદા અધિકારોને ધ્યાનમાં લીધા વિના બજારમાં મૂડી મેળવવા માટે મોડેથી આવનારાઓ દ્વારા વધુને વધુ લક્ષ્યાંકિત છે.

### વ્યૂહાત્મક પેટન્ટ્સ અને ઉલ્લંઘન

એલજી એનર્જી સોલ્યુશનએ તેની પેટન્ટની નોંધપાત્ર સંખ્યાને વ્યૂહાત્મક રીતે નોંધપાત્ર તરીકે ઓળખી છે, જે સમગ્ર બેટરી ઉદ્યોગમાં મુખ્ય ટેક્નોલોજીઓને આવરી લે છે. ઉદાહરણો અદ્યતન કોટિંગ પ્રક્રિયાઓથી લઈને નવીન ઈલેક્ટ્રોડ ડિઝાઈન સુધીના છે, જે તેની બૌદ્ધિક સંપત્તિની પહોળાઈને અન્ડરસ્કોર કરે છે.

### વાજબી સ્પર્ધા માટે LG એનર્જી સોલ્યુશનની યોજના

વાજબી સ્પર્ધાના વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે, LG એનર્જી સોલ્યુશન વૈશ્વિક પેટન્ટ પૂલની સ્થાપનાનું નેતૃત્વ કરી રહ્યું છે. આ પહેલનો હેતુ લાઈસન્સિંગ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો અને બેટરી ઉદ્યોગમાં બૌદ્ધિક સંપદા અધિકારોના જવાબદાર ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.

---

# SBI કાર્ડ દ્વારા મુસાફરીના શોખીનો માટે SBI કાર્ડ માઈલ્સ લોન્ચ કરાયા



(એજન્સી) મુંબઇ | તા. 24

ભારતના સૌથી મોટા પ્યોર-પ્લે ક્રેડિટ કાર્ડ ઈશ્યુઅર SBI કાર્ડએ આજે મુંબઈમાં તેના પ્રથમ ટ્રાવેલ-ફોક્સ કોર ક્રેડિટ કાર્ડ, 'SBI કાર્ડ માઈલ્સ' ના ત્રણ વેરિઅન્ટ લોન્ચ કર્યા છે. આ કાર્ડનો હેતુ - મુસાફરીના આકાંક્ષીઓથી લઈને ફ્રિક્વન્ટ ફ્લાયર અને મુસાફરી પ્રેમીઓ સુધીના તમામ પ્રકારના પ્રવાસીઓને સાકલ્યવાદી મુસાફરીના લાભો આપવાનો છે. SBI કાર્ડ માઈલ્સ આકર્ષક સુવિધાઓ પ્રદાન કરે છે જેમાં ટ્રાવેલ ક્રેડિટ્સને એર માઈલ્સ અને હોટલ પોઈન્ટ્સમાં રૂપાંતર, દરેક ટ્રાવેલ બુકિંગ પર ઝડપી રિવોર્ડ અને એરપોર્ટ લાઉન્જ એક્સેસનો સમાવેશ થાય છે. કાર્ડધારકોને રિડેમ્પશનની સંપૂર્ણ પસંદગી સાથે સશક્ત બનાવવતા, એર વિસ્તારા, એર ઈન્ડિયા, સ્પાઈસજેટ, એર ફ્રાન્સ-KLM, ઈતિહાદ એરવેઝ, એર કેનેડા, થાઈ એરવેઝ, ક્વાન્ટાસ એરવેઝ, ITC હોટેલ્સ, IHG હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ અને એકોર સહિત 20 એરલાઈન અને હોટલ બ્રાન્ડ્સમાં કાર્ડ ભાગીદારો છે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી દિનેશકુમાર ખારાના જણાવ્યા મુજબ, "મજબૂત આર્થિક વૃદ્ધિ અને મજબૂત વપરાશ લેન્ડસ્કેપએ વિશ્વમાં ભારતનું સ્થાન ઉચ્ચ સ્થાને પહોંચાડયું છે.

---

# ટાટા એઆઇએ લાઇફ ઇન્સ્યોરન્સે રૂ. 1 લાખ કરોડની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) પાર કરી ગ્રાહકોના વિશ્વાસને આધારે ત્રણ વર્ષથી ઓછા સમયમાં એયુએમ બમણી થઇ

(એજન્સી) મુંબઇ | તા.24

ભારતની અગ્રણી જીવન વીમા કંપની પૈકીની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (ટાટા એઆઈએ)એ રૂ. 1 લાખ કરોડની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) પાર કરી છે. કંપનીએ ત્રણ વર્ષથી ઓછા સમયમાં તેની એયુએમ રૂ. 50,000 કરોડ (ઓગસ્ટ 2021)થી બમણી કરીને રૂ. 1,00,000 કરોડ કરી છે. ઈન્ડિવિડ્યુઅલ ન્યુ બિઝનેસ પ્રીમિયમ (આઈડબલ્યુએનબીપી) આવકમાં મજબૂત વૃદ્ધિ તથા ઉત્કૃષ્ટ રોકાણ પ્રદર્શનથી આ વધારો જોવા મળ્યો છે. આ પ્રસંગે પ્રતિક્રિયા આપતાં ટાટા એઆઈએના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર વેન્કી ઐયરે કહ્યું હતું કે, "ત્રણ વર્ષથી ઓછા સમયમાં અમારી એયુએમ બમણી થવી એ અમારા ઈનોવેટિવ સોલ્યુશન્સ અને સર્વિસ એક્સિપિરિયન્સ, અમારા એજન્ટ્સ અને પાર્ટનર્સમાં અમારા ગ્રાહકોના વિશ્વાસનું પ્રમાણ છે તથા અમારી રોકાણ ટીમની ઉત્કૃષ્ટ કામગીરીનો પુરાવો છે. અમે અમારા ગ્રાહકોને આર્થિક રીતે સુરક્ષિત કરવા તથા તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરીને હર વક્ત કે લિયે તૈયાર માટે સક્ષમ કરીશું. ટાટા એઆઈએએ નાણાકીય વર્ષ 2024ના ત્રીજા ક્વાર્ટરમાં 4 સમૂહોમાં (13મા, 25મા, 37મા અને 61મા મહિનો)માં પ્રથમ ક્રમ હાંસલ કરીને પર્સિસ્ટન્સીમાં ઉદ્યોગમાં નોંધપાત્ર (પ્રીમિયમને આધારે) હાંસલ કર્યું છે. પર્સિસ્ટન્સીમાં કંપનીનું નેતૃત્વ બ્રાન્ડમાં ટાટા એઆઈએના ગ્રાહકોનો સતત વિશ્વાસ દર્શાવે છે, પ્રીમિયમની નિયમિત ચૂકવણી ખૂબજ મહત્વપૂર્ણ છે કારણકે તે સુનિશ્ચિત કરે છે કે ગ્રાહકો પોલીસીની મુદ્દત દરમિયાન કવચ મેળવે અને લાભો મેળવતા રહે. ટાટા એઆઈએની રોકાણ રણનીતિ પોલીસી ધારકો પ્રત્યે અતૂટ કટીબદ્ધતા દર્શાવે છે, જે બોટમ-અપ સ્ટોક-પિકિંગ વ્યૂહરચના સાથે ઉત્તમ, સ્થિર અને રિસ્ક-એડજસ્ટેડ રિટર્ન લાંબાગાળે પ્રદાન કરે છે. કે ટાટા એઆઈએની 91 ટકા એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) 31 માર્ચ, 2024 સુધીમાં મોર્નિંગસ્ટાર રેટિંગ્સ*ના આધારે પાંચ વર્ષના ધોરણે 4 સ્ટાર અથવા 5 સ્ટાર રેટેડ છે.

---

# SBI લોંગ ટર્મ ઇક્વિટી ફંડ 31 વર્ષ પૂર્ણ કરે છે, મ્યુચ્યુઅલ ફંડ સ્કીમનું રૂ. 1 લાખથી રૂ. 1,15,17,860માં રૂપાંતર

(એજન્સી) અમદાવાદ | તા. 24

SBI લોંગ ટર્મ ઈક્વિટી ફંડે 31 વર્ષ પૂરા કર્યા છે. 31 માર્ચ 1993 ના રોજ શરૂ કરાયેલ, યોજના (નિયમિત યોજના IDCW વિકલ્પ) એ શરૂઆતથી 16.53% નો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) આપ્યો છે, એટલે કે યોજનાના NFO દરમિયાન રોકાણ કરાયેલ રૂ. 1 લાખ વધીને લગભગ રૂ. 1,15,17,860 કરવામાં આવી છે. સ્કીમમાં SIP (રેગ્યુલર પ્લાન IDCW ઓપ્શન) એ 5 વર્ષમાં રોકાણકારને 28.22% ની CAGR ડિલિવર કરી હશે, જે બેન્ચમાર્ક (S&P BSE 500 TRI) ના 21.73% ની SIP બનાવે છે જે 5 વર્ષમાં દર મહિને રૂ. 10,000નું રોકાણ કરે છે. એટલે કે રૂ. 6 લાખની કિંમત 12.02 લાખ. જો રોકાણકાર શરૂઆતથી દર મહિને 10,000. નું રોકાણ 37.30 લાખ થાય તો. કરતાં વધુ હશે 13.09 કરોડનો ફાયદો થયો હશે. SBI લોંગ ટર્મ ઈક્વિટી ફંડ એ ઈક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ (ELSS) છે જે વર્તમાન ટેક્સ કાયદાની જોગવાઈઓ અનુસાર માત્ર રૂ. 1.5 લાખ સુધી મર્યાદિત છે. સુધીના રોકાણ પર કોઈ કર લાભ નથી , પરંતુ ફંડની ઈક્વિટી-કેન્દ્રિત પ્રકૃતિને કારણે લાંબા ગાળાની સંપત્તિ સર્જનની સંભાવના પણ પૂરી પાડે છે. યોજનામાં રોકાણ ફાળવણીની તારીખથી 3 વર્ષના વૈધાનિક લોક-ઈનને આધીન છે. લાંબા ગાળાના રોકાણની ક્ષિતિજો અને ઉચ્ચ જોખમની ભૂખ ધરાવતા રોકાણકારો સમય જતાં ચક્રવૃદ્ધિ વળતરનો લાભ મેળવી શકે છે. ટેક્સ પ્લાનિંગ માટેના રોકાણને માત્ર કર લાભો માટે જ નહીં પરંતુ લાંબા ગાળાની સંપત્તિ સર્જન માટે પણ જોવું જોઈએ.

---

# ભારતીય શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં ઉછાળો

**નિફ્ટી 50 શૅર્સમાંથી 36 શૅર લાભ સાથે ખૂલ્યા હતા**

(એજન્સી) મુંબઇ | તા.24

ભારતીય શેરબજારે નોંધપાત્ર ઉછાળો અનુભવ્યો છે, જે સતત ત્રીજા સત્રમાં ઉપરની તરફના ફાયદાને ચિહ્નિત કરે છે. આ લેખ આ ઉછાળામાં ફાળો આપતા પરિબળોની તપાસ કરે છે અને રોકાણકારો અને અર્થતંત્ર પર તેની અસરોનું વિશ્લેષણ કરે છે. શરૂઆતના વેપારમાં, નિફ્ટી 50 22,412.50 ની આસપાસ ટ્રેડિંગ કરતો જોવા મળ્યો હતો, જ્યારે શરૂઆતના સત્ર દરમિયાન સેન્સેક્સ 73,928 પર ટ્રેડ થયો હતો. આ રિપોર્ટ ફાઈલ કરતી વખતે સેન્સેક્સ 163 પોઈન્ટ વધીને 73,901 પોઈન્ટ પર પહોંચ્યો હતો અને બુધવારના ટ્રેડિંગ સેશનમાં નિફ્ટી 38 પોઈન્ટ વધીને 22,405 પોઈન્ટ પર પહોંચ્યો હતો. માર્ચ ક્વાર્ટરમાં વૈશ્વિક તણાવમાં ઘટાડો અને મજબૂત કોર્પોરેટ અર્નિંગને પગલે ભારતીય શેરબજારમાં ઉછાળો આવ્યો છે. આ હકારાત્મક ગતિ સ્થાનિક અર્થતંત્રમાં રોકાણકારોના વધતા વિશ્વાસને દર્શાવે છે. નિફ્ટી 50 શૅર્સમાંથી 36 શૅર લાભ સાથે ખૂલ્યા હતા, જ્યારે 13 ઘટાડા સાથે ખૂલ્યા હતા અને એક યથાવત રહ્યો હતો. નોંધપાત્ર નફો કરનારાઓમાં સિપ્લા, એક્સિસ બેન્ક અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ થાય છે, જ્યારે ટાટા કન્ઝ્યુમર, એચડીએફસી લાઈફ અને ઈન્ડસઈન્ડ બેન્કે ઘટાડાનો સામનો કરવો પડ્યો હતો. ટાટા કન્ઝ્યુમરે ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 19 ટકાનો ઘટાડો નોંધાવ્યા બાદ 4 ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. એ જ રીતે, માર્ચ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ઘટવાને કારણે ટાટા એલ્ક્સીના શેરમાં 3.68 ટકાનો ઘટાડો થયો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) રિલાયન્સ અને અગ્રણી ટેક્નોલોજી કંપનીઓ જેવી કંપનીઓના વેચાણ અને મિશ્ર Q4 પરિણામો છતાં, સામાન્ય ચૂંટણી પછીના વર્તમાન રાજકીય શાસનને ચાલુ રાખવા અંગે રોકાણકારો આશાવાદી છે. યુએસ બજારોમાં ઉછાળો અને એશિયન ઈક્વિટીમાં સકારાત્મક કામગીરી સેન્સેક્સ અને નિફ્ટી બંને માટે બુલિશ સેન્ટિમેન્ટનો સંકેત આપે છે.

---

# વોક્સસેન યુનિવર્સિટી એમબીએ 2024 આર્સીયમ તરફથી સૌથી વધુ પેકેજ સાથે 100% પ્લેસમેન્ટ રજીસ્ટર કરે છે

(એજન્સી) મુંબઇ | તા.24

ઉત્કૃષ્ટતા અને વિદ્યાર્થીઓની સફળતા માટેની તેની પ્રતિબદ્ધતાના વસિયતનામામાં, વોક્સસેન યુનિવર્સિટીએ વર્ષ 2024 માટે તેના MBA પ્લેસમેન્ટ રેકોર્ડમાં ગૌરવપૂર્ણ સિદ્ધિની જાહેરાત કરી છે. 100% પ્લેસમેન્ટ દર સાથે, વોક્સસેન મેનેજમેન્ટ શિક્ષણ માટેની અગ્રણી સંસ્થા તરીકે તેની પ્રતિષ્ઠાને જાળવી રાખવાનું ચાલુ રાખે છે. વૈશ્વિક આર્થિક મંદીની પૃષ્ઠભૂમિ વચ્ચે, વોક્સસેન યુનિવર્સિટીએ 2024ની પ્લેસમેન્ટ સીઝનનો નિશ્ચય અને સ્થિતિસ્થાપકતા સાથે સામનો કર્યો. અનિશ્ચિતતાઓ અને પડકારો હોવા છતાં, યુનિવર્સિટીએ ભરતી અભિયાનમાં ભાગ લેતી 85+ કંપનીઓનું પ્રભાવશાળી મતદાન જોયું, જે તેના વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે વોક્સસેનના અતૂટ સમર્પણને પ્રતિબિંબિત કરે છે. Woxsen ની પ્લેસમેન્ટ સીઝનની ખાસિયત એ 19



લાખના પેકેજ સાથે વૈશ્વિક ફિનટેક લીડર આર્સીયમ દ્વારા વિસ્તૃત ઓફર કરવામાં આવી હતી, જે 2024માં વોક્સસેન એમબીએ ગ્રેજ્યુએટ દ્વારા સુરક્ષિત કરાયેલ સર્વોચ્ચ પેકેજને ચિહ્નિત કરે છે. વધુમાં, માઈક્રોન, ટેક મહિન્દ્રા, જેવી જાણીતી કંપનીઓ. Deloitte, અને TCS અગ્રણી રિક્રુટર્સ પૈકીના હતા, જેણે અગ્રણી સંસ્થાઓ માટે પસંદગીના ટેલેન્ટ પૂલ તરીકે વોક્સસેનના કદને પુનઃ સમર્થન આપ્યું હતું. પ્લેસમેન્ટ ટ્રેન્ડનું વિશ્લેષણ IT/ITES કંપનીઓનું વર્ચસ્વ દર્શાવે છે, જે 31% પ્લેસમેન્ટ ધરાવે છે, ત્યારબાદ 21% ભરતી સાથે કન્સલ્ટિંગ અને FMCG સેક્ટર દ્વારા નજીકથી અનુસરવામાં આવે છે. નોંધનીય રીતે, ફાઈનાન્સ અને ફિનટેક સેક્ટરમાં નોંધપાત્ર ભાગીદારી જોવા મળી હતી, જેમાં પિરામલ ફાઈનાન્સ, એએનઝેડ બેન્ક અને યુબીએસ જેવી કંપનીઓએ વોક્સસેન સ્નાતકોને આકર્ષક તકો ઓફર કરી હતી. પ્લેસમેન્ટના આંકડા વોક્સસેન MBA સ્નાતકો દ્વારા સુરક્ષિત ભૂમિકાઓની વિવિધ શ્રેણી દર્શાવે છે. વ્યાપાર વિશ્લેષકોથી ફાઈનાન્સ એસોસિએટ્સ સુધી, વોક્સસેન ખાતેનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને બહુપક્ષીય કારકિર્દી પાથ માટે તૈયાર કરે છે, જેમાં 42% બિઝનેસ એનાલિસ્ટ તરીકે, 32% બિઝનેસ ડેવલપમેન્ટમાં અને 20% ફાયનાન્સ એસોસિએટ્સ તરીકેની ભૂમિકાઓ સુરક્ષિત છે. વોક્સસેન યુનિવર્સિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વિશાલ ખુર્મા આ નોંધપાત્ર સિદ્ધિનું શ્રેય સેન્ટર ઑફ ટેલેન્ટ ડેવલપમેન્ટના અતૂટ સમર્પણ અને કોર્પોરેટ રિલેશન ટીમના અસાધારણ પ્રયાસોને આપે છે. પડકારો હોવા છતાં, વોક્સસેન પ્રતિભાને પોષવા અને અર્થપૂર્ણ ઉદ્યોગ જોડાણો બનાવવા માટે પ્રતિબદ્ધ છે, તેના વિદ્યાર્થીઓ ગતિશીલ વાતાવરણ માટે સારી રીતે તૈયાર છે તેની ખાતરી કરે છે.

**વોક્સસેન એમબીએ ગ્રેજ્યુએટ્સ માટે આગળનું ઉજ્જવળ ભવિષ્ય |** જેમ જેમ Woxsen તેની MBA 2024 બેચની સફળતાની ઉજવણી કરે છે, તે તેના સ્નાતકો માટે આશાસ્પદ ભવિષ્યની રાહ જુએ છે. એકેડેમિયા, ઈન્ડસ્ટ્રી એક્સપોઝર અને વૈશ્વિક ભાગીદારીમાં મજબૂત પાયા સાથે, વોક્સસેન વિદ્યાર્થીઓને તેમના પસંદ કરેલા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ બનાવવા અને કોર્પોરેટ જગતમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સશક્તિકરણ કરવાનું ચાલુ રાખે છે.

---

# પ્રતિષ્ઠિત IBSi ડિજિટલ બેંકિંગ એવોર્ડ 2024

(એજન્સી) મુંબઇ | તા.23

Clayfin Technologies અને Jana Small Finance Bank ને નવીન ઓમ્નીચેનલ ડિજિટલ બેંકિંગ સોલ્યુશન પર તેમના સહયોગ માટે 'પ્રાદેશિક વિજેતા: એશિયા' તરીકે ઓળખવામાં આવી હતી. એવોર્ડનું મહત્વ 'રિજનલ વિનર્સ: એશિયા' ટાઈટલ જીતવું એ ડિજિટલ બેંકિંગ સોલ્યુશન્સમાં ક્લેફિન અને જના સ્મોલ ફાઈનાન્સ બેંકના અગ્રણી પ્રયાસોને પ્રકાશિત કરે છે. પુરસ્કૃત સોલ્યુશન જાના એસએફબીના ગ્રાહકોને સીમલેસ 360-ડિગ્રી વ્યુ ઓફર કરે છે, જે સમગ્ર મોબાઈલ અને ઈન્ટરનેટ બેંકિંગ પ્લેટફોર્મ પર સુલભતા સુનિશ્ચિત કરે છે. આ સોલ્યુશનથી જના SFB માટે ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને ખર્ચ બચતમાં નોંધપાત્ર સુધારાઓ થયા, તેમના ડિજિટલ પદચિહ્નમાં વધારો થયો. ઉદ્યોગ નિષ્ણાતો અને હિતધારકો જના સ્મોલ ફાઈનાન્સ બેન્ક અને ક્લેફિનને ડિજિટલ બેન્કિંગ શ્રેષ્ઠતામાં તેમની સિદ્ધિ બદલ અભિનંદન આપે છે. IBS ઈન્ટેલિજન્સ (IBSi) વૈશ્વિક સ્તરે બેન્કિંગ ક્ષેત્રમાં પ્રભાવશાળી તકનીકી અમલીકરણ પ્રોજેક્ટ્સને ઓળખવા માટે ડિજિટલ બેન્કિંગ એવોર્ડ્સનું આયોજન કરે છે.


---

**ભારત-UAE વચ્ચે આર્થિક નવા યુગની શરૂઆત** | બંને રાષ્ટ્રો વચ્ચે આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર હસ્તાક્ષર થવાના પગલે આ વધારો થયો

# જયપુર ભારત-યુએઈના વેપારમાં નોંધપાત્ર વધારો ઇચ્છતા હોવાથી મુખ્ય ફાળો આપનાર બની ગયું છે

(એજન્સી) મુંબઇ | તા.24

તાજેતરના વર્ષોમાં, ભારત અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચેના વેપાર સંબંધોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જેમાં રાજસ્થાનની વાઈબ્રન્ટ રાજધાની જયપુર, આ ઉપર તરફના માર્ગમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારત અને UAE વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં નોંધપાત્ર વિસ્તરણ જોવા મળ્યું છે, જે છેલ્લા બે વર્ષમાં 73 બિલિયન યુએસડીથી વધીને 85 બિલિયન યુએસડી સુધીનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. બંને રાષ્ટ્રો વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર હસ્તાક્ષર થવાના પગલે આ વધારો થયો છે. UAE-ભારત કોઓપરેશન એન્ડ કોઓર્ડિનેશન ઓફિસ (UICC) ના નિયામક અહેમદ અલજનેબી, CEPA ના અમલીકરણ પછી વેપારમાં નોંધપાત્ર 16 ટકા વૃદ્ધિ દર્શાવે છે. આવો વિકાસ ભારત અને UAE વચ્ચે વધતા



જતા આર્થિક સંબંધોને રેખાંકિત કરે છે. CEPA, જે 1 મે, 2022 ના રોજ અમલમાં આવ્યું હતું, તેણે ભારત અને UAE વચ્ચે આર્થિક સહયોગના નવા યુગની શરૂઆત કરી છે. આ કરારનો ઉદ્દેશ્ય વધુને વધુ બજાર પ્રવેશની સુવિધા આપીને અને વિવિધ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડીને વેપાર સંબંધોને મજબૂત કરવાનો છે. CEPA એ ખુલ્લા અને બિન-ભેદભાવ વિનાના વેપાર વાતાવરણને ઉત્તેજન આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જેનાથી દ્વિપક્ષીય વેપાર વોલ્યુમમાં વધારો થાય છે. તદુપરાંત, તે વેપારમાં તકનીકી અવરોધોને દૂર કરે છે અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન સુનિશ્ચિત કરે છે, બંને રાષ્ટ્રો માટે વ્યવસાય કરવાની સરળતામાં વધારો કરે છે. જયપુર ભારત અને UAE વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં નોંધપાત્ર યોગદાન આપનાર તરીકે ઉભરી આવ્યું છે, જેનું વેપાર વોલ્યુમ આશરે અડધા અબજ ડોલરનું છે. જયપુરના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને, UAEના અધિકારીઓ ભાગીદારીની તકો શોધવા માટે સ્થાનિક વ્યવસાયો સાથે જોડાવા આતુર છે. UAE માં આવેલું રાસ અલ-ખૈમાહ, આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કરવા માંગતા ભારતીય વ્યવસાયો માટે આકર્ષક સંભાવનાઓ પ્રદાન કરે છે. તેની સાનુકૂળ આર્થિક રોકાણ નીતિઓ, વ્યૂહાત્મક સ્થાન અને વિશ્વ-સ્તરીય માળખાકીય સુવિધાઓ સાથે, રાસ અલ-ખૈમાહ ભારતીય કંપનીઓ માટે તેમની કામગીરીનું વૈશ્વિકીકરણ કરવા માગે છે તે માટે એક આદર્શ પ્રવેશદ્વાર પૂરો પાડે છે. અહેમદ અલ્જનીબીએ વેપારને સરળ બનાવવા માટે જયપુરના મહત્વ પર ભાર મૂક્યો અને ભારતીય વ્યવસાયો સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે UAEની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી. ત્સ્કોમિન ગોઈંટિયાએ તેના અનુકૂળ નિયમનકારી વાતાવરણ અને વ્યૂહાત્મક ફાયદાઓને ટાંકીને ભારતીય કંપનીઓ માટે રાસ અલ-ખાઈમાહની અપીલને હાઈલાઈટ કરી છે. મોહમ્મદ હસીબ ભારતીય વ્યવસાયોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાના મહત્વ પર ભાર મૂકે છે, રાસ અલ-ખૈમાહ આ ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે એક મહત્વપૂર્ણ સાધન તરીકે સેવા આપે છે.

---

# અંબુજા મનોવિકાસ કેન્દ્રના વિદ્યાર્થીઓએ સળંગ છઠ્ઠી વાર ઉમંગ સિઝન 6માં ટોચનું સન્માન મેળવ્યું

(એજન્સી) પંજાબ | તા. 24

ડાયવર્સિફાઈડ અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ ગર્વભેર જાહેરાત કરે છે કે પંજાબના રોપારમાં આવેલી દિવ્યાંગ બાળકો માટેની સ્કૂલ અંબુજા મનોવિકાસ કેન્દ્ર (એએમકે)ના વિદ્યાર્થીઓએ ઉમંગ સિઝન 6 (દિવ્યાંગ બાળકો માટે ઉત્તર ઝોનની સાંસ્કૃતિક સ્પર્ધા)માં ઓવરઓલ ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી છે.

એએમકેના વિદ્યાર્થીઓએ સળંગ છઠ્ઠી વાર ઈવેન્ટમાં આ સન્માન જીત્યું છે. એએમકેના 12 વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકોની ટીમ પંજાબના ઉપરાંત હરિયાણા, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને ચંદીગઠના 16 જિલ્લાઓમાં 20 સ્પેશિયલ સ્કૂલોના 275 સહભાગીઓમાં સમાવિષ્ટ હતી. ઉત્તર ઝોન સાંસ્કૃતિક સ્પર્ધા - ઉમંગનું આયોજન દિવ્યાંગ બાળકો માટેની આશાદીપ વેલ્ફેર સોસાયટી તથા દિવ્યાંગ શિક્ષકોના સહયોગમાં પંજાબના સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક ઈવેન્ટની છઠ્ઠી એડિશન હતી.

તમામ સ્પર્ધામાં એએમકે વિદ્યાર્થીઓની ટીમે તેમના પર્ફોર્મન્સમાં અદ્વિતીય કુશળતા અને પ્રતિભાનું પ્રદર્શન કરીને ચાર ઈવેન્ટ્સમાં પહેલું સ્થાન મેળવ્યું હતું અને વધુ બેમાં બીજું સ્થાન હાંસલ કર્યું હતું. આના પગલે ટીમનો એકંદરે સ્કોર અન્ય સહભાગીઓ કરતા વધુ રહ્યો હતો અને એએમકેને ઓવરઓલ ચેમ્પિયનશિપ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવી હતી જે તેમની સિદ્ધિઓમાં એક સુવર્ણપિચ્છ ઉમેરે છે. સતત છઠ્ઠા વર્ષે મળેલી આ એકધારી સફળતા એએમકે સ્ટાફ અને તમામ બાળકોની સ્થિતિસ્થાપકતાની પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે.

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન હેઠળના અંબુજા મનોવિકાસ કેન્દ્રનું મિશન બૌદ્ધિક રીતે વિકલાંગ, ઓટિઝમથી પીડાતા બાળકો અને અનેક પડકારો ધરાવતા બાળકો સહિતના બાળકોની વિશેષ જરૂરિયાતો પૂરી કરે છે જેથી તેમની સંપૂર્ણ સંભાવનાઓ અનલોક થાય અને તેઓ તેમના જીવનમાં સફળતા મેળવે. એએમકે 503થી વધુ વિદ્યાર્થીઓ ધરાવે છે જે તમામ વિશેષ જરૂરિયાતોની કેટેગરીમાં ફિટ બેસે છે. સંસ્થા તેમને સમાવેશક માહોલ, યોગ્ય શિક્ષણ તથા થેરાપ્યુટિક ઈન્ટરવેન્શન્સ પૂરા પાડે છે જેથી તેમની વ્યક્તિગત વિકાસ જરૂરિયાતો સંતોષી શકાય.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ચૈત્ર વદ-02

# સુરતની જીત, કોની ભૂલ?

અઢારમી લોકસભાના ચાલી રહેલા મતદાનની પ્રક્રિયા પૂરી થતાં પહેલાં જ ભાજપના ખાતામાં એક સીટ આવી ગઈ છે. ગુજરાતની સુરત લોકસભા સીટ પર ભાજપી ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરી દીધા છે. આ સીટથી કોંગ્રેસ ઉમેદવારનું નામાંકન રદ થઈ ગયું હતું, જ્યારે બાકી બચેલા આઠ ઉમેદવારોએ પોતાનું નામાંકન નામ પાછા ખેંચવાની આખરી તારીખ સુધીમાં પાછું ખેંચી લીધું હતું. રવિવારે ચૂંટણી અધિકારીએ સુરત સીટથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું નામાંકન પ્રસ્તાવકોની સહીમાં પ્રથમ દૃષ્ટિએ વિસંગતિ હોવાને કારણે રદ કરી દીધું હતું. જોકે નામાંકન રદ થવાને લઈને દેશમાં રાજનીતિ ગરમાઈ ગઈ, કોંગ્રેસ ચૂંટણી પંચ પર આક્રમક બની ગઈ. કોંગ્રેસે નામાંકન રદ થવા વિરુદ્ધ અદાલતમાં જવાની વાત કહી છે. કોંગ્રેસના રાહુલ ગાંધીએ તો આરોપ લગાવ્યો કે આ બંધારણ ખતમ કરવાની દિશામાં ભરાયેલું વધુ એક પગલું છે. સાથે જ તેમણે આને મોદી સરકારની તાનાશાહી પણ ગણાવી દીધી. સુરતના ડીએમએ સફાઈ આપી કે કોંગ્રેસ ઉમેદવારને સહી કરનારા સાક્ષીઓને સમયસર રજૂ થવા માટે કહેવાયું હતું, પરંતુ કોંગ્રેસના ઉમેદવારે જ આદેશનું પાલન ન કર્યું. સમયસીમા સમાપ્ત થયા બાદ જ ચૂંટણી પંચે નિર્ણય લીધો. આમાં કોંગ્રેસી ઉમેદવારની જ ભૂલ જણાઈ આવે છે. આવી સ્થિતિથી બચવા માટે વિપક્ષે જે તૈયારી કરવી પડે તે કરી ન હતી, બલ્કે કહી શકાય કે તેમણે 'જુદી' જ તૈયારીઓ કરી રાખી હતી! જોકે કોંગ્રેસનું તો નામાંકન રદ થયું, પરંતુ બાકી બચેલા આઠ ઉમેદવારોએ પોતાનું નામાંકન કેમ પાછું ખેંચી લીધું? એની તપાસ ચૂંટણી પંચે પોતાના સ્તરે કરવી જોઈએ. સુરતમાં ચૂંટણી યોજાઈ હોત તો સારું થાત, જનતાને પોતાનું મતદાન કરવાનો અવસર મળ્યો હોત. ચૂંટણી પંચે એવી સ્થિતિથી બચવા માટે કાયદાકીય રીતે કોઈ જોગવાઈ કરવી જોઈએ, જેમાં મતદાનના અધિકારથી જનતા વંચિત ન રહે. આજકાલ જો કે નોટાનો વિકલ્પ પણ છે. જોકે ટેકનિકલ રીતે નોટાને કોઈ ઉમેદવાર ન માની શકાય, અને જ્યાં એક ઉમેદવાર હોય ત્યાં નોટા લાગુ જ નથી પડતું. એટલે આ મુદ્દો અહીં ખોટો ઠરે છે. આવામાં કોંગ્રેસનો એવો આરોપ કે આ લોકતંત્રની હત્યા છે તે સાવ નકામો છે. આવું પહેલીવાર નથી બન્યું કે લોકસભા ઉમેદવાર ચૂંટણીમાં બિનહરીફ જીત્યા હોય. ૧૯૫૧થી અત્યાર સુધી થયેલ સંસદીય ચૂંટણીમાં ઓછામાં ઓછા ૩૪ ઉમેદવારો બિનહરીફ જીત્યા છે. હાલમાં જ થયેલી અરુણાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ૧૦ ઉમેદવારો બિનહરીફ જીત્યા હતા. ૨૦૧૨માં સપાનાં ડિમ્પલ યાદવને કન્નૌજ લોકસભા સીટ પરથી બિનહરીફ જીત મળી હતી. લોકસભા ચૂંટણીઓમાં બિનહરીફ જીત મેળવનારામાં વાયબી ચવ્હાણ, ફારુક અબ્દુલ્લા, હરેકૃષ્ણ મહતાબ, ટીટી કૃષ્ણમાચારી, પીએમ સઈદ અને એસસી ઝમીર સામેલ છે. અત્યાર સુધી કોંગ્રેસ પાર્ટીના જ સૌથી વધુ ઉમેદવારોએ લોકસભા ચૂંટણીમાં બિનહરીફ જીત મેળવી છે. તેથી બિનહરીફ ચૂંટણીને લોકતંત્ર માટે ખતરો ન માની શકાય.

# ગોરેલ સીમમાંથી 3.920 કિલોગ્રામ નશીલા ગાંજા સાથે શખ્સ ઝડપાયો

(એજન્સી) ગોરેલ | તા. 24

પેટલાદ તાલુકાના ગોરેલ ગામની સીમમાં ગઈકાલે રાત્રીના zસુમારે આણંદ એસઓજી પોલીસે છાપો મારીને એક શખ્સને ૩.૯૨૦ કિલોગ્રામ નશીલા ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડીને વીરસદ પોલીસ મથકે એનડીપીએસ ધારાની જુદી-જુદી કલમો હેઠળ ગુનો દાખલ કરાવીને વધુ તપાસ તારાપુર સીપીઆઈને સોંપી હતી.



પ્રાપ્ત વિગતો અનુસાર ગઈકાલે રાત્રીના સુમારે પોલીસને માહિતી મળી હતી કે, ગોરેલ-ધર્મજ રોડ ઉપર આવેલી સીમમાં રહેતો મગનભાઈ ઉર્ફે ભગત ડાહ્યાભાઈ ઠાકોર પોતાના ઘર પાસે આવેલી ઓસરીમાં ગાંજાનું વેચાણ કરે છે. જેથી પોલીસની ટીમ રાત્રીના સુમારે ત્રાટકી હતી અને ઘરની બહાર ઓસરીમાં ખાટલો ઢાળીને બેઠેલા મગનભાઈ ઉર્ફે ભગતને ઝડપી પાડ્યો હતો. પોલીસે તપાસ કરતા ખાટલાની નીચે મુકેલી પ્લાસ્ટીકના મીણીયાના થેલામાંથી વનસ્પતિજન્ય ગાંજા જેવો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. જેથી ખાતરી કરવા માટે આણંદ એફએસએલને જાણ કરતા જ એફએસએલની ટીમ નાર્કો કીટ સાથે ગોરેલ ગામની સીમમાં પહોંચી ગઈ હતી અને પકડાયેલા પદાર્થની તપાસણી કરતા તે ગાંજો જ હોવાનું ખુલવા પામ્યું હતુ. પોલીસે તેનું વજન કરતા કુલ ૩.૯૨૦ કિલોગ્રામ થવા પામ્યું હતુ. જેની કિંમત ૩૯૨૦૦ રૂપિયા જેટલી થવા જાય છે. પોલીસે પકડાયેલા મગનભાઈની અંગજડતી કરતા રોકડા ૨૪૧૦ તેમજ એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જે સાથે કુલ ૪૨૨૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તેની પ્રાથમિક પુછપરછ કરતા ઉક્ત ગાંજાનો જથ્થો તે જંબુસરથી લાવતો હતો.



દિપક રાવલ દાહોદ લીમખેડા

પ્રભુ શ્રીરામના પરમ ભક્ત શ્રી હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી લીમખેડા ખાતે જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ શુભ પ્રસંગે મહાભિષેક, શ્રી મારુતિ યજ્ઞ, 56 ભોગ દર્શન, મહાઆરતી તથા મહા પ્રસાદીનો ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો.

## અરવલ્લી જિલ્લાના ધનસુરામાં નારી રક્ષા સેનાની બેઠક યોજાઇ



રાકેશ મહેતા. ધનસુરા

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં નારી રક્ષા સેના ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નારી રક્ષા સેના ના તાલુકા પ્રમુખ, નમ્રતા બેન ચોપડા, ઉપપ્રમુખ મીનાબેન જોષી, મંત્રી કિરણબેન પટેલ, સહ મંત્રી રંજનબેન ઠુંમર તેમજ ધનસુરા તાલુકા મીડિયા સેલ યુવા પ્રમુખ ભરતભાઈ ઠુંમર દ્વારા નવ નિમણૂક પામેલ દરેક બહેનોને નિમણૂક પત્રક અને આઈ કાર્ડ આપીને સન્માનિત કર્યા હતા. બેઠકમાં ધનસુરા તાલુકાની પીડિત બહેનોને કેવી રીતે ન્યાય અપાવી શકીએ, અને બહેનોને કેવી રીતે મદદ કરીશકીએ, તેમજ દરેક બહેનોને રોજગારી આપી શકીએ જેવા વિવિધ મુદ્દા ઓ ઊપર ચર્ચા કરી અને ધનસુરા નારી રક્ષા સેનાની ટીમ દ્વારા બહેનોને તેમજ ભાઈઓ ને નારી રક્ષા સેના માં જોડાવા આહવાન કર્યુ હતું.ધનસુરા તાલુકાના મીડિયા સેલ યુવા પ્રમુખ ભરતભાઈ ઠુંમર પણ હાજર રહ્યા હતા.

# નવાવાસ રવાપર ગામે હનુમાન જન્મોત્સવની ઊજવણી કરાઇ

મહેશ એલ. સોની નખત્રાણા



કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના નાનકડા નવાવાસ ( રવાપર ) ગામે હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ખૂબ ધામ ધૂમથી ઉજવવામાં આવ્યો.


આ અંગે માહિતી આપતા શ્રી લાભશંકર વાસુએ જણાવ્યું હતું કે પૂનમ ના દિવસે સવારે ૬ વાગ્યે શરૂ કરવામાં આવેલી અખંડ રામધૂન રાત્રે ૯ વાગ્યે પૂર્ણ કરવામાં આવી. બપોરના તેમજ રાત્રીના મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમસ્ત હિન્દુ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગામના અગ્રણીઓ પ્રેમજીભાઈ જાદવાણી, વિનોદભાઈ શંકરલાલ પટેલ, દિપકભાઈ વાસાણી, હરેશભાઈ વાસાણી, યોગેશભાઈ વાસુ, દેવજીભાઈ પટેલ, જીવરાજભાઈ પટેલ, કિર્તીભાઈ પટેલ, બાબુભાઈ વાસાણી શંકરભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, દિપકસિહ જાડેજા, હિંમતગીરી ગોસ્વામી સહિતના કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## પદ્મશ્રી ડો પ્રવીણ દરજીએ મતદારોને અચૂક મતદાનની કરી અપીલ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે મહીસાગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય અને જિલ્લાના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વમાં સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે ત્યારે જિલ્લાના જાણીતા વ્યક્તિઓ પણ સામાજિક જવાબદારીના ભાગરૂપે મતદાર જાગૃતિ અંગે સંદેશ પ્રસરાવી રહ્યા છે. એમિરિટસ પ્રોફેસર અને ૧૫૧થી વધુ પુસ્તકોના સાહિત્ય સર્જક પ્રસિદ્ધ સાહિત્યકાર પદ્મશ્રી ડો પ્રવીણ દરજીએ લોકશાહીના પર્વમાં અચૂક મતદાનની અપીલ કરતાં જણાવ્યું હતું કે આપ જાણો છો કે ૭મી મે ૨૦૨૪ના રોજ લોકસભાની ચૂંટણી આવી રહી છે. ચૂંટણી લોકશાહીનું સૌથી મોટું પર્વ છે આપણે એ પણ જાણીએ છીએ કે વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર ભારત છે, ભારતીય લોકશાહી છે. આપણે એ દેશના ગૌરવવંતા નાગરિકો છીએ નાગરિક તરીકે આપણને સૌને જે મતાધિકાર મળ્યો છે તેનો સાચો ઉપયોગ કરવાનો દિવસ એટલે ચૂંટણી મહોત્સવ. આવો આપણે એ દિવસે આપણા પવિત્ર મતનો અધિકારપૂર્વક ઉપયોગ કરીએ ઇચ્છિત સરકાર પસંદ કરી અને લોકશાહીના પાયાને વધુ મજબૂત કરીએ.



### અધિકારીઓ અને પદાધિકારીઓ માટે શરમજનક ઘટના

# રાજુલા પાસે આવેલ ધાતરવડી બ્રિજ ઉપર પડ્યા ભ્રષ્ટાચારના ગાબડાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા પાસે આવેલ ધાતરવડી બ્રિજ ઉપર પડ્યા ભ્રષ્ટાચાર ના ગાબડાં ત્રણ જ મહિના પહેલા બનેલા બ્રિજ ઉપર ગાબડું પડતાં AC ઓફિસ માં બેઠેલા અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં થી જગ્યા બ્રિજ ઉપર ગાબડું પડતાં વાહનચાલકોમાં ભય બ્રિજ પર ગાબડું પડતાં સરકારી તંત્રની કામગીરી પર ઉઠ્યા સવાલો બ્રિજ ઉપર મસમોટું ગાબડું પડતાં વાહનચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

થોડાંક સમય પહેલા ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર રોડ ઉપર તિરાડ રોડ પર ખાડા પડવા વિગેરે બાબતો હજુ સોશ્યલ મીડિયામાં ચાલી રહી છે. ત્યારે ફરી એકવાર આ ઘટના લોકોની સામે આવતા, વિકાસ આવો કેવો ? તેવા સવાલો લોકોમાંથી ઉઠી રહ્યો છે. જો કે બ્રિજ ઉપર ગાબડું પડવાની ઘટના કે પછી માર્ગ પર મસમોટા ખાડા પડવાની ઘટના હવે સામાન્ય બની જવા પામી છે. નબળા કામ માટે જવાબદાર કોણ ? બાંધકામ કચેરીમાં એજન્સી પાસેથી ટકાવારી બંધન થાય ત્યાં સુધી રોડ ઉપર કે પછી બ્રિજ ઉપર ભ્રષ્ટાચાર ના ગાબડાં ઓ પડવાનાં તેવી અનેક ચર્ચાઓ નબળા કામ અંગે અવારનવાર અખબારોમાં સમાચારો પ્રકાશિત થાય છે. પરંતુ ગાંધી છાપ નોટ મળતા સબકુછ ચલતા હૈ ઉચ્ચ અધિકારીઓ આ બાબતે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી કારણ કે જવાબદાર અધિકારીઓ ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં હોય તેવા અનેક પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. આશરે ત્રણ મહિના પહેલા બનેલા બ્રિજ ઉપર મસમોટું ગાબડું પડવાની ઘટના સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પણ સફાળા કુંભકર્ણની નિદ્રામાં થી જાગી ગયા હતા અને ભ્રષ્ટાચાર નું ગાબડું પુરવા માટેની મથામણ શરૂ કરી હતી.

## ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ઈસમને જીલ્લા બહાર હદપાર કરતી પીપાવાવ મરીન પોલીસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં અને ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલાં લેવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાહેબ નાઓએ આગામી લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અનુસંધાને અમરેલી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરિકોને દાદાગીરી, ધાકધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજ્ય ફેલાવી આતંક મચાવતા માથા ભારે ઈસમો સામે પાસા-તડીપાર જેવા સખ્ત પગલાં લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ દરમ્યાન તટસ્થ અને નિર્ભય પણે મતદાન થઇ શકે તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય.



## જામનગરના 21 ચિત્રકારોએ ઐતિહાસિક સ્થળોના 40 જેટલા ચિત્રો બનાવી દેશના અમુલ્ય વારસાની જાળવણીનો સંદેશો આપ્યો

વિશાલ જે હરવરા | જામનગર






દર વર્ષે 18મી એપ્રિલે સાંસ્કૃતિક વારસાની જાળવણી અને મહત્વ વિશે જાગૃતિ લાવવા અને વિશ્વના વારસાની વિવિધતાની ઉજવણી કરવા માટે વર્લ્ડ હેરીટેજ ડે મનાવવામાં આવે છે.વર્લ્ડ હેરિટેજ દિવસની ઉજવણીનો વિચાર 1982માં ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઇટ્સ (ICOMOS) દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો અને બાદમાં 1983માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી. વર્લ્ડ હેરીટેજ ડે ઉજવણી અંતર્ગત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત પુરાતત્વ અને સંગ્રહાલય ખાતાના પુરાતત્વીય સંગ્રહાલય, જામનગર ખાતે તા.૧૮મી એપ્રિલ ૨૦૨૪ના રોજ 'વર્લ્ડ હેરીટેજ ડે એક્ઝિબિશન'નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેનુ ઉદઘાટન નિવૃત ચિત્ર શિક્ષક અને જામનગરના સિનિયર આર્ટીસ્ટ શ્રી જગદીષભાઇ જોષીના વરદહસ્તે કરવામાં આવ્યુ હતુ. આ એક્સિબિશનમાં વોટર કલર, એક્રેલિક, પેન્સીલ, કેનવાસ વર્ક સાથે હેરિટેજ થીમ ઉપર જામનગરનાં જાણીતાં અનુભૂતિ ગ્રુપનાં કુલ ૨૧ ચિત્રકારો દ્વારા અંદાજિત ૪૦ જેટલા ચિત્રોનું પ્રદર્શન કરવામાં આવેલ.જેમાં દેશ-વિદેશનાં હેરીટેઝ સ્થળો જેવા કે, ઈજિપ્તનાં પિરામીડ, તાજમહાલ, રાણીની વાવ, નવલખા મંદિર તેમજ જામનગરનાં સ્થાનિક ઐતિહાસિક સ્થળો જેવા કે, ભૂજીયો કોઠો ભીડભંજન મહાદેવ, સુખનાથ મહાદેવ, સૈફી ટાવર, પંચેશ્વર ટાવર, સોલેરીયમ, સજુબા કન્યા શાળા, રણજીતસાગર ડેમ, કાશી વિશ્વનાથ મહાદેવ, ખંભાળીયા ગેટ, ત્રણ દરવાજા, ધન્વંતરિ મંદિર ઉપરાંત જામનગરના અમૂલ્ય ધરોહર સમાન પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકનાં રાજ્ય રક્ષિત સ્મારક લાખોટા કોઠાના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

## પ્રથમ વખત મતદાન કરી રહેલ જામનગરની વિધાર્થિનીઓની યુવાઓને મતદાન કરવા અપીલ

વિશાલ જે હરવરા | જામનગર





લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અંતર્ગત જામનગર જિલ્લામાં મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો મતદાન કરી ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થાય તે પ્રકારે મતદાન જાગૃતિ લાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી બી. કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા કામગીરી કરાઇ રહી છે. ત્યારે જામનગરની ડિ.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજની વિદ્યાર્થિની ફિઝા માડકીયાને 18 વર્ષ પૂર્ણ થતાં પ્રથમ વખત મતદાન કરી રહી છે. તેણી જણાવે છે કે હું પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરી રહી હોવાથી ઉત્સુક છું. મારા દેશ માટે હું મત આપવા જઇ રહી છું. તેમજ યુવાઓ અને મહિલાઓને પણ પોતાનો મત અવશ્ય આપવા માટે વિનંતી કરું છું. મારો મત મારો અધિકાર. અન્ય વિદ્યાર્થીની નિરાલી જોશી જણાવે છે કે 2024ની લોકસભા ચૂંટણીમાં હું પ્રથમ વખત મારો મત આપવા જઇ રહી છું. ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. મારા પરિવાર સાથે હું મત આપીશ અને અન્ય લોકોને પણ અપીલ કરું છું કે તમે પણ તમારા મતનો યોગ્ય રીતે ઉપયોગ કરો.

## જામનગરના ફરાર આરોપીને કોર્ટમાં હાજર થવા જાહેરનામું બહાર પડાયું

વિશાલ જે હરવરા | જામનગર

જામનગરની મેન્ટલ હોસ્પિટલના આરોપી ડૉ.હેમંત કુમાર સુરેન્દ્રરાય બૂચ, ઉ.વ.૭૧ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૬૧ તથા ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૫(૨) હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે અથવા ગુન્હો કર્યો હોવાનો શક છે તે ઉપરથી કાઢવામાં આવેલાં ધરપકડ વોરંટ પર એવા શેરો થઈ આવેલ છે કે સદરહુ આરોપી મળી આવતા નથી તે સદરહુ ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા કરે છે. આથી આરોપીએ તે ફરિયાદનો જવાબ આપવા સ્પેશિયલ જજ તથા એડિશનલ સેસન્સ જજ જામનગર સમક્ષ હાજર થવા જહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

## લોકસભા ચુંટણી : મતદાનના પહેલાના 48 કલાક અને મતગણતરીના દિવસને "ડ્રાય ડે" જાહેર કરાયા

વિશાલ જે હરવરા | જામનગર

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં તા.૦૭-૦૫-૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. આ ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી બી.કે.પંડ્યા દ્વારા જાહેરનામા થકી મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે તા.૦૫-૦૫-૨૦૨૪ના સાંજના ૦૬:૦૦ કલાક થી તા.૦૭-૦૫-૨૦૨૪ના રાત્રીના ૧૦:૦૦ કલાક સુધી અને મતગણતરીના દિવસને એટલે કે તા.૦૪-૦૬-૨૦૨૪ના દિવસને "ડ્રાય ડે" તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જિલ્લામાં ચૂંટણીનું કાર્ય નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલ કેફી પદાર્થોનું વેચાણ કરતી હોટલ, ક્લબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પૂરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય. વ્યકિતગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમિટ ધરાવતા વ્યક્તિઓને તા.૭-૫-૨૦૨૪ના રોજ મતદાન પૂરું થવા માટે નિયત સમયથી ૪૮કલાક પહેલાનો સમયગાળો એટલે કે તા.૫-૫-૨૦૨૪ના સાંજના ૬:૦૦કલાકથી તા.૭-૫-૨૦૨૪ના રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી અને મતગણતરીના દિવસે એટલે કે તા.૪-૬-૨૦૨૪ના દિવસે (મતગણતરી પૂર્ણ થાય અને પરિણામ જાહેર થાય ત્યાં સુધી) દારૂ વેચાણ કરવા / પીરસવા પર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

### મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત

## ચાણસ્મા ખાતે રંગોળી ચિત્રણ દ્વારા મતદારોને સંદેશ અપાયો



નિતીન ઠાકર | ચાણસ્મા

જ્યારે ખા. ધારીયાલ ગામે ભવાઇ ના કલાકારો દ્વારા નાનું વેશભુષા ભજવી મતદાન કરવા મતદારો ને સંદેશ અપાયો અગામી ૭ મે ના રોજ ગુજરાત માં લોકસભાની ચૂંટણી નું મતદાન યોજાઇ રહ્યું છે. ત્યારે વધારે માં વધારે લોકો મતદાન કરવા પ્રેરાય તેવા શુભ હેતુ સર તંત્ર દ્વારા રંગોળી ચિત્રણ બાઈક રેલી ભવાઈ નાટક જેવા કાર્યક્રમો દ્વારા લોક જાગૃતિ અભિયાન ચલાવાઈ રહ્યું છે. ત્યારે ચાણસ્મા ખાતે આઈ સી.ડી.એસ . સી.આર. સી. દ્વારા શાળાના બાળકો નો સહકાર લઈ મતદાન જાગૃતિ અંગેની રંગોળી ચિત્રણ દ્વારા મતદારોને મતદાન કરવાની અપીલ સાથે લોકશાહી ના પર્વ ચૂંટણી માં મતદાન કરવાની પ્રેરણા આપતા સુંદર ચિત્રોનું બાળકો વિદ્યાર્થી ઓ દ્વારા જ્યાં સુંદર ચિત્રો નું આલેખન કરાયું હતું જ્યારે ખા. ધારીયાલ ગામે ભવાઈના કલાકારો દ્વારા ભવાઈ મારફતે મતદારોએ મતદાન કરવા પ્રેરણા આપતો રજૂ કર્યો હતો

# કારખાનાના શ્રમયોગીઓ તેમજ નોંધણી થયેલી સંસ્થા કે સાઈટના શ્રમયોગીઓને મતદાનના દિવસે સવેતન રજા આપવાની રહેશે

વિશાલ જે હરવરા | જામનગર

લોકસભા સામાન્ય ચૂંટણી-2024 ને અનુલક્ષીને આગામી તારીખ 07 મી મે- મંગળવારના દિવસે જામનગર જિલ્લા તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કારખાના ધારા-1948 હેઠળ ઔદ્યોગિક એકમો કે કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એક્ટ-1996 અન્વયે નોંધણી થયેલી સંસ્થા કે સાઈટ પર કાર્યરત શ્રમયોગીઓને મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની જાહેરાત કરવામાં આવી છે. તેમજ લોકપ્રતિનિધિત્વ ધારા-1951 ની કલમ-135 (B) મુજબ કારખાના ધારા-1948 અન્વયે કારખાનામાં કાર્ય કરતા શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એક્ટ અન્વયે નોંધણી થયેલી સંસ્થાઓ કે સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમને સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ કે કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. ઉક્ત દિવસે રજાના કારણે જો શ્રમયોગીઓ કે કર્મચારીઓને પગાર મેળવવાનો હકક ન ધરાવતો હોય, તો તેવા સંજોગોમાં જે-તે વ્યકિતની રજા જાહેર ના થઈ હોય અને જેટલો પગાર મળવાપાત્ર થતો હોય, તો તેટલો પગાર તેમને ચૂકવવાનો રહેશે. જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભું થવાનું સંભવિત હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયલા હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવાનું સંભવિત હોય, તો તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ કે કર્મચારીઓને તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોકત જોગવાઈથી વિરુધ્ધનું વર્તન કરશે, તો તેમના વિરુદ્ધ આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



# સૂતા પહેલા વોક કરવાથી શરીર રહેશે તંદુરસ્ત
# રાત્રે વોક કરવાના ફાયદા જાણો

હરતાં ફરતાં રહેવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આ વાત તો તમે પણ જાણતા હશો પરંતુ શું તમે જાણો છો કે રાત્રે સૂતા પહેલા વોક કરવાથી શરીર પર જાદૂ જેવી અસર થાય છે? રાત્રે સૂતા પહેલા જો તમે વોક કરવાની આદત રાખો છો તો તેનાથી તમારા સ્વાસ્થ્ય પર સારી અસર થાય છે. આજે તમને જણાવીએ રાત્રે જમ્યા પછી સૂતા પહેલા વોક કરવાથી શરીરને કેટલા ફાયદા થાય છે.

## રાત્રે વોક કરવાથી થતા ફાયદા

- રાત્રે સૂતા પહેલા ચાલવાથી શરીરનું તાપમાન ઓછું થઈ જાય છે જેના કારણે ઊંઘ સારી આવે છે. તેનાથી મગજ પણ શાંત થાય છે અને ઊંઘ સારી આવે છે.
- રાત્રે જમ્યા પછી અને સૂતા પહેલા વોક કરવાથી સ્ટ્રેસ અને ચિંતા ઘટે છે. તેનાથી મૂડ સારો રહે છે અને ડિપ્રેશનનું જોખમ પણ ઘટે છે.
- રોજ રાત્રે વોક કરવાથી કેલેરી બર્ન થાય છે. કેલેરી બર્ન કરીને સૂવાથી વજન ઘટાડવાની પ્રક્રિયામાં મદદ મળે છે.

  નિયમિત રીતે રાત્રે વોક કરવાથી હાર્ટની એક્ટિવિટી નિયમિત થઈ જાય છે અને બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે.
- રાત્રે વોક કરવાથી પગના મસલ્સ મજબૂત થાય છે. તેનાથી સાંધા પણ મજબૂત બને છે.

## રાત્રે વોક કરતી વખતે આ વાત ધ્યાનમાં રાખો

- રાત્રે જમ્યાના ઓછામાં ઓછા 2 કલાક પછી વોક કરવા જવું. રાત્રે ક્યારેય ઝડપથી ચાલવું નહીં. રાતની વોક પણ આરામદાયક કપડામાં કરવી.

# ઘઉં સહિતના અનાજને સ્ટોર કરવા ફોલો કરો 5 ઘરેલુ ઉપાય
## આખું વર્ષ નહીં પડે ધનેડા



રસોડામાં ભૂલથી પણ કોઈ વસ્તુ ખુલ્લી રહી જાય તો તેમાં જીવજંતુ થઈ જાય છે. ત્યારે જો વાત હોય આખું વર્ષ માટે ભરવાના ઘઉં ચોખા સહિતના અનાજની તો તેને સ્ટોર કરવામાં ખૂબ જ ધ્યાન રાખવું પડે છે. જો આ વસ્તુ સ્ટોર કરવામાં થોડી પણ બેદરકારી રહી જાય તો ધનેડા પડતા વાર નથી લાગતી. ઘઉં સહિતના અનાજ આખું વર્ષ માટે ભરવાના હોય છે તેથી તે વધારે પ્રમાણમાં લીધેલા હોય છે. જો આટલા ઘઉં ચોખા કે દાળમાં ધનેડા કે જીવડા પડી જાય તો મહેનત પણ વધી જાય છે અને અનાજની બરબાદી પણ થાય છે. પરંતુ એક વખત જેમાં જીવડા પડી જાય તે વસ્તુ વાપરવામાં જીવ નથી ચાલતો. આવી સ્થિતિ તમારા ઘરે ન સર્જાય તે માટે ઘઉં સહિતના અનાજને સ્ટોર કરો ત્યારે કેટલાક ઘરેલુ નુસખા અજમાવવા જોઈએ. આ નુસખા અજમાવશો તો અનાજમાં ક્યારેય જીવડા નહીં પડે.

### ઘંઉ સહિતના અનાજ સ્ટોર કરવાની ટીપ્સ

**લીમડો**

કોઈપણ અનાજ કે દાળને સ્ટોર કરો તો ડબ્બાને સારી રીતે સાફ કરી કોરો કરી લેવો. ત્યાર પછી તેમાં અનાજ ભરીને તેની ઉપર કડવો લીમડો રાખી દેવો. કડવા લીમડાને પણ સુકવીને રાખવો. કડવા લીમડાની સુગંધથી જીવડા અનાજની આસપાસ પણ નહીં ફરકે.



**લવિંગ |** લવિંગનો ઉપયોગ ગરમ મસાલા તરીકે કરવામાં આવે છે. લવિંગથી દાળ, ચોખામાં જીવડા પડતા નથી. ચોખા કે દાળના ડબ્બામાં લવિંગ રાખી દેવાથી ધનેડા સહિતના જીવજંતુ દૂર રહે છે.



**મીઠાના ગાંગડા**

આ વાત સાંભળવામાં વિચિત્ર લાગી શકે છે પરંતુ મીઠું પણ ધનેડા સહિતના જીવડાને ભગાડવા માટે સારો વિકલ્પ છે. મીઠાના ટુકડાને કોટનના કપડામાં બાંધીને ઘઉંની કોઠીમાં મૂકી દેવાથી ધનેડા પડતા નથી.

**લાલ મરચાં |** ઘણી વખત ઘઉંના લોટમાં, ચણાના લોટમાં, રવામાં પણ ધનેડા પડી જાય છે. આવી વસ્તુઓમાં ધનેડા કે ઈંડળ ન થાય તે માટે લોટમાં આખા લાલ મરચા રાખી દેવા જોઈએ.

**તમાલપત્ર**

તમાલપત્ર પણ એવો ગરમ મસાલો છે જેની સુગંધ ધનેડા સહિતના જીવજંતુ દૂર ભાગે છે. દાળના ડબ્બામાં તમાલપત્ર રાખી દેવાથી ધનેડા નહીં પડે.



# હળદરના ઘરેલુ નુસખાથી સ્કિનને હેલ્ધી બનાવો



ત્વચાની આ 3 સમસ્યા એવી છે જેની દવા હળદર છે. હળદરના ઘરેલુ નુસખા અજમાવીને તમે સ્કિનને હેલ્ધી બનાવી શકો છો અને બીમારીઓ પણ દૂર કરી શકો છો. તો ચાલો તમને જણાવીએ ત્વચાના ત્રણ રોગોમાં હળદરનો ઉપયોગ કેવી રીતે કરવો.

## સ્કીન ઈન્ફેક્શન

તડકાના કારણે ઘણી વખત સ્કીન ઈન્ફેક્શન થઈ જાય છે. આવી સ્થિતિમાં ત્વચા લાલ થઈ જાય છે અને ત્વચા પર બળતરા અથવા તો ખંજવાળનો અનુભવ થાય છે. જો આ સ્થિતિ ગંભીર હોય તો ડોક્ટરની સલાહ અનુસાર દવા લેવી. પરંતુ જો ઈન્ફેક્શનની શરૂઆત જ હોય તો હળદરનો ઉપયોગ કરીને તેનાથી છુટકારો મેળવી શકાય છે. હળદરને ત્વચા પર લગાડવાથી સ્કીન ઈન્ફેક્શન સરળતાથી મટી જાય છે.

## ત્વચા પર સોજો

શરીર પર જો સોજો હોય તો તેને દૂર કરવા માટે પ્રાચીન સમયથી હળદરનો ઉપયોગ કરવામાં આવે છે. હળદરને ગરમ કરીને ત્વચા પર લગાડવાથી સોજો ઉતરી જાય છે અને દુખાવો પણ દૂર થાય છે. શરીર પર કોઈ પણ જગ્યાએ ઝડપથી સોજો વધી રહ્યો હોય તો હળદરનો લેપ લગાડવો. હળદરના ચમત્કારી ગુણ સોજાને ઝડપથી દૂર કરી દેશે.

## ત્વચા પર રેડનેસ

ઘણી વખત ત્વચા પર લાલ ચકામા દેખાવા લાગે છે. આ સ્થિતિમાં પણ હળદરનો ઉપયોગ કરી શકાય છે. હળદરમાં એન્ટી ઈન્ફ્લેમેટરી પ્રોપર્ટી હોય છે જે સ્કીન ઈન્ફેક્શનને દૂર કરે છે.

## હળદરનો ઉપયોગ કેવી રીતે કરવો?

સ્કીન સંબંધિત સમસ્યા હોય તો હળદરનો ઉપયોગ કરવો સારો વિકલ્પ છે.. પરંતુ હળદરનો ઉપયોગ કઈ રીતે કરવો તે પણ મહત્વનું છે. હળદરનું સેવન પણ કરી શકાય છે અને તેનો લેપ બનાવીને સ્કીન પર લગાડી શકાય છે. હળદરનો લેપ બનાવવા માટે ગરમ પાણીમાં હળદરને બે થી ત્રણ મિનિટ ઉકાળી ઠંડી કરી લેવી. ત્યાર પછી હળદરની જે પેસ્ટ તૈયાર થાય તેને ત્વચા પર લગાડો.

# કાકડી ખાતી વખતે દરેક વ્યક્તિ આ ભૂલ કરે છે
## લોકો બમણો ફાયદો મેળવવાનું ચૂકી જાય છે



મોટાભાગના લોકો સલાડમાં કાકડી ખાય છે. પરંતુ કાકડી ખાતી વખતે આ લોકો એક નાનો ડંખ લે છે, જેના કારણે તેઓ કાકડીના તમામ ફાયદા મેળવી શકતા નથી. જાણો કાકડી ખાવાની સાચી રીત કઈ છે? ઉનાળામાં કાકડી અને પાણીયુક્ત ફળો ખાવાની સલાહ આપવામાં આવે છે. આ ઋતુમાં માણસને કંઈક હલકું અને ઠંડુ ખાવાનું મન થાય છે. ઉનાળામાં લોકો ચોક્કસપણે સલાડ ખાય છે અને સલાડમાં પ્રથમ પસંદગી ઠંડા કાકડી છે, જેમાં પાણી ભરેલું હોય છે. કાકડીને ઠંડકની અસર માનવામાં આવે છે. આ ખાવાથી પેટ સરળતાથી ભરાઈ જાય છે અને શરીર ઠંડુ રહે છે. કાકડીમાં ઘણા વિટામિન્સ અને મિનરલ્સ પણ મળી આવે છે. જો કે કાકડી ખાતા સમયે ઘણા લોકો એવી ભૂલો કરે છે જેના કારણે તેમને પૂરો ફાયદો નથી મળતો. તમારી આ ભૂલને કારણે શરીરને કાકડીના તમામ ફાયદા નથી મળતા. જાણો કાકડી ખાતી વખતે તમે કઈ ભૂલો કરો છો? ડાયેટિશિયનના મતે, લોકો ખારી ખાતી વખતે નાની-નાની ભૂલ કરે છે જેના કારણે શરીરને એટલો ફાયદો નથી થતો. મોટાભાગના લોકો કાકડીને છોલીને ખાય છે. પરંતુ જો તમે કાકડીને છોલીને ખાઓ છો તો તેનાથી ઘણા વધુ ફાયદા થાય છે. કાકડીની છાલમાં વિટામિન A એટલે કે બીટા કેરોટીન અને વિટામિન K મળી આવે છે. જે શરીર અને વાળ માટે ફાયદાકારક સાબિત થાય છે.

## છાલ ઉતાર્યા વગર કાકડી ખાવાના ફાયદા?

**પાચન માટે સારું |** જે લોકો કબજિયાત અને પાચનની સમસ્યાથી પીડાય છે તેમણે કાકડીને છોલીને ખાવી જોઈએ. કાકડીની છાલમાં અદ્રાવ્ય ફાયબર હોય છે જે કબજિયાતમાં રાહત આપે છે. આંતરડાની હિલચાલ સુધારવા અને પેટ સાફ કરવામાં મદદ કરે છે.

**વજન ઘટાડવું |** જો તમે કાકડીને છોલી નાખ્યા વગર ખાઓ તો તેની કેલરી વધુ ઓછી થાય છે. કાકડીમાં ફાઈબર અને રફેજનું પ્રમાણ તેની છાલથી વધુ વધે છે. કાકડીને છોલી વગર ખાવાથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે. આ ખોરાકની લાલસા ઘટાડે છે અને સ્થૂળતા ઘટાડવામાં મદદ કરે છે.

**વૃદ્ધત્વને દૂર રાખે છે |** કાકડી ખાવાથી ત્વચામાં ચમક આવે છે, પરંતુ કાકડીની છાલમાં એસ્કોર્બિક એસિડ હોય છે જે વૃદ્ધત્વને ઘટાડે છે. તેમાં રહેલા પોષક તત્વો ત્વચાને ઓક્સિડેટીવ નુકસાનથી બચાવે છે.

**વિટામિન A અને K થી ભરપૂર |** કાકડીની છાલમાં વિટામિન A હોય છે જે આંખોને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જો તમારે બીટા કેરોટીન લેવું હોય તો કાકડીને છોલી નાખ્યા વગર ખાઓ. આ સિવાય વિટામિન K જે લોહીને ગંઠાઈ જવા માટે મદદ કરે છે તે કાકડીની છાલમાં પણ જોવા મળે છે. વિટામિન K હાડકાંને મજબૂત બનાવે છે.

# લાઇબ્રેરી એ માત્ર લાઇબ્રેરી નથી એ મગજનો ઉત્તમ સમૃદ્ધ ખોરાક સમજો


**બાળપણમાં મેગેઝિન માં ખોવાઈ જતા ત્યારે લાઇબ્રેરીના મેડમ બંધ કરવાનો 12:30નો સમય થતાં આવીને બોલતાં હતા કે દીકરીઓ કાલે આવીને બાકીનું વાંચી લેજો પણ પૂરું કરવાની જીદમાં બિચારા એને પણ અમારા માટે રાહ જોવી પડતી હતી. મને યાદ છે કે સાતમા આઠમા ધોરણ માં આવતા જ મોટાભાગના વાંચન ઝવેરચંદ મેઘાણી ની નવલકથાઓ તુલસી ક્યારો, યુગ વંદના,કંકાવટી, સૌરાષ્ટ્રની રસધાર બહારવટીયો,અપરાધી વગેરે વાંચીને એના વિશે કલાકો ચર્ચા કરતા**

"હું ભૂલી જાવ બધુ ભલે લખાઈને,
શબ્દ,વાચા,વાક્ય,પ્રંસંગમાં લખાઈને,
હું પુસ્તક છું વિચારોનું..

દર વર્ષ પુસ્તક દિવસ આવે ત્યારે પુનઃ પુસ્તક પ્રત્યે નો પ્રેમ પ્રગટ થઈ જાય છે. આ દિવસની આસપાસ ના દિવસો માં પુસ્તક મેળા અચૂક ભરાય છે.ત્યારે વિવિધ પુસ્તક ના સ્ટોલ માં ઘુસી ઘૂસી ને ફરી ફરી બાળપણ થી યુવાની દરમિયાન ના પ્રસિદ્ધ લેખક ની રચનાઓ શોધ માં આંખ દોડવા લાગે છે. વાચવા નો ગજબ નો શોખીન વ્યક્તિ ને પુસ્તક મેળા મા છોડો તો કમ સે કમ ત્રણ ચાર હજાર ના પુસ્તક તો ઉપાડી ને લાવશે જ. એમાં પરિવાર ના બધાય વાંચવા ના શોખીન હોય તો સમજો પૂરું પાકીટ પુસ્તક મેળામાં ખોવાઈ જવાનું. મને તો માનવું છે કે લોકર માં ઘરેણાં હોય એતો સારું જ છે પરંતુ શરીર કરતા મન તંદુરસ્ત હોવું વધારે જરૂરી છે ઘરમાં નાનકડી લાઈબ્રેરી તો હોવી જ જોઈએ.હું તો પુસ્તક વગર નું માણસ નું જીવન અધુરુ સમજુ છું.

પુસ્તક દિવસ આવે ત્યારે દોડી ને એ મારી બાળપણ ની દુનિયા માં ખોવાઈ જવ છું ને ફરી અમરેલી ની બાર્ટન લાઈબ્રેરી તરફ દોટ લગાવવાનું મન થઇ જાય.એ દિવસો કેટલા સુંદર હતા? રવિવાર નો રજા ની દિવસ એટલે ઉતાવળ એટલી હોય ને કે ના પૂછો વાત. મારી અને દીદી નું મનગમતું સ્થળ પુસ્તકાલય, આ દિવસ ની રાહ સોમવાર ના જોતા હોઈએ. અમારા સમય માં ટીવી ,મોબાઈલ નહતા ને લેખકો "હીરો" હતા. લેખક નું પિક પુસ્તક પાછળ જોતા ત્યારે રીતસરના મોહી પડતાં હતા. અમારું તો બાળપણ પુસ્તક માં વધારે વીત્યું હતું. એમાં આનંદ વધારે મળતો હતો. રવિવાર ના રજાના દિવસે ફટાફટ ચા નાસ્તો કરીને લાઈબ્રેરી તરફ દોટ લગાવતા હતા. બાળપણ મા મારું આકર્ષણ ચાંદામામા અને જગમગ,ચંપક,પંચતંત્ર, ઈશપ ની વાર્તાઓ વગેરે બાળ સાહિત્યો પ્રત્યે વિશેષ રહેતું હતું.વિક્રમાદિત્ય માં વિક્રમ વેતાળની રસપ્રદ કથાઓ,પંચતંત્ર ની વાર્તાઓ,ઈશપ ની કથાઓ માં ખોવાઈ જવાનું મન થઇ જતું હતું. ચંપકમાં પ્રાણીઓની ગોઠડી માં ગમ્મતની વિશેષ મજા પડતી હતી.

લાઈબ્રેરી એ માત્ર લાઈબ્રેરી નથી એ મગજનો ઉતમ સમૃદ્ધ ખોરાક સમજો. બાળપણ માં મેગેઝિન માં ખોવાઈ જતા ત્યારે લાઈબ્રેરી ના મેડમ બંધ કરવાનો ૧૨:૩૦નો સમય થતાં આવીને બોલતાં હતા કે દીકરીઓ કાલે આવીને બાકીનું વાંચી લેજો પણ પૂરું કરવાની જીદમાં બિચારા એને પણ અમારા માટે રાહ જોવી પડતી હતી. મને યાદ છે કે સાતમા આઠમા ધોરણ માં આવતા જ મોટાભાગના વાંચન ઝવેરચંદ મેઘાણી ની નવલકથાઓ તુલસી ક્યારો,યુગ વંદના,કંકાવટી,સૌરાષ્ટ્ર ની રસધાર, બહારવટીયો,અપરાધી વગેરે વાંચીને એના વિશે કલાકો ચર્ચા કરતા હતા કે કાશ લેખક એ એન્ડ માં છૂટછાટ લીધી હોત તો..હરકિશન મહેતાની સપેન્સ રહસ્ય થી ભરપુર નવલકથાઓ મુક્તિ બંધન,પીળા રૂમાલની ગાંઠ ભાગ ૧ અને ૨, જગગા ડાકુ ના વેર ના વળામણાં,દેવ દાનવ,શેષ વિશેષ,માણસાઈ ના દીવા, જડ ચેતન વગેરે અદભૂત નવલ કથા ને કમ સેકમ બેત્રણ વાર થી વધારે વાચી છે. જડ ચેતન, મુક્તિ બંધન અને પીળા રૂમાલની ગાંઠ મારી ફેવરીટ નવલ કથા છે..



હું પુસ્તક
- રુપાલી દવે

મારા ફેવરીટ લેખકો હરકિશન મહેતા,અશ્વિની ભટ્ટ, કનૈયા લાલ મુનશી,ઈશ્વર પેટલીકર,ઈન્દુ લાલ યાજ્ઞિક ઉમાશંકર જોશી,કાકા કાલેલકર,શ્રી યોગેશ્વરજી, કિશોર મશરૂવાળા,અશ્વિની ભટ્ટ વગેરે પ્રખ્યાત લેખકો ને મોટાભાગ ના લોકો એ ખૂબ વાચ્યા હશે.આ બધા લેખકોની રચના ને એક બેઠકે વાચી ને પૂરી ના કરો તો મન ને ચેન પડતું નહિ.પ્રત્યેક લેખકો ની રચનાઓ એટલી રસપ્રદ હોય છે ને કે ભૂખ પણ મરી જાય છે. શું કવિ ને તખલ્લુસ હોય એમ લેખકો ને પણ હોય છે? હા!બિલકુલ હોય છે મોટાભાગ ના લેખકો એના ખાસ તખલ્લુસ એટલે નામ થી ઓળખાતા હતા ને ઓળખાય છે.તો ચાલો મારા તમારા ફેવરિટ લેખકો ના તખલ્લુસ વિશે જાણીએ. મનુભાઈ પંચોળી નું તખલ્લુસ "દર્શક",દત્તાત્રેય કાલેલકર નું "કાકા", કનૈયા લાલ મુનશી નું "ક.માં. મુનશી" , ગૌરી શંકર જોશી નું "ધૂમકેતુ" ,ચીનું મોદી "ઈર્શાદ" ,બરકત વીરાણી "બેફામ" ,બકુલ ત્રિપાઠી "ઠોઠ નિશાળિયો" વગેરે વગેરે લેખકો ના તખલ્લુસ ના નામે પ્રખ્યાત હતા.


જ્યારે ક.માં મુનશી એટલે કનૈયા લાલ મુનશી ની રચના પાટણ ની પ્રભુતા,ગુજરાત નો નાથ,રાજાધિરાજ,પૃથ્વી વલ્લભ,જય સોમનાથ વગેરે વાંચો તો એવો અનુભવ થાય છે કે તમે ખુદ વાર્તા ના પાત્રો છો.મુનશી ની નવલ કથા માં એના પાત્રલેખન એટલું મજબૂત હોય છે કે એ પાત્રો વાર્તા ના પ્રત્યેક આરોહ અવરોહ ને નજર સામે હોય એવું લાગે છે. અશ્વિની ભટ્ટ ની પ્રત્યેક નવલ કથા નું માં એના સ્ત્રી પાત્રો લજજા સન્યાલ માં લજજા નું પાત્ર ,નીરજા ભાર્ગવ માં નીરજા નું પાત્ર,આશ્કા માંડલ માં આશ્કા વગેરે.અશ્વિની ભટ્ટ ની ઓથાર ભાગ ૧ અને ભાગ ૨ ના વાચી તો સમજો તમે અમૂલ્ય રચના ને વાચવાની તક ગુમાવી છે. કમ સે કમ બેત્રણ વાર વાચી ચૂકી છું એટલી રોચક અને રસપ્રદ નવલ કથા છે કે ખુદને રોકવું મુશ્કેલ સમજો.અન્ય નવલ કથા ફેંસલો, કટિબંધ અખેટ, સૈલજા સાગર, અંગાર,આયનો,કસબ,કરામત વગેરે નવલકથા એટલી સરસ છે ને કે વાચ્યા જ કરવાનું મન થયા કરે.અશ્વિની ભટ્ટ ની મોટાભાગ ની નવલ કથા પ્રેમ,સાહસ,વીરતા વગેરે વિષય પર વધારે છે પરંતુ કમઠાણ માત્ર એક મજાક હસ્ય કન્ટેન્ટ વાળી છે મને આ વિશે ખાસ આઈડિયા નહતો.હમણાં જ અમદાવાદ ના પુસ્તક મેળા મારી નજર અશ્વિની ભટ્ટની "કમઠાણ" નવલિકા પર પડતા તરત ઉઠાવી લીધી ને પ્રસ્તાવના વાચતા થયું કે ખરીદવી પડશે. લેખક ના વિચારો ના સમુદ્ર ને ઓટ નથી હોતી ભર્તી ના વિચારો માં તરંગ વધારે હોય છે..

મનુભાઈ પંચોળી "દર્શક" ની નવલ કથા મોટાભાગે સમાજિક જીવનના આરોહ અવરોહ વિશે હતી. ઝેર તો પીધાં છે જાણી જાણી, દીપ નિર્વાણ, સોક્રેટિસ, કુરુક્ષેત્ર બંધન અને મુક્તિ,કલ્યાણ યાત્રા વગેરે ખુબજ પ્રખ્યાત નવલકથા છે.પુસ્તક રસિકો એ મનુભાઈ પંચોળી "દર્શક" ને ભરપુર વાચ્યા છે.દર્શક ના પુસ્તકો માં કન્ટેન્ટ સમાજ ના મુખ્ય પડકાર વિશે હોય છે.દર્શક ની નવલ કથા શરૂ કરો ને અંત સુધી શહેર અને ગ્રામ્ય વ્યવસ્થાઓ,રીતી નીતિ,વિચારો,જનજીવન સાથે ઉતમ પાત્રો ના કથાનક માં ઓતપ્રોત થઈ જવાય છે. મનુભાઈ પંચોળી "દર્શક" એ ઉત્કૃષ્ટ કથાકાર છે એની નવલ કથાઓ એ વાચકો ને વિચારોતેજક નું ભાથું પૂરું પાડે છે.

સાચું કહું કદાચ લેખકની સફળ યાત્રા માટે મારા ફેવરિટ લેખકો ના પુસ્તકો ને હદય થી ધન્યવાદ પાઠવું છું. પુસ્તક એ મારા જીવનમાં મને ઘણું આપ્યું છે વિચારો સાથે વ્યકિતવ આપ્યું પણ ભેટ સ્વરૂપે આપેલ છે. સામન્ય વ્યક્તિ માંથી લેખન યાત્રા ના પથ પર સતત માર્ગદર્શન મારા ફેવરિટ લેખકો ના પુસ્તકો એ આપ્યું છે.આજ એટલું કહીશ કે પુસ્તક એ નિર્જીવ બુક નથી એ લેખકો ની કલ્પનાઓના વિશાળ સમુદ્ર છે.લેખક ને ગપ્પા મારવા નથી ગમતા લેખક એ લાગણીઓ સભર વ્યક્તિઓ હોવાના લીધે એ નજરે પડતી સમસ્યા ને કલ્પનાઓના શબ્દ ના મોતી માં ગુથી ને પુસ્તકનું સર્જન કરે છે.

# શાહરૂખ ખાન આગામી ફિલ્મમાં ફરી એકવાર ડોનનું પાત્ર ભજવશે





(એજન્સી) મુંબઇ | શાહરૂખ ખાન આગામી ફિલ્મમાં ફરી ડોનના રોલમાં જોવા મળે તેવી શક્યતા છે. જોકે આ ફિલ્મ ફરહાન અખ્તરની ડોન ૩ નહીં હોય. સોશયલ મીડિયાના પોર્ટલના અનુસાર, શાહરૂખ ખાન આગામી ફિલ્મમાં ડોનનું પાત્ર ભજવશે. પુત્રી સુહાના ખાન સાથેની ફિલ્મ કિંગનું દિગ્દર્શન સુજોય ઘોષનું હશે. શાહરૂખની પુત્રી સુહાના આ ફિલ્મથી રૂપેરીપડદે લોન્ચ થવાની છે. એક રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે કે, શાહરૂખ ખાન જાણે છે કે, ફિલ્મમાં તેની નકારાત્મક ભૂમિકા દર્શકો પર છવાઇ જાય છે. તે આ રોલ માટે ઉત્સાહિત છે. આ પાત્રમાં તેનો અનોખો લુક જ જોવા મળવાનો છે. તે પોતાના લુક અને પાત્ર માટે સિદ્ધાર્થ આનંદ અને સુજોય ઘોષ સાથે પણ ચર્ચા કરી રહ્યો છે. સિદ્ધાર્થ આનંદે શાહરૂખના પાત્ર પર નિર્ણય લઇ લીધો છે અને હવે તે એકશન બ્લોક્સ પર કામ કરી રહ્યો છે. આ ફિલ્મના એકશન દ્રશ્યો માટે આંતરરાષ્ટ્રીય ટીમની મદદ લેવામાં આવશે. સુજોય બીજી બાજુ ડાયલોગ ડ્રાફ્ટ પર કામ કરી રહ્યો છે. જ્યારે શાહરૂખ દરેક બાબતો પર ધ્યાન આપવાની સાથેસાથે સુહાના સાથે એકશન દ્રશ્યોની તાલીમ લઇ રહ્યો છે, તેમ સૂત્રે વધુમાં ઉમેર્યું હતું. શાહરૂખને ગ્રે રોલ ભજવવાની સૂઝ છે. તેણે ભૂતકાળમાં યશરાજની ૧૯૯૩ની રોમેન્ટિક થ્રિલર ફિલ્મ ડર, અને અબ્બાસ-મસ્તાનની ૧૯૯૩ની બાજીગરમાં પણ આવી જ ભૂમિકા ભજવી હતી.જ્યારે રાહુલ રવૈલની ૧૯૯૪માં સાયકોલોજીકલ થ્રિલર અંજામ પણ તેનો ગ્રે રોલ હતો. ઉપરાંત ૨૦૧૭માં રાહુલ ધોળકિયાની રઇસમાં પણ શાહરૂખે આવી જ ભૂમિકા ભજવી હતી.


# નોરા ફતેહીએ પાપારાત્ઝીઓને ગંદી નજરે જોનારા કહ્યા



(એજન્સી) મુંબઇ | પાપારાત્ઝીઓ અને ફિલ્મી સિતારાઓના સંબંધો ખટ્ટા-મીઠા છે. કલાકારોને પાપારાત્ઝીઓ તેમની અંગત દુનિયામાં ડોકિયું કરે તે પસંદ નથી. ઉપરાંત ઘણી અભિનેત્રીઓની ફરિયાદ રહી છે કે, પાપારાત્ઝીઓ તેમના બોડી પાર્ટસને ઝૂમ કરીને દેખાડવાના પ્રયાસ કરતા હોય છે. નોરા ફતેહી પાપારાત્ઝીઓને બેફિકર થઈને પોઝ આપતી હોય છે. પરંતુ આ વખતે તેણે પણ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. નોરાએ કહ્યુ હતુ કે, પાપારાઝીઓ દરેક ફીમેલ કલાકારો સાથે આમ કરતા હોય છે. તેમને અભિનેત્રીઓની બેક પર ઝૂમ કરવામાં રસ નથી હોતો, પરંતુ શરીરના અન્ય હિસ્સાઓને ઝુમ કરતા હોય છે. ઘણી વખત મને એમ લાગે છે કે, ઝૂમ કરીને તસવીર લેવા જેવું કાંઈ નથી હોતું તેમ છતાં તેઓ શેના પર ફોકસ કરવાના પ્રયાસ કરતા હશે ?ઉલ્લેખનીય છે કે, હાલમાં જ એક એવોર્ડ સેરેમનીમાં મૃણાલ ઠાકુરે પાપારાઝીને ચૂપ કરી દીધો હતો જ્યારે તેણે તેને બૈક પોઝ આપવા માટે કહ્યું હતું. તેમજ પલક તિવારીએ પણ પાપારાઝીઓને ફટકાર લગાડી હતી જ્યારે તેણે ના પાડી હોવા છતાં પાછળથી ક્લિક કરવાની કોશિષ કરી હતી.

## ઝૂમ કરીને એવા શોટ્સ લે છે જાણે કદી પહેલા જોયું ન હોય કહીને ભડાશ કાઢી

# આમિર ખાનની આગામી ફિલ્મ ઝોયા અખ્તર સાથે હશે





(એજન્સી) મુંબઇ | આમિર ખાન લાંબા બ્રેક પછી ફરી બોલીવૂડમા સક્રિય થયો છે. તે પોતાની બે ફિલ્મો પર કામ કરી રહ્યો છે. તેવામાં સમાચાર છે કે, આમિર ખાન અને ઝોયા અખ્તર ફરી સાથે કામ કરવાના છે. છેલ્લા કેટલાય સમયથી બન્ને જણાએ વિવિધ આઈડિયાઝ પર ચર્ચા કરી હતી. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું હતું.

હવે એક રિપોર્ટના અનુસાર આમિર ખાન અને ઝોયા અખ્તર સાથે કામ કરવાના છે. આમિર ખાન હાલ પોતાની ફિલ્મ સિતારે જમીન પર ટુ અને લાહોર ૧૯૪૭ પર કામ કરી રહ્યો છે. સોશયલ મીડિયાના પોર્ટલના અનુસાર, ઝોયા અખ્તરે હાલમાં જ આમિર ખાન સાથે મુલાકાત કરી હતી. તેઓ નવી ફિલ્મ પર વાતચીત કરી રહ્યા છે. ઝોયા એક મિડલ એજ વ્યક્તિના જીવન પર આધારિત ફિલ્મ પર કામ કરી રહી છે.

તેની દરેક ફિલ્મોની માફક આ ફિલ્મ પણ એક ડ્રામા અને ઈમોશન્સથી ભરપુર હશે. ફિલ્મની વાર્તા અને કોન્સેપ્ટ તૈયાર થઇ ગયા છે. ફક્ત તેને સ્ક્રીનપ્લે ફોર્મેટમાં બદલવાના બાકી છે.


કહેવાય છે કે, આમિરને આ આઈડિયા પસંદ આવ્યો છે. વાસ્તવમાં આમિરને ઝોયા સાથે કામ કરવાની ઈચ્છા છે. આ ફિલ્મની વાર્તાના પ્રમાણે તેનો રોલ તેની વય સાથે મેળ ખાય છે. ઉંમરના હિસાબે આ એક પરફેક્ટ પાત્ર છે. આમિરે ઝોયાને વાર્તાનું ડેવલપમેન્ટ કરીને નેરેશન માટે ફરી આવવાનું હ્યુ છે. આમિરે એમ પણ કહ્યું છે કે, રાઈટિંગ પ્રોસેસમાં ઈનપુટ માટે તેની જરૂર પડે તો તેની સાથે અથવા તો ટીમ સાથે વાતચીત કરી શકે છે.

# નિતેશ તિવારીની રામાયણમાં બાળપણની સીતાની ભૂમિકામાં આઠ વરસની કિયારા જોવા મળશે



(એજન્સી) મુંબઇ | નિતેશતિવારીની રામાયણ હાલ ભારતીય સિનેમામાં ચર્ચિત ફિલ્મોમાંની એક છે. ફિલ્મમાં રણબીર કપૂર રામ અને સાંઇ પલ્લવી સીતાની ભૂમિકાની ઘોષણા કરવામાં આવી દીધી છે. અન્ય કલાકારો વિશે અપડેટ આવ્યા કરે છે, પરંતુ તેની સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. હાલ આ ફિલ્મને લઈને અપડેટ છે કે, નાનકડી સીતાના રોલામાં આઠ વરસની કિયારા જોવા મળવાની છે. સોશયલ મીડિયાના એક પોર્ટલના અનુસાર ટેલિવિઝન શો પંડા સ્ટોરની ચાઇલ્ડ આર્ટિસ્ટ કિયારા સાધ સીતામાતાની બાળપણની ભૂમિકા ભજવશે. આ પછી સાંઇ પલ્લવી આ રોલને આગળ વધારશે.જોકે સૂત્રના જણાવ્યા અનુસાર, કિયારા સાધની માતાએ આ બાબતે જાણકારી આપવાનો ઈન્કાર કર્યો હતો. રણબીર કપુર, સાઇ પલ્લવી ઉપરાંત ફિલ્મ સાથે લારા દત્તા, રકુલ પ્રીત સિંહના નામ કૈકયી અને સૂપર્ણખાના પાત્ર માટે જોડાયા છે. સની દેઓલ ભગવાન હનુમાન અને યશ રાવણનો રોલ ભજવે તેવી શક્યતા છે.

# અલીબાગમાં હવે અમિતાભે 10 કરોડની જમીન ખરીદી




(એજન્સી) મુંબઇ | મુંબઈ નજીકનાં અલીબાગમાં હવે અમિતાભ બચ્ચને પણ એક પ્રોપર્ટી ખરીદી છે. તેણે અહીં આશરે દસ કરોડ રુપિયામાં જમીન ખરીદી છે. અમિતાભે અહીં ૨૦ એકરનો એક પ્લોટ ખરીદ્યો હોવાનું જાણવા મળે છે. અગાઉ અમિતાભે અયોધ્યામાં પણ એક ટાઉનશિપમાં ફ્લેટ ખરીદ્યો હતો. જોકે, અમિતાભે આ ટાઉનશિપ બનાવી રહેલી રિયલ એસ્ટેટ કંપની સાથે એન્ડોર્સમેન્ટના ભાગ રુપે જ આ ડીલ કરી હોવાનું કહેવાતું હતું .અલીબાગમાં પણ તેના જમીન સોદા બાબતે આવી જ કોઈ એન્ડોર્સમેન્ટ ડીલ હોવાનું કહેવાઈ રહ્યું છે. જોકે, ત સિવાય પણ અમિતાભ પ્રોપર્ટીમાં બહુ મોટાપાયે રોકાણો કરે છે. તેણે તાજેરમાં અંધેરીમાં કેટલાક ફ્લેટ્સ તથા કમર્શિઅલ સ્પેસમાં પણ રોકાણ કર્યું છે. અલીબાગ નવું સેલેબ ટાઉન બની ગયું છે. અગાઉ અહીં રણવીર અને દીપિકા, વિરાટ અને અનુષ્કા, શાહરુખ ખાન સહિતના કલાકારો પણ પ્રોપર્ટી ખરીદી ચૂક્યા છે. આ કલાકારો વીક એન્ડ કે અન્ય ફેસ્ટિવલ મનાવવા માટે તેમના અલીબાગના ફાર્મ હાઉસમાં નિયમિત જતા હોય છે.

# દે દે પ્યાર દે-ટુમાં અનિલ કપૂરની એન્ટ્રી થઇ : ફિલ્મ આગામી વર્ષે રીલિઝ થશે



(એજન્સી) મુંબઇ | ‘ દે દે પ્યાર દે ટૂ’માં હવે અનિલ કપૂરની પણ એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં બંને કલાકારો આમને સામને જોવા મળશે. અનિલ કપૂર રકૂલ પ્રિત સિંઘના પિતાની ભૂમિકામાં જોવા મળશે. તેના અને અજય દેવગણ વચ્ચેની તકરારના આધારે ફિલ્મની વાર્તા આગળ વધશે. આ ફિલ્મનું શૂટિંગ જૂન મહિનાથી લંડનમાં કરવામાં આવશે. ફિલ્મ આગામી વર્ષે મે માસમાં રીલિઝ થવાની શક્યતા છે. આ રોમાન્ટિક કોમેડીના વધુ કેટલાક કલાકારોની જાહેરાત પણ આગામી દિવસોમાં થઈ શકે છે. અનિલ કપૂર તેની નવી ઈનિંગમાં ઈન્ડસ્ટ્રીનો સૌથી વધુ ડિમાન્ડ ધરાવતો કલાકાર બની ચૂક્યો છે. તાજેતરમાં ‘એનિમલ’ અને બાદમાં ‘ફાઈટર’ ફિલ્મ બાદ તે એક પછી એક નવી ફિલ્મો ધડાધડ સાઈન કરી રહ્યો છે.

# વારવિક ડેવિસની ક્રિપ્ટિક પોસ્ટથી ચાહકો ચિંતામાં, એક્ટરના પુત્રને આપવી પડી સફાઇ



(એજન્સી) મુંબઇ | પ્રખ્યાત અભિનેતા વારવિક ડેવિસે 22 એપ્રિલના રોજ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી જે જોતા જ ચાહકો ચિંતામાં આવી ગયા હતા. યુઝર્સે એક્ટરની આ પોસ્ટને લઈને વિવિધ અટકળો લગાવવાનું શરૂ કર્યું. વારવિક ડેવિસે સોમવારના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરી અને લખ્યું, ‘ મારું અહીંયા પૂરું થયું, હું રજા લઈ રહ્યો છું ‘. તેના ચાહકો આ પોસ્ટ પર કોમેન્ટ કરવા લાગ્યા. હવે તેમના બાળકોએ તેમના પિતાની આ પોસ્ટ પર ખુલાસો કર્યો છે.

મહત્વનુ છેકે, અભિનેતાએ ગયા મહિને માર્ચમાં તેની પત્ની સામંથા ડેવિસને ગુમાવી હતી. પ્રખ્યાત અભિનેત્રી સામંથા ડેવિસનું 24 માર્ચે નિધન થયું હતું. હવે એક્ટરની આ પોસ્ટથી યુઝર્સ પરેશાન થઈ ગયા. લોકો જાણવા માંગતા હતા કે વોરવિક સાથે શું થયું છે. શું તે કોઈ મુશ્કેલીમાં છે? ચાહકોની ભાવનાઓને સમજીને, વોરવિકના બાળકોએ તેમના પિતાની પોસ્ટ ફરીથી શેર કરી અને લખ્યું, ‘અમારા પિતાની આટલી કાળજી લેવા બદલ તમારો બધાનો આભાર. તે છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયાથી દૂર છે. જો તેમની અગાઉની પોસ્ટથી તમને કોઈ તકલીફ પડી હોય તો તે તેના માટે માફી માંગે છે. તમારા પ્રેમ અને સમર્થન માટે અમે તમારા આભારી છીએ.’ વોરવિક ડેવિસ તેની પત્નીના ગયા બાદ શોકમાં છે. સામંથા અને વરિવાક 1988માં ‘વિલો’ના સેટ પર મળ્યા હતા અને ઘણા વર્ષો પછી બંનેએ લગ્ન કર્યા હતા. 1995 માં, સમન્થા અને વોરવિક ડેવિસે વિલો મેનેજમેન્ટની સ્થાપના કરી, જે કલાકારો માટેની પ્રતિભા કંપની છે અને 2012 માં તેઓએ લિટલ પીપલ યુકેની સ્થાપના કરી.

# વિવેક અગ્નિહોત્રીની 'દિલ્હી ફાઈલ્સ' આવતાં વર્ષે આવશે



(એજન્સી) મુંબઇ | દિલ્હી ફાઈલ્સ’ ફિલ્મ આવતાં વર્ષે રીલિઝ કરાશે. આ ફિલ્મ ૨૦૨૦માં સીએએ વિરોધી આંદોલન પર આધારિત હોવાનું કહેવાય છે. વિવેક અગ્નિહોત્રી અગાઉ ‘કાશ્મીર ફાઈલ્સ ‘ તથા ‘વેક્સિન વોર’ જેવી ફિલ્મ બનાવી ચૂક્યા છે. જોકે, ‘કાશ્મીર ફાઈલ્સ’ સુપરહિટ થઈ હતી તેની સામે ‘વેક્સિન વોર’ સદંતર ફલોપ પુરવાર થઈ હતી. વિવેક અગ્નિહોત્રીએ ગયાં વર્ષે આ ફિલ્મ બનાવવાની જાહેરાત કરી ત્યારે તે ૨૦૨૦૪માં રીલિઝ થઈ જશે એમ કહ્યું હતું પરંતુ હવે તેની નવી જાહેરાત અનુસાર આ ફિલ્મ ૨૦૨૫માં રીલિઝ કરાશે. તેણે ફિલ્મની સ્ટોરી લાઈન પ્રગટ કરી નથી પરંતુ તે ૨૦૨૦ના દિલ્હીમાં સીએએ વિરોધી આંદોલન થયું તે વખતે સર્જાયેલી હિંસાને લગતી હશે તેમ મનાય છે.

# જેલર બાદ ‘કુલી’ બન્યો રજનીકાંત, એક્શાન અને સ્વેગથી ભરપૂર ટીઝર રિલીઝ



મુંબઇ | સિનેમા જગતના દિગ્ગજ અભિનેતા રજનીકાંતને દરેકના ફેવરિટ એક્ટર માનવામાં આવે છે. 73 વર્ષની ઉંમરે પણ સુપરસ્ટાર રજનીકાંત સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ફિલ્મો દ્વારા દર્શકોનું ભરપૂર મનોરંજન કરે છે. જેલર અને લાલ સલામ બાદ હવે અભિનેતાની એક નવી ફિલ્મ ‘કુલી’ ચર્ચામાં છે.ડાયરેક્ટર લોકેશ કનગરાજના ડાયરેક્શનમાં બનનારી ફિલ્મ કુલી નું લેટેસ્ટ ટિઝર રિલીઝ કરી દેવામાં આવ્યુ છે. જેમાં રજનીકાંત પોતાની એક્શન અને સ્વેગથી દરેકનું ધ્યાન ખેંચી રહ્યો છે.

ફિલ્મ જેલરથી ચાહકોનું દિલ જીતનાર રજનીકાંત ફરી એક વખત મોટા પડદા પર ધમાલ મચાવવા માટે તૈયાર છે. આ વખતે રજનીકાંત કુલીના અવતારમાં નજર આવશે. હવે મેકર્સ દ્વારા કુલીનું લેટેસ્ટ ટીઝર યુટ્યુબ પર રિલીઝ કરવામાં આવ્યું છે.ટીઝરમાં તમે જોઈ શકાય છે કે કેટલાક લોકો એક ગોદામમાં સોનાનું બ્લેક માર્કેટિંગ કરતા નજર આવી રહ્યા છે. એટલામાં ત્યાં રજનીકાંતની એન્ટ્રી થાય છે અને તે ધમાકેદાર એક્શન સાથે ગુંડાઓની ધુલાઈ કરી નાખે છે. કુલીના આ 3 મિનિટ અને 16 સેકન્ડના ટીઝર પરથી સરળતાથી અનુમાન લગાવી શકાય છે કે રજનીકાંત સોનાની તસ્કરી કરનારા સામે મોરચો બોલાવે છે. પરંતુ એક કુલી હોવા છતાં તેને કેવી રીતે અંજામ આપે છે તે તો ફિલ્મ રિલીઝ થયા બાદ જ ખબર પડશે. એકંદરે રજનીકાંતની કુલીનું આ ટીઝર ખૂબ જ શાનદાર છે.રજનીકાંતના ફિલ્મી કરિયરની આ 171મી ફિલ્મ છે.

# મેચ દરમિયાન મહેન્દ્ર ધોનીને આવ્યો ગુસ્સો કેમેરામેનને મારવા માટે બોટલ ઉપાડીને ફેંકી

## ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં માર્કસે 13 ચોગ્ગા અને 6 સિક્સર ફટકારી



(એજન્સી) ચેન્નાઈ | તા 24

IPL-2024માં મંગળવારે રાત્રે લખનૌ સુપર જાયન્ટ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 6 વિકેટે હરાવ્યું. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં લખનૌએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈએ 20 ઓવરમાં 4 વિકેટે 210 રન બનાવ્યા હતા. લખનૌએ 19.3 ઓવરમાં 4 વિકેટે 211 રનનો ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. માર્કસ સ્ટોઈનિસે 63 બોલમાં અણનમ 124 રનની સદી ફટકારી હતી. તેણે 13 ચોગ્ગા અને 6 છગ્ગા ફટકાર્યા હતા. સ્ટોઈનિસે ચોગ્ગો ફટકારીને વિનિંગ શોટ રમ્યો હતો. જ્યારે કેએલ રાહુલે શાનદાર ડાઈવિંગ કેચ લીધો હતો. બીજી તરફ, લખનૌનો ઈમ્પેક્ટ પ્લેયર દેવદત્ત પડિક્કલ ફરીથી બેટિંગમાં સારું પ્રદર્શન કરી શક્યો નહોતો. મતિશ પથિરાનાએ તેને બોલ્ડ કર્યો હતો. મેચ મોમેન્ટ્સ... મેચની પહેલી જ ઓવરમાં કેએલ રાહુલે શાનદાર ડાઈવિંગ કેચ લીધો અને અજિંક્ય રહાણેને આઉટ કર્યો. ઓવરના છેલ્લા બોલ પર મેટ હેનરીએ બોલને બહાર ફેંક્યો. રહાણેએ તેને રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ બેટની કિનારી સાથે અથડાયો અને પાછળની તરફ ગયો અને વિકેટકીપર કેએલ રાહુલે જમણી તરફ ડાઈવ કરીને શાનદાર કેચ પકડ્યો.ચેન્નાઈની ઈનિંગની બીજી ઓવરમાં ડેરીલ મિશેલને જીવનદાન મળ્યું હતું. ડેરીલ મોહસીન ખાનની ઓવરના ત્રીજા બોલ પર યશ ઠાકુરનો કેચ ચૂકી ગયો હતો. કેચ ચૂકી ગયા બાદ ઓવરમાં બે ચોગ્ગા આવ્યા. બંને ગાયકવાડે ફટકાર્યા હતા.CSKના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ચોગ્ગો ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી. આ પહેલા તેણે સિક્સર પણ ફટકારી હતી. તે 93 રન પર બેટિંગ કરી રહ્યો હતો, ત્યારબાદ 18મી ઓવરમાં તેણે યશ ઠાકુરના ત્રીજા બોલ પર સિક્સર ફટકારી અને સ્કોર 99 સુધી પહોંચાડ્યો. પછીના બોલ પર તેણે એક્સ્ટ્રા કવર પર સિક્સર માટે શોટ ફટકાર્યો, તેણે ચોગ્ગો ફટકાર્યો અને તેની સદી પણ પૂરી થઈ. CSKના યુવા બેટર શિવમ દુબેએ છગ્ગો ફટકારીને પોતાની અડધી સદી પૂરી કરી હતી. 19મી ઓવરમાં દુબેએ મોહસીન ખાનના ધીમા બોલ પર સિક્સર ફટકારીને પોતાની અડધી સદી પૂરી કરી હતી. શિવમ દુબેએ સિઝનની ત્રીજી અડધી સદી ફટકારી હતી.યશ ઠાકુર વિરુદ્ધ સ્ટ્રાઈક પર દુબે હતો. તેણે ઓવરના બીજા બોલે ડીપ મિડ-વિકેટમાં નાખ્યો, જેને બેટરે એક અન્ય સિક્સર વડે દર્શકો સુધી પહોંચાડી દીધો. બીજા બોલ પર પણ ફુલર ડિલીવરીને દુબેએ લોન્ગ-ઓન પર બાઉન્ડ્રી પાર પહોંચાડીને સિક્સની હેટ્રિક પૂરી કરી. દુબેએ 66 રનની ઈનિંગ્સ રમી. એલએસજીના બેટર માર્કસ સ્ટોઈનિસે ચોગ્ગો ફટકારીને મેચનો વિનિંગ શોટ ફટકાર્યો હતો. છેલ્લી ઓવરમાં લખનૌને જીતવા માટે 17 રનની જરૂર હતી. મુસ્તાફિઝુર રહેમાન બોલિંગ કરવા આવ્યો હતો. સ્ટોઈનિસે ઓવરના પહેલા જ બોલ પર સિક્સર ફટકારી હતી. આ પછી તેણે સામે ચોગ્ગો માર્યો. ત્રીજા બોલ પર, બોલ સ્ટોઈનિસના બેટના છેડે અથડાયો અને ચોગ્ગા માટે પાછળ ગયો. અમ્પાયરે તેને નો બોલ આપ્યો. તમને જણાવી દઈએ કે મેચ દરમિયાન એક એવી ઘટના પણ બની હતી જે સોશિયલ મીડિયા પર ફેન્સમાં વાયરલ થઈ રહી છે. ધોની ક્યારેય એક્સપ્રેશન આપવા માટે કેમેરા સામે આવતો નથી. આવી સ્થિતિમાં, જ્યારે CSKની ઈનિંગ ચાલી રહી હતી અને ગાયકવાડ અને શિવમ દુબે છેલ્લી ઓવરોમાં ઝડપી બેટિંગ કરી રહ્યા હતા, ત્યારે કેમેરામેન ટીવી સ્ક્રીન પર સતત ધોનીને ડ્રેસિંગ રૂમમાં બેઠેલો બતાવી રહ્યો હતો. આ જોઈને ધોની ગુસ્સે થઈ ગયો. ધોની એવો ખેલાડી રહ્યો છે જે પોતાના ચહેરા પર કોઈ હાવભાવ આવવા દેતો નથી. આવી સ્થિતિમાં કેમેરામેન સતત તેના પર ફોકસ કરી રહ્યો હતો જેના કારણે માહી અસહજ દેખાવા લાગ્યો હતો, આવી સ્થિતિમાં ધોનીએ પોતાના હાથમાંની બોટલ ફેંકવાની જેમ ઈશારો કરીને કેમેરામેનને કહેવાનો પ્રયાસ કર્યો કે આ તેને પસંદ નથી. આ તસવીર અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

## જોકોવિચ લૌરેસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર 2024



(એજન્સી) ન્યૂયોર્ક | તા 24

વિશ્વના નંબર-1 ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચને વર્ષ 2024ના લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સમેનનો અવોર્ડ આપવામાં આવ્યો છે. જોકોવિચનો આ પાંચમો લોરેસ અવોર્ડ છે. 25મો લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સમારોહ 22 એપ્રિલે મેડ્રિડ, સ્પેનમાં યોજાયો હતો. આ પુરસ્કાર છેલ્લા વર્ષની ઉપલબ્ધિઓ માટે આપવામાં આવે છે. આ મામલે તેણે પૂર્વ ટેનિસ ખેલાડી રોજર ફેડરરની બરાબરી કરી લીધી છે. આ બે ખેલાડીઓને લોરેયસ એવોર્ડના ઈતિહાસમાં સૌથી વધુ વખત સન્માનિત કરવામાં આવ્યા છે. જોકોવિચના નામે સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જોકોવિચે ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપનમાં ટાઈટલ જીત્યા હતા. જોકોવિચ 24 ગ્રાન્ડ સ્લેમ સાથે મેન્સ સિંગલ્સમાં સૌથી વધુ ટાઈટલ જીતનાર ખેલાડી છે. બોનમતીને લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર 2024 જાહેર કરવામાં આવી સ્પેનની મિડફિલ્ડર એટાના બોનામાટીને લૌરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર 2024નો અવોર્ડ મળ્યો. બોનામતીએ ગયા વર્ષે ફિફા મહિલા વર્લ્ડ કપમાં ગોલ્ડન બોલ ટ્રોફી મેળવી હતી. ટુર્નામેન્ટના શ્રેષ્ઠ ખેલાડીને ગોલ્ડન બોલ આપવામાં આવે છે. ગયા વર્ષે પ્રથમ વખત મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ જીતનાર સ્પેનની ટીમને લોરેસ ટીમ અવોર્ડ આપવામાં આવ્યો હતો. ફાઈનલમાં સ્પેને ઈંગ્લેન્ડને 1-0થી હરાવ્યું હતું. લૌરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ અવોર્ડ્સ શું છે? લૌરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ અવોર્ડ સમારોહ દર વર્ષે યોજાય છે.

## નારાયણ T20 વર્લ્ડ કપ માટે નિવૃત્તિ પાછી લેશે નહીં



(એજન્સી) વેસ્ટ ઈન્ડિઝ | તા 24

વેસ્ટ ઈન્ડિઝનો ખેલાડી સુનીલ નારાયણ T20 વર્લ્ડ કપ માટે પોતાની નિવૃત્તિ પાછી નહીં લે. T20 વર્લ્ડ કપ 1 જૂનથી વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. તે કહે છે કે હવે તેના માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કમબેકના દરવાજા બંધ થઈ ગયા છે. તે ICC વર્લ્ડ કપમાં એવા ખેલાડીઓને સપોર્ટ કરશે જેઓ છેલ્લા કેટલાક સમયથી તેની તૈયારી કરી રહ્યા છે. સુનીલ નારાયણે નવેમ્બર 2023માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેણે તેની છેલ્લી મેચ 2019માં વેસ્ટ ઈન્ડિઝ માટે રમી હતી. IPLની આ સિઝનમાં શાનદાર પ્રદર્શન નરિન આઈપીએલ 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમી રહ્યો છે. આ સિઝનમાં, IPLમાં કોલકાતા માટે ઓપનિંગ કરતી વખતે, તેણે 7 મેચમાં 176.54ના સ્ટ્રાઈક રેટથી 286 રન બનાવ્યા છે. જેમાં એક સદી અને એક અડધી સદીનો પણ સમાવેશ થાય છે. તેણે 7 મેચમાં 7.11ના ઈકોનોમી રેટથી 9 વિકેટ લીધી છે. વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ તરફથી રમતા ખેલાડીઓને સપોર્ટ કરશે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતા નરેને લખ્યું કે મને આશા છે કે તમે બધા સારા અને સ્વસ્થ હશો. હું ખરેખર ખુશ અને આભારી છું કે મારા તાજેતરના પ્રદર્શનથી ઘણા લોકોને મારી નિવૃત્તિમાંથી બહાર આવવા અને આગામી T20 વર્લ્ડ કપમાં રમવાની તેમની ઈચ્છા જાહેરમાં વ્યક્ત કરવા પ્રેરણા મળી છે.તેણે આગળ લખ્યું- મેં તે નિર્ણય સાથે શાંતિ કરી લીધી છે. જો કે, હું ક્યારેય નિરાશ થવા માગતો નથી, પરંતુ તે દરવાજો હવે બંધ થઈ ગયો છે અને હું જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ માટે મેદાનમાં ઉતરનારાઓને સમર્થન આપીશ. જે લોકોએ છેલ્લા કેટલાક મહિનાઓથી સખત મહેનત કરી છે અને અમારા ચાહકોને બતાવવા લાયક છે કે તેઓ વધુ એક ટાઈટલ જીતવા સક્ષમ છે.

હું તમને શુભેચ્છા પાઠવું છું.થોડા દિવસો પહેલાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોમેન પોવેલે કહ્યું હતું કે અમે નરેનને તેની નિવૃત્તિ પાછી લેવા માટે વિનંતી કરી રહ્યા છીએ, અમને આશા છે કે તે T20 વર્લ્ડ કપની પસંદગી પહેલા પોતાનો વિચાર બદલી લેશે. પોવેલ IPLમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમી રહ્યો છે.

## 100મી IPL મેચ રમવા બદલ હાર્દિકને મળી ખાસ ભેટ

(એજન્સી) મુંબઈ | તા 24

MI ના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ટીમ માટે તેની 100મી IPL મેચ રમી હતી.



તે મુંબઈ માટે 100 IPL મેચ રમનાર 7મો ખેલાડી બન્યો. રોહિત શર્માએ ટીમ માટે સૌથી વધુ 206 મેચ રમી છે. મુંબઈ ઈન્ડિયન્સે 100મી મેચ માટે હાર્દિકને ખાસ જર્સી ગિફ્ટ કરી હતી.

હાર્દિક પંડ્યાને 100મી આઈપીએલ મેચ રમવા પર મુંબઈ ઈન્ડિયન્સના બોલિંગ કોચ લસિથ મલિંગાએ ખાસ જર્સી આપી હતી.મેચની પહેલી જ ઓવરમાં રાજસ્થાનના કેપ્ટન સંજુ સેમસને એક શાનદાર કેચ કરી લીધો હતો. ટ્રેન્ટ બોલ્ટે ઓવરનો પાંચમો બોલ ફૂલર લેન્થ ફેંક્યો,

## પુજારાએ સસેક્સને કાઉન્ટીમાં જીત અપાવી:પ્રથમ દાવમાં 85 રન



(એજન્સી) લંડન | તા 24

ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પૂજારાએ કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન-2 ટુર્નામેન્ટમાં 86 અને 44 રનની ઈનિંગ્સ રમીને પોતાની ટીમને જીત અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. પૂજારા ટેસ્ટ ટીમની બહાર છે. તેણે ભારતીય ટીમ માટે તેની છેલ્લી મેચ 11 જૂન 2023ના રોજ ઓસ્ટ્રેલિયા સામે રમી હતી. આ દિવસોમાં તે ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન-2 ટુર્નામેન્ટમાં રમી રહ્યો છે. પૂજારા સસેક્સ તરફથી ચૂકી ગયો હતો રવિવારે ગ્લુસેસ્ટરશાયર અને સસેક્સ વચ્ચે રમાયેલી ટુર્નામેન્ટની 12મી મેચમાં પૂજારા પ્રથમ દાવમાં સદી ચૂકી ગયો હતો. પ્રથમ દાવમાં ચોથા સ્થાને બેટિંગ કરતી વખતે તેણે ક્રિઝ પર 219 મિનિટ વિતાવી હતી. પૂજારાએ 148 બોલમાં 8 ચોગ્ગાની મદદથી 86 રન બનાવ્યા હતા. જોકે તે સદી ચૂકી ગયો હતો.

## એરોન ફિન્ચ ઈમ્પેક્ટ પ્લેયર નિયમની વિરુદ્ધમાં

(એજન્સી) કેનબેરા | તા 24

ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી એરોન ફિન્ચ IPLમાં ઉપયોગમાં લેવાતા ઈમ્પેક્ટ પ્લેયરના નિયમની વિરુદ્ધ છે. તેણે કહ્યું કે આનાથી ટીમની ખામીઓ ઉજાગર થતી નથી જે નબળી વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતરી હતી.

તે જ સમયે, જે ટીમ શ્રેષ્ઠ વ્યૂહરચના સાથે બહાર આવે છે તેને ફાયદો નથી મળતો. આ અંગે પૂર્વ ભારતીય ખેલાડી સુબ્રમણ્યમ બદ્રીનાથે કહ્યું કે ઈમ્પેક્ટ પ્લેયર રૂલના કારણે જ આશુતોષ શર્મા



કારણે શિવમ દુબે અને અભિષેક શર્મા જેવા ઓલરાઉન્ડરોને બોલિંગ કરવાની તક મળતી નથી. ફિન્ચે સંમતિ આપી અને કહ્યું કે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ અસ્તિત્વમાં નથી. જેના કારણે કેપ્ટનોને રણનીતિ બનાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.બીજી તરફ, બદ્રીનાથ માને છે કે અનકેપ્ડ ખેલાડીઓને ઈમ્પેક્ટ પ્લેયર નિયમથી ફાયદો થયો. આકાશ મધવાલ, શશાંક, રમનદીપ સિંહ અને આશુતોષ જેવા ખેલાડીઓ આ નિયમને કારણે 12મો ખેલાડી બનીને IPL રમી શકશે.

## કોહલીએ T20 વર્લ્ડ કપમાં ઓપનિંગ કરવું જોઈએ



(એજન્સી) નવી દિલ્હી | તા 24

BCCIના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીનું માનવું છે કે વિરાટ કોહલીએ જૂનમાં યોજાનાર T20 વર્લ્ડ કપમાં રોહિત શર્મા સાથે ઓપનિંગ કરવી જોઈએ. IPLમાં દિલ્હી કેપિટલ્સના ડિરેક્ટર ગાંગુલીએ સોમવારે એક મીડિયા ઈવેન્ટમાં કહ્યું કે, વિરાટ કોહલી અને રોહિત શર્માએ આ વર્ષના T20 વર્લ્ડ કપમાં ભારત માટે ઓપનિંગ કરવું જોઈએ, વિરાટ 40 બોલમાં 100 રન બનાવી શકે છે. T20 વર્લ્ડ કપ 2024 જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાશે. સંભવિત ખેલાડીઓની યાદી 1 મે સુધીમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ને સબમિટ કરવાની રહેશે. મીડિયા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે વિરાટ-રોહિત ઓપનિંગ કરશે હાલમાં જ મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે રોહિત શર્મા અને વિરાટ કોહલી T20 વર્લ્ડ કપમાં ઓપનિંગ કરશે. પરંતુ, આ સમાચારના થોડા દિવસો બાદ રોહિતે આ સમાચારને નકારી કાઢ્યા હતા.

## અકુલા ભારતની નંબર-1 TT પ્લેયર

કોમનવેલ્થ ગેમ્સની મિક્સ ડબલ્સ ચેમ્પિયન શ્રીજા અકુલાએ નવી આઈટીટીએફ રેન્કિંગમાં કારકિર્દીનં બેસ્ટ 38મું રેન્કિંગ હાંસલ કર્યું છે અને તે અનુભવી ખેલાડી મનિકા બત્રાને પાછળ રાખીને ટોચનો રેન્ક ધરાવતી ભારતની મહિલા ટેબલટેનિસ ખેલાડી બની ગઈ છે. શ્રીજાને એક ક્રમાંકનો ફાયદો થયો છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ભારતની પ્રથમ ક્રમાંકિત મનિકાને બે સ્થાનનું નુકસાન થયું છે અને તે વર્લ્ડ રેન્કિંગમાં 39મા ક્રમાંકે સરકી ગઈ છે. શ્રીજાએ ચાલુ વર્ષે ડબ્લ્યૂટીટી ફિડર ફોરપસ ક્રિસ્ટી અને ફીડર બેરુતના ટાઈટલ જીત્યા હતા. શ્રીજાએ કોમનવેલ્થમાં શરથ કમલ સાથે મિક્સ ડબલ્સનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. શરથ કમલ 37મા ક્રમાંક સાથે ભારતનો ટોચનો મેન્સ ખેલાડી છે.

## CSKના સ્ટાર ખેલાડીએ કરી મોટી વાત



નવી દિલ્હી | તા 24

IPLમાં બાંગ્લાદેશના બોલર મુસ્તાફિઝુર રહેમાનના રમવા પર હોબાળો મચી ગયો તાજેતરમાં, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડમાં પણ વિભાગો ઉભરી આવ્યા હતા

આ દરમિયાન તેના પાર્ટનરે મોટો દાવો કર્યો છે ભારતમાં ચાલી રહેલી IPL ઘણા ખેલાડીઓ માટે એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ સાબિત થઈ રહી છે. અહીં તેમને દુનિયાભરના ખેલાડીઓની સામે પોતાનું પ્રદર્શન કરવાનો મોકો મળી રહ્યો છે. આને T-20 વર્લ્ડ કપ પહેલાની તૈયારી તરીકે પણ જોવામાં આવી રહ્યું છે, પરંતુ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડમાં આને લઈને મતભેદ છે. તાજેતરમાં જ CSKના સ્ટાર ખેલાડી મુસ્તાફિઝુર રહેમાનને લઈને બોર્ડ અધિકારીઓના અલગ-અલગ નિવેદનો સામે આવ્યા હતા. ભવિષ્યમાં તેને એનઓસી મળશે કે કેમ તે અંગે પણ સસ્પેન્સ વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.BBCના ક્રિકેટ ઓપરેશન્સ ચેર જલાલ યુનિસે તો ત્યાં સુધી કહ્યું હતું કે તેને આઈપીએલમાંથી કંઈ જ મળશે નહીં. જ્યારે BCB ડાયરેક્ટર અકરમ ખાને તેને નફાકારક સોદો ગણાવ્યો હતો. હવે તેના એક સાથી ખેલાડીએ મુસ્તાફિઝુર રહેમાનને લઈને મોટો દાવો કર્યો છે. મુસ્તાફિઝુર આઈપીએલમાં રમવાનું વધુ પસંદ કરે છે બાંગ્લાદેશના ફાસ્ટ બોલર શોરીફુલ ઈસ્લામે કહ્યું- મુસ્તાફિઝુર બાંગ્લાદેશ ટીમ માટે રમવા કરતાં આઈપીએલનો વધુ આનંદ લે છે. શૌરીફુલે આ દાવા પાછળનું કારણ સમજાવ્યું. તેણે કહ્યું કે, કારણ કે રાષ્ટ્રીય ટીમની સરખામણીમાં IPLમાં ઓછું દબાણ છે. તાજેતરમાં જ CSKના સ્ટાર ખેલાડી મુસ્તાફિઝુર રહેમાનને લઈને બોર્ડ અધિકારીઓના અલગ-અલગ નિવેદનો સામે આવ્યા હતા.

## હાર્દિક પંડયાનું શરમજનક પરફોમન્સ, જાણો અન્ય 9 કેપ્ટનોની હાલત

(એજન્સી) નવી દિલ્હી | તા 24

IPL 2024માં હાર્દિક પંડયાની કેપ્ટન્સીમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન અત્યાર સુધી ખૂબ જ શરમજનક રહ્યું છે. ટીમે 8 મેચ રમી છે અને 3માં જીત મેળવી છે.હવે ટીમે પ્લેઓફમાં જગ્યા બનાવવા માટે લગભગ દરેક મેચ જીતવી પડશે. MI કેપ્ટન હાર્દિક પંડયા પણ આ સિઝનમાં નિરાશ દેખાઈ રહ્યો છે. અત્યાર સુધી તમામ 10 કેપ્ટનોમાં તેનું પ્રદર્શન સૌથી ખરાબ રહ્યું છે. હાર્દિકે માત્ર 151 રન બનાવ્યા છે હાર્દિક પંડયાએ અત્યાર સુધી રમાયેલી 8 મેચોમાં 21.57ની એવરેજ અને 142.45ની સ્ટ્રાઈક રેટથી 151 રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો



સર્વોચ્ચ સ્કોર 39 રન રહ્યો છે. તેણે લીગમાં અત્યાર સુધીમાં 4 વિકેટ પણ લીધી છે. હાર્દિક એવો કેપ્ટન છે જેણે 17મી સિઝનમાં અત્યાર સુધીમાં સૌથી ઓછા રન બનાવ્યા છે. અન્ય કેપ્ટનના પ્રદર્શનની વાત કરીએ તો CSKના કેપ્ટન રૂતુરાજ ગાયકવાડે 7 મેચમાં 241 રન બનાવ્યા છે.

આ દરમિયાન તેણે 2 અડધી સદી ફટકારી છે. સંજુ સેમસને સૌથી વધુ રન બનાવ્યા હતા ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગીલે અત્યાર સુધી 8 મેચમાં 298 રન બનાવ્યા છે. દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંતે 254 રન, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે 239 રન, રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસને 314 રન, કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન શ્રેયસ અય્યરે 190 રન, લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન કેએલ 6 રન અને પંજાબના કેપ્ટન કેએલ 6 રન બનાવ્યા હતા કિંગ્સના કેપ્ટન શિખર ધવને 152 રન બનાવ્યા છે. ધવન અત્યાર સુધી માત્ર 5 મેચ રમ્યો છે. આ પછી તે ઈજાગ્રસ્ત થયો હતો.

## શ્રીલંકન લીગમાં ભારતીય ટીમના માલિક સામે મેચફિક્સિંગના આક્ષેપો થયા

(એજન્સી) કોલંબો | તા 24

લિજેન્ડ્સ ક્રિકેટ લીગમાં એક ટીમના માલિક તથા ભારતીય નાગરિક યોની પટેલ ઉપર તેના જ દેશના પી આકાશ સામે . ફાઈનલમાં રાજસ્થાન કિંગ્સે ન્યૂયોર્ક સુપર સ્ટ્રાઈકર્સને હરાવી હતી.

મેચફિક્સિંગના આક્ષેપો થયા છે અને કોલંબો મેજિસ્ટ્રેટ કોર્ટે ગયા



શુક્રવારે પટેલની જામીન અંગેની અરજી ફગાવી દીધી હતી. બંને ઉપર લાદવામાં આવેલો પ્રવાસ સંબંધીના પ્રતિબંધને એક મહિના સુધી લંબાવવામાં આવ્યો છે. આ ભારતીય સામે લિજેન્ડ્સ ક્રિકેટ લીગમાં મેચ ફિક્સ કરવાનો પ્રયાસો કર્યા હોવાના આરોપો ઘડવામાં આવી રહ્યા છે. ફાઈનલમાં રાજસ્થાન કિંગ્સે ન્યૂયોર્ક સુપર સ્ટ્રાઈકર્સને હરાવી હતી. પટેલ આટૂર્નામેન્ટમાં કેન્ડી સ્વેમ્પ આર્મી ટીમનો માલિક છે. અધિકારીઓએ જણાવ્યુ હતુ કે મામલો આગળ વધવાની સાથે પંજાબ રોયલ્સના મેનેજર આકાશ સામેના આરોપો પણ નક્કી કરવામાં આવશે. શ્રીલંકાના ભૂતપૂર્વ સુકાની ઉપુલ તરંગા અને ન્યૂઝીલેન્ડના નીલ બ્રૂમે રમતમંત્રાલયની વિશેષ તપાસ બ્રાન્ચને પટેલ તથા આકાશ દ્વારા મેચો ફિક્સ કરવા માટે લીગમાં ક્ષમતા કરતાં ખરાબ પ્રદર્શન કરવા માટે સંપર્ક કર્યો હોવાની ફરિયાદ કરી હતી. કોર્ટે પટેલ તથા આકાશ સુધી શ્રીલંકા છોડવા અંગે પ્રતિબંધ લાદી દીધો છે. દોષિત સાબિત થશે તો શ્રીલંકન સરકારના નિયમ હેઠળ દસ વર્ષની જેલ થઈ શકે છે.

ન્યૂઝ ફ્લેશ

## ઓસ્ટ્રેલિયાએ ભારતીયો માટે વીઝાનો નિયમ બદલી દીધો, જાણો વિગતે




તાજેતરના વર્ષોમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અનેક પ્રકારની તકો ખુલી ગઈ છે. આમાં વિઝા શરત બનવી એક કારણ છે. હવે ભારતમાં ઓસ્ટ્રેલિયાને હાઈ કમિશનર ફિલિપ ગ્રીને કહ્યું કે તેમને આગામી વર્ષ અને વધુ ભારતીય વિદ્યાર્થીઓના તેમના દેશમાં શિક્ષણ મેળવશે તેવી આશા છે. તેમને કહ્યું કે ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાર્થીઓના વીઝા ફગાવવાની સંખ્યા પણ વધી નથી. વધુમાં તેમને જણાવ્યું કે મેં ખુદ આંકડા જોયા છે. આ વર્ષે પણ આ સંખ્યા ગત વર્ષના સમાન છે. વિદ્યાર્થીઓના વીઝા નથી નકાર્યા. ઓસ્ટ્રેલિયા વધુ સારો વિકલ્પ ભારતમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર ફિલિપ ગ્રીને જણાવ્યું હતું કે બંને દેશોએ વર્ષોથી જબરદસ્ત સંબંધો વિકસાવ્યા છે. ભારતના ઘણા વિદ્યાર્થીઓ ખાસ કરીને મેડિકલ, નર્સિંગ, મેનેજમેન્ટ અને એન્જિનિયરિંગના ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે ઓસ્ટ્રેલિયાને વધુ સારો વિકલ્પ માને છે. મોટી સંખ્યામાં ભારતીયો તેમના શિક્ષણના ભાગરૂપે ઓસ્ટ્રેલિયા આવવાનું પસંદ કરે છે. યુરોપિયન કમિશને વિઝા સંબંધિત નિયમો બદલ્યા, ભારતીયો માટે ફાયદાકારકયુરોપિયન કમિશને ભારતીય નાગરિકોને મલ્ટિપલ એન્ટ્રી વિઝા આપવા અંગે ચોક્કસ નિયમો આવેલા વિઝા કોડ (શેન્જેન)ના માનક નિયમો કરતાં આ વધુ અનુકૂળ છે. ભારતીયો માટે નવી વિઝા વ્યવસ્થા 18 એપ્રિલ, 2024ના રોજ અપનાવવામાં આવી છે.

## પાકિસ્તાનમાં ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકી સૈયદ સલાઉદ્દીન જાહેરમાં દેખાયો



આતંકવાદી સૈયદ સલાઉદ્દીન અગાઉ પણ જાહેરમાં દેખાયો હતો સલાઉદ્દીન NIAની મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં છે આરોપી ઘણા આતંકવાદી આતંકવાદી હુમલામાં સંડેવાયેલો છે પાડોશી દેશ પાકિસ્તાને પચાવી પાડેલા Pokમાં એકવાર ફરીથી હિઝબુલ મુજાહિદ્દીન ચીફ અને ગ્લોબલ ટેરરિસ્ટ સૈયદ સલાઉદ્દીન જોવા મળ્યો છે. Pokમાં આવેલા મુઝફરાબાદમાં તે દેખાયો હતો. સૈયદ સલાઉદ્દીન 20 એપ્રિલે એક પાર્ટીમાં સામેલ થવા ત્યાં પહોંચ્યો હતો.

આ અગાઉ પણ ભારતના આ મોસ્ટ વોન્ટેડ આતંવાદી પાકિસ્તાનમાં જ દેખા દીધી હતી. ગત વર્ષે ફેબ્રુઆરીમાં સૈયદ સલાઉદ્દીનને પાકિસ્તાન સરકારે આપેલી સુરક્ષા વચ્ચે લાહોરમાં એક અંતિમ સંસ્કારમાં સામેલ થયો હતો. આ અંતિમ યાત્રા હિઝબુલ આતંકવાદી બશીર અહેમદની હતી. તમને જણાવી દઈએ કે સૈયદ સલાઉદ્દીન યુનાઈટેડ જેહાદ કાઉન્સિલના વડા પણ છે. યુનાઈટેડ જેહાદ કાઉન્સિલ આઈએસઆઈ દ્વારા પ્રાયોજિત જેહાદી આતંકવાદી જૂથોમાંથી એક છે. આ આતંકી સંગઠનનો ઉદ્દેશ્ય જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનમાં ભેળવી દેવાનો છે. સલાઉદ્દીન ભારતની રાષ્ટ્રીય સૈયદ સલાઉદ્દીન 1990 પહેલા કાશ્મીરમાં યુસુફ શાહ તરીકે ઓળખાતા હતા અને તેમણે 1987માં મુસ્લિમ યુનાઈટેડ ફ્રન્ટની ટિકિટ પર જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પણ લડી હતી.

# ઓસ્ટ્રેલિયન પત્રકારે કહ્યું- ભારત સરકારે તેમને દેશ છોડવા માટે મજબૂર કર્યા

સિડની | તા 24

એક ઓસ્ટ્રેલિયન પત્રકારે મંગળવારે દાવો કર્યો હતો કે તેમને ભારતમાં ચૂંટણી કવર કરવાની મંજૂરી નથી. આ સિવાય તેમને દેશ છોડવાની ફરજ પડી હતી. ઓસ્ટ્રેલિયાની એબીસી ન્યૂઝ કંપનીમાં કામ કરતી અવની ડિયાઝ 19 એપ્રિલના રોજ ભારત છોડી ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અવની એ જ પત્રકાર છે જેણે કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યા વિરુદ્ધ અહેવાલ પ્રકાશિત કર્યો હતો. યુટ્યુબ પર ઉપલબ્ધ આ રિપોર્ટ પર ભારત સરકાર દ્વારા દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એબીસી ન્યૂઝે પણ તેનો વિરોધ કર્યો હતો. ઓસ્ટ્રેલિયન પત્રકાર અવની ડિયાઝે ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યાનો આ વીડિયો રિપોર્ટ યુટ્યુબ પર પ્રકાશિત કર્યો હતો.

આ અહેવાલ ભારતમાં પ્રતિબંધિત છે. ઓસ્ટ્રેલિયન પત્રકાર અવની ડિયાઝે ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યાનો આ વીડિયો રિપોર્ટ યુટ્યુબ પર પ્રકાશિત કર્યો હતો. આ અહેવાલ ભારતમાં પ્રતિબંધિત છે. પત્રકારનો આરોપ- સરકારે કહ્યું કે તમારા અહેવાલોએ લાઈન ક્રોસ કરીઅવનીએ તેના 'પોડકાસ્ટ લુકિંગ ફોર મોદી'માં જણાવ્યું હતુ કે ભારત સરકારે તેની વિઝા પરમિટ એમ કહીને લંબાવી ન હતી કે તેના અહેવાલોએ લાઈન ક્રોસ કરી ગયા હતા. અવનીએ કહ્યું, 'ઓસ્ટ્રેલિયન સરકારના હસ્તક્ષેપ પછી, મને ભારત છોડતા પહેલા 2 મહિના માટે 24 કલાક માટે વિઝા આપવામાં આવ્યા હતા. પરંતુ મને ચૂંટણી કવર કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. મેં પ્રથમ તબક્કાના મતદાનના દિવસે જ દેશ છોડી દીધો હતો.



### ભારત સરકારે શું જવાબ આપ્યો?

જોકે, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકારી સૂત્રોએ અવનીના દાવાને ફગાવી દીધા છે. સૂત્રોએ જણાવ્યું કે ઓસ્ટ્રેલિયન પત્રકારે ભારતમાં રહીને વિઝા નિયમોનું પાલન કર્યું ન હતું. આ હોવા છતાં તેમને ખાતરી આપવામાં આવી હતી કે તેમની વિઝા પરમિટ લંબાવવામાં આવશે જેથી તેઓ ચૂંટણીને આવરી શકે.સૂત્રોએ વધુમાં જણાવ્યું કે અવનીનો વિઝા 20 એપ્રિલ સુધી માન્ય હતો. તેણે 18 એપ્રિલે વિઝા માટેની ફી જમા કરાવી હતી, ત્યારબાદ તેની વિઝા પરમિટ જૂનના અંત સુધી લંબાવવામાં આવી હતી. સરકારી સૂત્રએ વધુમાં જણાવ્યું હતું કે, “અવનીનો દાવો કે તેને ચૂંટણી કવર કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી તે ખોટો છે. તમામ પત્રકારોને બૂથની બહાર ચૂંટણી પ્રવૃતિઓ કવર કરવાની છૂટ છે.

**અમેરિકન સ્પેસ એજન્સી નાસાના અવકાશયાન વોયેજર-1એ 24 અબજ કિલોમીટર દૂરથી સિગ્નલ મોકલ્યા છે. છેલ્લા 5 મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે વોયેજરે સંદેશ મોકલ્યો છે અને નાસાના એન્જિનિયરો તેને વાંચવામાં સફળ રહ્યા છે. વોયેજર 1ને વર્ષ 1977માં અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. આ માનવ દ્વારા બનાવેલ અવકાશયાન છે જે અવકાશમાં સૌથી દૂરના અંતરે હાજર છે.**

# નાસાના વોયેજર-1 એ 24 અબજ કિમી દૂરથી સિગ્નલ મોકલ્યા

(એજન્સી) વોશિંગ્ટન | તા 24

આ અવકાશયાન ગયા વર્ષે 14 નવેમ્બરથી સિગ્નલ મોકલવાનું બંધ કરી દીધું હતું. જો કે, તેને પૃથ્વી પરથી મોકલવામાં આવેલા આદેશો મળતા હતા. વાસ્તવમાં, ડેટા એકત્રિત કરવા અને તેને પૃથ્વી પર મોકલવા માટે જવાબદાર અવકાશયાનની ફ્લાઈટ ડેટા સિસ્ટમ લૂપમાં અટવાઈ ગઈ હતી. આ તસવીર 5 સપ્ટેમ્બર 1977ની છે, જ્યો નાસાએ ટાઈટન રોકેટ પર વોયેજર-1 લોન્ચ કર્યું હતું. નાસાના વૈજ્ઞાનિકોએ કોડિંગ દ્વારા સમસ્યાનું નિરાકરણ કર્યું માર્ચમાં, નાસાની ટીમે શોધ્યું હતું કે અવકાશયાન પરની એક નાસાએ અવકાશમાં અન્ય ગ્રહો શોધવા માટે વોયેજર-1 લોન્ચ કર્યું. તે 5 સપ્ટેમ્બર 1977ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી 1990 માં આ વિમાને સૌરમંડળની પ્રથમ ઝાંખી તસવીર લીધી. આ પછી, 25 ઓગસ્ટ, 2012 ના રોજ, વોયેજર-1 એ તારાઓ વચ્ચેની અવકાશમાં પ્રવેશ કર્યો. પૃથ્વી પરથી સંદેશ મોકલવામાં 48 કલાકનો સમય લાગે છે અને પછી વોયેજર-1 પરથી સંદેશો પાછો મળે છે.

ચિપ ખરાબ થઈ ગઈ હતી, જેના કારણે 3% ડેટા સિસ્ટમ મેમરી બગડી ગઈ હતી. આ કારણોસર સ્પેસશિપ કોઈપણ વાંચી શકાય તેવા સંકેત મોકલવામાં સક્ષમ ન હતું. આ પછી વૈજ્ઞાનિકોએ કોડિંગ દ્વારા ચિપને ઠીક કરી. વોયેજર દ્વારા 20 એપ્રિલે મોકલવામાં આવેલા સિગ્નલમાં તેણે તેના સ્વાસ્થ્ય અને સ્ટેટસ અપડેટ આપ્યા છે. નાસાના જણાવ્યા અનુસાર, આગળનું પગલું અવકાશયાનમાંથી વિજ્ઞાન ડેટા મેળવવાનું છે.વોયેજર-2 પછી, નાસાએ અવકાશમાં અન્ય ગ્રહો શોધવા માટે વોયેજર-1 લોન્ચ કર્યું. તે 5 સપ્ટેમ્બર 1977ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી 1990 માં આ વિમાને સૌરમંડળની પ્રથમ ઝાંખી તસવીર લીધી. આ પછી, 25 ઓગસ્ટ, 2012 ના રોજ, વોયેજર-1 એ તારાઓ વચ્ચેની અવકાશમાં પ્રવેશ કર્યો. પૃથ્વી પરથી અને પછી વોયેજર-1 પરથી સંદેશો પાછો મળે છે.



### સ્પેસશિપ પર હાજર સૌરમંડળનો નકશો, પૃથ્વી પરના જીવનના ચિત્ર

આ સિવાય તેમાં 12 ઈંચની ગોલ્ડ પ્લેટેડ કોપર ડિસ્ક પણ છે, જેનો ઉપયોગ અવકાશમાં આપણી દુનિયા વિશેની માહિતી શેર કરવા માટે થાય છે. તેમાં ચિત્રો, સંગીત અને પૃથ્વી પરના જીવન સાથે સંબંધિત કેટલાક વિશિષ્ટ અવાજોનો સમાવેશ થાય છે. નાસાના જણાવ્યા અનુસાર, વોયેજર અવકાશયાનની પાવર બેંક 2025 સુધીમાં સમાપ્ત થવાની સંભાવના છે. આ પછી તે આકાશગંગામાં પરિભ્રમણ કરવાનું ચાલુ રાખશે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના અવકાશયાન વોયેજર-1એ 24 અબજ કિલોમીટર દૂરથી સિગ્નલ મોકલ્યા છે. છેલ્લા 5 મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે વોયેજરે સંદેશ મોકલ્યો છે અને નાસાના એન્જિનિયરો તેને વાંચવામાં સફળ રહ્યા છે. વોયેજર 1ને વર્ષ 1977માં અવકાશમાં મોકલવામાં જે અવકાશમાં સૌથી દૂરના અંતરે હાજર છે.



### વોયેજર-1 એ 1990માં સૌરમંડળની તસવીર લીધી હતી

વોયેજર-2 પછી, નાસાએ અવકાશમાં અન્ય ગ્રહો શોધવા માટે વોયેજર-1 લોન્ચ કર્યું. તે 5 સપ્ટેમ્બર 1977ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી 1990 માં આ વિમાને સૌરમંડળની પ્રથમ ઝાંખી તસવીર લીધી. આ પછી, 25 ઓગસ્ટ, 2012 ના રોજ, વોયેજર-1 એ તારાઓ વચ્ચેની અવકાશમાં પ્રવેશ કર્યો. પૃથ્વી પરથી સંદેશ મોકલવામાં 48 કલાકનો સમય લાગે છે અને પછી વોયેજર-1 પરથી સંદેશો પાછો મળે છે.આ સિવાય તેમાં 12 ઈંચની ગોલ્ડ પ્લેટેડ કોપર ડિસ્ક પણ છે, જેનો ઉપયોગ અવકાશમાં આપણી દુનિયા વિશેની માહિતી શેર કરવા માટે થાય છે. તેમાં ચિત્રો, સંગીત અને પૃથ્વી પરના જીવન સાથે સંબંધિત કેટલાક વિશિષ્ટ અવાજોનો સમાવેશ થાય છે. નાસાના જણાવ્યા અનુસાર, વોયેજર અવકાશયાનની પાવર બેંક 2025 સુધીમાં સમાપ્ત થવાની સંભાવના છે. વોયેજર અવકાશયાન પર રેકોર્ડ વગાડવા માટેની સૂચનાઓ અને યુરેનિયમનો ટુકડો સામેલ છે.

# ઓપન એઆઇના જીપીટી-4નો ઉપયોગ: તસવીરોને કવિતામાં ફેરવવામાં સક્ષમ અનોખો કેમેરો તૈયાર



(એજન્સી) ન્યૂયોર્ક | તા 24

ન્યૂયોર્ક સ્થિત ઈન્ડિપેન્ડેટ ડિઝાઈનર કેલિન કેરોલિન ઝાંગ અને રયાન મેથરે એક ખાસ પ્રકારનો કેમેરો તૈયાર કર્યો છે. આ કેમેરો દેખાવમાં તો બિલકુલ સામાન્ય કેમેરાની જેવો છે પરંતુ આ કેમેરાની અનેક પ્રકારની વિશેષતા છે. આ કેમેરો વ્યૂને કવિતામાં ફેરવી શકે છે. તસવીરોને કવિતામાં ફેરવવામાં સક્ષમ આ કેમેરામાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કેમેરો ઓપન સોર્સ ડિવાઈસના રસબેરી પાઇ પર ચાલે છે અને કવિતા બનાવવા માટે ઓપન એઆઇના જીપીટી-4નો ઉપયોગ કરે છે. આ વ્યૂ ફાઈન્ડરમાં નજર આવતા વિઝ્યુઅલના સંબંધમાં એઆઈની મદદથી રંગ, પેટર્ન , ઈમોશનનું મૂલ્યાંકન કરે છે. આ આધાર પર કેમેરામાં લાગેલા નાના પ્રિન્ટરની મદદથી કવિતાને પ્રિન્ટ કરવામાં આવે છે.

આ કેમેરાની ખાસ બાબત એ પણ છે કે આના કારણે પાડવામાં આવેલી તસવીરો કોઇ પણ જગ્યાએ સેવ થતી નથી. આના યુઝર્સ હાઈકુ, સોનેટ અને ફ્રી વર્સેસ નામના પોએટ્રી ટાઈપની પસંદગી કરી શકે છે. હાલમાં આ કેમેરાની કોમર્શિયલ રિલીઝને લઈને જાહેરાત કરવામાં આવી નથી.

# ઈરાને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને સમર્થન ન આપ્યું PM શાહબાઝે

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીએ કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને સમર્થન આપ્યું ન હતું. રાયસી 3 દિવસના પ્રવાસ પર કાશ્મીરમાં છે. સોમવારે પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે બેઠક દરમિયાન રાયસી સાથે કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. ગાઝાની વર્તમાન સ્થિતિને કાશ્મીર સાથે જોડીને શરીફે કહ્યું કે, કાશ્મીરના હિતમાં તમારો અવાજ ઉઠાવવા બદલ હું તમારો અને ઈરાનના લોકોનો આભાર માનું છું. જો કે ઈરાનના રાષ્ટ્રપતિએ શાહબાઝના નિવેદન પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. પોતાના સંબોધન દરમિયાન પણ રાયસીએ માત્ર પેલેસ્ટાઈનનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ઈરાન પેલેસ્ટિનિયનોના હિત માટે લડવાનું ચાલુ રાખશે. કાશ્મીર પર ઈરાનના રાષ્ટ્રપતિનું મૌન શાહબાઝ માટે અપમાનજનક ગણાવવામાં આવી રહ્યું છે.

તેહરાનમાં ભારતીય દૂતાવાસે મંગળવારે બંને દેશો વચ્ચેના સંબંધોને લઈને એક નિવેદન બહાર પાડ્યું હતું. 'ભારત અને ઈરાન વચ્ચે સંબંધોનો લાંબો ઈતિહાસ છે. બંને દેશો વ્યાપારી જોડાણ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે સતત કામ કરી રહ્યા છે,' એમ દૂતાવાસે જણાવ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાનના રાષ્ટ્રપતિના પાકિસ્તાન પ્રવાસનો મુખ્ય એજન્ડા બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાનો છે. ઈરાનના રાષ્ટ્રપતિ રાયસીએ પાકિસ્તાનના પીએમ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ વાતનો પુનરોચ્ચાર કર્યો છે. ઈરાનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર ઈરાનના રાષ્ટ્રપતિની સાથે તેમની પત્ની, એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ અને એક વેપારી પ્રતિનિધિમંડળ પાકિસ્તાનની મુલાકાતે છે.

# હમાસના હુમલા બાદ ઇઝરાયલી સૈન્ય કાર્યવાહીથી 23 લાખ પેલેસ્ટેનિયનો ભયાનક સંકટમાં

ગાઝા સિટી / રાફેહ | તા 24

ઈઝરાયલ પર હમાસના આતંકી હુમલાને મંગળવારના દિવસે 200 દિવસ પૂર્ણ થઈ ગયા છે. ગાઝાના 23 લાખ પેલેસ્ટિનિયન નાગરિકોને ઈઝરાયલી નાકાબંધી અને સૈન્ય હુમલાની વચ્ચે દરરોજ બે ટંક ભોજન માટે પણ સંઘર્ષ કરવાની ફરજ પડી રહી છે. સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે ગાઝામાં મેમાં ભૂખમરાનું સંકટ તોળાઈ રહ્યું છે. ગાઝામાં સૌથી ખરાબ સ્થિતિ એ બાળકોની છે જે બાળકોએ યુદ્ધની વચ્ચે જન્મ લીધો છે. 17મી એપ્રિલ સુધી હોસ્પિટલોમાં કુપોષણથી 12 વર્ષથી ઓછી વયનાં 28 બાળકોનાં મોત થયાં હતાં. કિસ્સો 1: પેક્ડ ફૂડ જ એકમાત્ર સહારો હતો, હવે કુપોષણ વચ્ચે ડૉક્ટરોને હાથની નસ મળતી નથી મુહાન્નાદ અલ-નજ્જરનો જન્મ ગાઝા યુદ્ધ પહેલાં થયો હતો. ઉત્તર ગાઝામાં લડાઈના કારણે તેના પરિવારના સભ્યોને ખાન યુનિસમાં આશ્રય લેવાની ફરજ પડી હતી. વિસ્થાપિત વ્યક્તિઓના કેમ્પમાં રોકાણ દરમિયાન પરિવાર રાહત સામગ્રી પર નિર્ભર હતો. બાળકને તાજો ખોરાક ન મળવાથી તે બીમાર પડી ગયો. હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. હવે બાળકે ખાવા-પીવાનું છોડી દીધું છે.

તે દિવસમાં બે કપ પાણી સિવાય કંઈ ખાતો કે પીતો નથી. તેનું વજન અડધું થઈ ગયું છે અને તે હાડપિંજર જેવો દેખાય છે. તેની સ્થિતિ એવી છે કે તેના હાથમાંથી ટીપાં મૂકી શકાય તેમ નથી.

# લોકતંત્ર:આ વર્ષે 42 દેશોમાં ચૂંટણી, મોટા ભાગના દેશોમાં રાષ્ટ્રપતિની દોડ લાગશે

લંડન | તા 24

રાજકારણમાં મહિલાઓને હજુ પણ એકસમાન તકો મળી રહી નથી આ વર્ષે દુનિયાના 42 દેશોમાં ચૂંટણી થઈ રહી છે અથવા થશે. ઈતિહાસમાં આ વર્ષ સૌથી વધુ મતદાતાઓ માટે પણ નોંધાશે, પરંતુ ટોચનાં પદો માટે નેતૃત્વની વાત કરવામાં આવે તો મહિલાઓની સંખ્યા આંગળીના વેઢે ગણી શકીએ એટલી છે. પ્રધાનમંત્રી કે રાષ્ટ્રપતિ પદની દોડમાં મહિલા ઉમેદવારની સંખ્યા ના બરાબર છે.

બે અબજથી વધુની સંયુક્ત વસ્તી સાથે દુનિયાનાં સૌથી મોટાં લોકતંત્રો-અમેરિકા, ઈન્ડોનેશિયા અને ભારતની ચૂંટણીમાં કોઈ મહિલા ઉમેદવાર ટોચના પદ માટેની દોડમાં નથી કે નહોતી. બ્રિટન, પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકાના કેસમાં પણ આ જ સત્ય છે. મેક્સિકો સહિત માત્ર 18 દેશોમાં મહિલાઓ ટોચના નેતા બનવાની દોડમાં છે. એમાં પણ બે કે ત્રણ દેશોમાં જ તેના જીતવાની આશા છે. આવું કેમ છે? સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના શોધકર્તાઓ અનુસાર મહિલાઓ પ્રત્યે પૂર્વગ્રહ સૌથી મોટું વિઘ્ન છે. મહિલાને ટોચના નેતૃત્વ તરીકે પસંદ કરનારા વોટર પણ તેને આ ડરથી વોટ નથી આપતા કે તે હારશે. આ વર્ષે 42 દેશોમાં યોજાનાર ચૂંટણીને લઈને તમામ સંબંધિત દેશોમાં ઉત્સુકતા છે. લોકો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈચ્છુક છે. જો કે રાજનીતિમાં હજુ મહિલાઓના સમાન અધિકારોને લઈને દુવિધા છે. મોટા ભાગના દેશોમાં ટોપ પદ માટે મહિલા ઉમેદવાર નથી. રાજનીતિમાં હજુ પણ પુરૂષોનુ પ્રભુત્વ દેખાઈ રહ્યુ છે. મતદારોને મહિલાઓ પર 'દરેક મત અને તે શું મહત્ત્વ ધરાવે છે', નામના રિપોર્ટ પર ધ્યાન આપવું પડશે. તેનાથી જણાવાયું છે કે અમેરિકા જેવા સંપન્ન અને શિક્ષિત દેશના લોકો પણ મહિલા નેતાની પસંદગી માટે તૈયાર નથી.

### 10 વર્ષ સુધીની વયના 50% થી 80% બાળકોને દૂધ કે ઈંડાંથી એલર્જી થાય છે

# 30% ભારતીયોને કોઈને કોઈ વસ્તુથી એલર્જી

(એજન્સી) વોશિંગ્ટન | તા 24

દુનિયાની કુલ વસ્તીના આશરે 25% લોકોને કોઈ ને કોઈ પ્રકારની એલર્જીનો સામનો કરવો પડે છે. ભારતમાં 20થી 30% લોકોને એલર્જીની સમસ્યા છે. ત્યારે, અમેરિકામાં લગભગ 26% વયસ્કો અને 19% બાળકોને સિઝનલ એલર્જી છે. જ્યારે 6% વયસ્કો અને બાળકોને કોઈ ને કોઈ ભોજનથી એલર્જી છે. આ ડેટા અમેરિકાના રોગનિયંત્રણ અને નિવારણ કેન્દ્રનો છે. યુનિવર્સિટી ઓફ નોર્થ કેરેલિનાની સ્કૂલ ઓફ મેડિસિનમાં એલર્જી પ્રતિરક્ષા વિજ્ઞાનના પ્રોફેસર ડો. કોરિન કીટ કહે છે કે એલર્જીનાં કારણો ખૂબ જટિલ છે. તે તમારા જનીન અને તમે કઈ રીતે એલર્જીના સંપર્કમાં આવો છો અને ક્યારે આવો છો, તેના પર આધાર રાખે છે. સામાન્ય રીતે યુવાવસ્થા, ગર્ભાવસ્થા, બીમાર થવા કે અંગ-પ્રત્યારોપણથી એલર્જીમાં બદલાવ થવો શક્ય છે. ચોંકાવનારી વાત એ છે કે 10 વર્ષ સુધીની ઉંમરનાં 50% થી 80% સુધીનાં બાળકોને દૂધ કે ઈંડાંથી એલર્જી થઈ જાય છે. ઉંમર વધ્યા પછી આ એલર્જી તેની રીતે જ ઠીક થઈ જાય છે. ન્યૂયોર્કના માઉન્ટ સિનાઈમાં ઈકાન સ્કૂલ ઓફ મેડિસિનમાં એલર્જિસ્ટ અને ઈમ્યુનોલોજિસ્ટ ડો. શ્રદ્ધા અગ્રવાલે કહ્યું કે આજે પણ



વિજ્ઞાની એ નથી સમજી શક્યા ઉંમર સાથે એલર્જી કેમ વધે કે ઘટે છે. એલર્જીમાં હજુ પણ ઘણાં બધાં રહસ્યો છે. શંખ, કોઈ પણ ઉંમરના લોકોને કોઈ પણ વસ્તુથી એલર્જી, સારવાર પણ મુશ્કેલ

સીપી, દૂધ, પનીર, મેવા, વટાણાના ફોતરા, મધમાખી, કૂતરા, બિલાડી, કપડાં ધોવાનો ડિટર્જન્ટ અને ઈંડાંથી પણ એલર્જી થઈ શકે છે. જે કોઈ પણ વસ્તુ કે ભોજનથી થઈ શકે છે. હાલમાં જ અમેરિકામાં એક વ્યક્તિને શેલફિશથી એલર્જી થવાનો કેસ સામે આવ્યો છે. મોરાલેસ ઉપનામ વાળી આ વ્યક્તિ બેહોશ થતા હોસ્પિટલ લઈ જવી પડી હતી. જાણવા મળ્યું કે તેણે જે ભોજન કર્યું તેનાથી એલર્જી થઈ છે. પછીથી મોરાલેસે જણાવ્યું કે

તે માછલી ખાય છે, પણ પહેલીવાર શેલફિશ લીધી હતી.ડો. શ્રદ્ધા અગ્રવાલ જણાવે છે કે એલર્જી ઘણા અલગ-અલગ રૂપમાં સામે આવે છે. સામાન્ય રીતે એ ત્યારે વિકસિત થાય છે જ્યારે તમારી રોગપ્રતિકારક સિસ્ટમ ભૂલથી પરાગ કણો અથવા જાનવરોના વાળ જેવા એલર્જનને જોખમી માને છે. પછી તે દર વખતે એ એલર્જીના સંપર્કમાં આવવાથી પ્રતિક્રિયા કરે છે. તેનાં લક્ષણ અલગ-અલગ હોઈ શકે છે. તે તમારા જનીન અને તમે કઈ રીતે એલર્જીના સંપર્કમાં આવો છો અને ક્યારે આવો છો, તેના પર આધાર રાખે છે. સામાન્ય રીતે યુવાવસ્થા, ગર્ભાવસ્થા, બીમાર થવા કે અંગ-પ્રત્યારોપણથી એલર્જીમાં બદલાવ થવો શક્ય છે.

# ભારતના મિત્ર રશિયાએ એસ-400 મિસાઈલ ડિલિવરી અંગે આપ્યો આવો સંકેત

મોસ્કો | તા 24

ભારતના વર્ષો જૂના સાથી એવા રશિયા દેશે હવે યુદ્ધમાં વિશેષ ઉપયોગી એવી એસ-400 મિસાઈલ સિસ્ટમ આપવાની વાત કરી છે. જી હા...ભારતે રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદ્યા છે.

આમાંથી ત્રણની ડિલિવરી થઈ ચૂકી છે. બાકીની બે સિસ્ટમની ડિલિવરી અંગે રશિયાએ કહ્યું છે કે તે 2025 સુધીમાં પૂર્ણ થઈ જશે. રશિયાએ આવતા વર્ષે એટલે કે 2025 સુધીમાં S-400 સિસ્ટમના બાકીના બે યુનિટ ભારતને પહોંચાડવાની તૈયારી કરી લીધી છે. ભારતે 5.4 બિલિયન ડોલરમાં રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદ્યા હતા. તેમાંથી 3ની ડિલિવરી થઈ ગઈ છે, જ્યારે 2ને રશિયાએ રોકી હતી. યુક્રેન યુદ્ધમાં રશિયા ભારત માટે બનેલી S-400 સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યું હોવાના અહેવાલ હતા. આર્થિક પ્રતિબંધોને કારણે રશિયાને S-400 સિસ્ટમમાં ઉપયોગમાં લેવાતા ઘણા ભાગો અને કાચા માલની પણ અછતનો સામનો કરવો પડી રહ્યો હતો. આવી સ્થિતિમાં રશિયાએ સૌથી પહેલા પોતાની સુરક્ષા માટે S-400ના ઉપયોગને પ્રાથમિકતા આપી. ભારતમાં ડિલિવરી 2025 સુધીમાં મળી જશે મળતી માહિતી અનુસાર, S-400ના બાકીના યુનિટ 2025 સુધીમાં ભારતને સોંપવામાં આવશે.

### સારા ભવિષ્યને આકાર આપવા માટે સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મહત્વ

# આપણે સારી આવતીકાલ માટે આજે સ્થિતિ સ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવું જોઈએ: PM મોદી

(એજન્સી) નવી દિલ્હી | તા 24

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ, આપત્તિ સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આંતરરાષ્ટ્રીય પરિષદની 6ઠ્ઠી આવૃત્તિમાં તેમના સંબોધનમાં, સ્થિતિસ્થાપક માળખામાં રોકાણની નિર્ણાયક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અહીં તેના મુખ્ય મુદ્દાઓ અને વધુ સારા ભવિષ્યને આકાર આપવા માટે સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વ પર વિગતવાર નજર છે. વડાપ્રધાન મોદીનું તાજેતરનું સંબોધન સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણને પ્રાથમિકતા આપવાની તાકીદને રેખાંકિત કરે છે. તે પ્રકાશિત કરે છે કે આવતીકાલને વધુ સુરક્ષિત અને વધુ ટકાઉ બનાવવા માટે આવા રોકાણ કેવી રીતે મૂળભૂત છે.

પીએમ મોદીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં, ખાસ કરીને આપત્તિ પછીની સ્થિતિસ્થાપકતા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે આ હેતુ માટે વૈશ્વિક પ્રતિબદ્ધતા દર્શાવતા, ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) માટે ગઠબંધનની વૃદ્ધિની પ્રશંસા કરી.સભ્ય તરીકે 39 દેશો અને 7 સંસ્થાઓ સાથે, CDRI વૈશ્વિક સ્તરે સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહિત કરવામાં એક મુખ્ય સંસ્થા તરીકે ઉભરી આવે છે. સીડીઆરઆઈના વિસ્તરણ અંગે પીએમ મોદીનો આશાવાદી દૃષ્ટિકોણ સ્થિતિસ્થાપકતાના પ્રયાસોમાં સકારાત્મક માર્ગ સૂચવે છે.

## સંબોધન સુરક્ષિત અને વધુ ટકાઉ ભવિષ્ય



પીએમ મોદીનું સંબોધન સુરક્ષિત અને વધુ ટકાઉ ભવિષ્ય માટે સ્થિતિસ્થાપક માળખામાં રોકાણ કરવાની મહત્ત્વપૂર્ણતાને વધુ મજબૂત બનાવે છે. તે કુદરતી આફતો દ્વારા ઊભા થયેલા પડકારોનો અસરકારક રીતે સામનો કરવા માટે સંયુક્ત વૈશ્વિક પગલાં અને સહયોગની હાકલ કરે છે.

## કુદરતી આફતોની અસરને સમજવી

પીએમ મોદીએ માત્ર નાણાકીય મૂલ્યાંકનથી આગળ વધીને કુદરતી આફતોની બહુપક્ષીય અસરો પર પ્રકાશ પાડ્યો. તે સમુદાયો પર આ ઘટનાઓ દ્વારા માનવ, સામાજિક અને આર્થિક નુકસાન પર ભાર મૂકે છે.વડા પ્રધાન કુદરતી આફતોની વિનાશક અસરોને સમજાવે છે, જેમાં ભૂકંપના કારણે ઘરવિહોણા થવું અને પાણી અને ઊર્જા જેવી મહત્ત્વની સેવાઓમાં વિક્ષેપનો સમાવેશ થાય છે.

## સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપવામાં CDRIની ભૂમિકા

નાના આઈલેન્ડ ડેવલપિંગ સ્ટેટ્સમાં પ્રોજેક્ટ્સ દ્વારા ઉદાહરણ તરીકે, સંવેદનશીલ પ્રદેશોને ટેકો આપવા પર CDRIનું ધ્યાન, સમાવિષ્ટ સ્થિતિસ્થાપકતા પહેલો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.પીએમ મોદીએ વિવિધ દેશોમાં સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના સફળ ઉદાહરણો પ્રકાશિત કર્યા, જે આપત્તિના જોખમોને ઘટાડવામાં તેમની અસરકારકતા દર્શાવે છે. ભારતના સક્રિય પગલાં, જેમ કે તેના G20 પ્રેસિડેન્સી દરમિયાન ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન વર્કિંગ ગ્રૂપની રચના, વૈશ્વિક સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપવા માટે તેનું સમર્પણ દર્શાવે છે. આપણા વિશ્વના એકબીજા સાથે જોડાયેલા સ્વભાવને ઓળખીને, પીએમ મોદીએ સામૂહિક સ્થિતિસ્થાપકતાના પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂક્યો છે. તે ભારપૂર્વક કહે છે કે વૈશ્વિક સ્થિતિસ્થાપકતા રાષ્ટ્રોની વ્યક્તિગત સ્થિતિસ્થાપકતા પર આધારિત છે. નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં સ્થિતિસ્થાપકતાના એકીકરણને આવશ્યક તરીકે પ્રકાશિત કરવામાં આવે છે. પીએમ મોદીએ માત્ર પ્રારંભિક બાંધકામમાં જ નહીં પરંતુ આપત્તિ પછીના પુનર્નિર્માણ તબક્કા દરમિયાન પણ તેના મહત્વ પર ભાર મૂક્યો છે.

# પ્રધાનમંત્રીનાં મુખ્ય સચિવ ડૉ. પી કે મિશ્રાએ આપત્તિને અનુકૂળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર આંતરરાષ્ટ્રીય પરિષદમાં સંબોધન કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 24

પ્રધાનમંત્રીનાં મુખ્ય સચિવ ડૉ. પી કે મિશ્રાએ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય આપત્તિને અનુકૂળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (આઈસીડીઆરઆઈ)ને સંબોધન કર્યું. ડૉ. મિશ્રાએ સીડીઆરઆઈની શરૂઆતથી જ તેમાં આપણી ભાગીદારી પર પ્રકાશ પાડતા આઈસીડીઆરઆઈને એક અગ્રણી વૈશ્વિક મંચ તરીકે વિકસિત થતાં જોઈ સંતોષ વ્યક્ત કર્યો. આપત્તિને અનુકૂળ માળખા પર વાતચીતને વિસ્તૃત કરવા બદલ આઈસીડીઆરઆઈની પ્રશંસા કરતાં ડૉ. મિશ્રાએ ચર્ચાને જમીની સ્તરે નક્કર કામગીરીમાં પરિવર્તિત કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો, જે માળખાગત વિકાસમાં આમૂલ પરિવર્તન તરફ દોરી જશે. તેમણે આ બદલાવ વિશે વિસ્તૃત વર્ણન કરતાં કહ્યું કે, 'માત્ર વધારે માળખાગત સુવિધા જ નહીં, પણ સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓ પણ સામેલ છે; માત્ર કાર્યક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ નહીં, પણ સાતત્યપૂર્ણ માળખાગત સુવિધાઓ પણ; માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સ જ નહીં, પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ્સ પણ.'

ડૉ. મિશ્રાએ વૈશ્વિક સ્તરે વધતી જતી આપત્તિ અને આબોહવાના જોખમોને ટાંકીને સ્થિતિસ્થાપક માળખામાં રોકાણ કરવાની ગંભીરતા પર ભાર આપ્યો. તેમણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ્સમાં સ્થિતિસ્થાપકતાની અવગણનાના પ્રત્યાઘાતો સામે ચેતવણી આપતા જણાવ્યું કે, 'જો આપણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ્સમાં સ્થિતિસ્થાપકતાનું નિર્માણ નહીં કરીએ, તો આવી આપત્તિઓ પછી પુન:પ્રાપ્તિ અને પુનર્નિર્માણ માટે વધુને વધુ ભંડોળ એકઠું કરવા માટે મજબૂરી બનીશું.' બીજું, સીડીઆરઆઈના સંશોધનને ટાંકીને પ્રધાનમંત્રીના મુખ્ય સચિવે ભારપૂર્વક જણાવ્યું કે, 'માળખાગત ખાધને પહોંચી વળવા, એસડીજી પ્રાપ્ત કરવા, ચોખ્ખા શૂન્ય સુધી પહોંચવા અને 2050 સુધીમાં સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે વાર્ષિક રોકાણ 9.2 ટ્રિલિયન અમેરિકન ડોલર જેટલું થાય છે." જો આપણે આપણી પ્રોજેક્ટ પાઈપલાઈન્સમાં સ્થિતિસ્થાપકતાની રચના નહીં કરીએ, તો ખાસ કરીને વૈશ્વિક દક્ષિણમાં માળખાગત ઘટાડાને પૂરો કરવા માટે જરૂરી ઉચ્ચ સ્તરના ભંડોળને મેળવવાનું વધુને વધુ મુશ્કેલ બનશે.' તેમણે જણાવ્યું કે, 'ભારતમાં, આપણે સ્વીકારીએ છીએ કે માળખાગત ઉણપને પૂરી કરવી, અને તે એ રીતે કરવું કે તમામ નવા આંતરમાળખાને સ્થિતિસ્થાપક બનાવવામાં આવે અને સાથે-સાથે તે ચાલતા રહે.' ડૉ. મિશ્રાએ ભારપૂર્વક જણાવ્યું કે આંતરમાળખામાં ભારતના રોકાણે લાખો લોકો માટે આજીવિકાની વધુ સારી તકો સર્જી છે. જી-20ના અધ્યક્ષતા દરમિયાન ભારતની પહેલને યાદ કરીને ડૉ. મિશ્રાએ વૈશ્વિક વિચાર-વિમર્શમાં મોખરે સ્થિતિસ્થાપકતામાં રોકાણને સ્થાપિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો. ડો. મિશ્રાએ જી20ની અધ્યક્ષતા દરમિયાન હાથ ધરવામાં આવેલા પ્રયાસો પર પ્રકાશ પાડ્યો, જેમાં આપત્તિ જોખમ ઘટાડા પર નવા જી20 કાર્યકારી જૂથની સ્થાપના અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કિંગ ગ્રુપ, જી20 ડીઆરઆર વર્કિંગ ગ્રુપ અને નવી દિલ્હી લીડર્સ ડેક્લેરેશનની અંદર સ્થિતિસ્થાપક માળખાગત સુવિધા અને ધિરાણ પર ભાર મૂકવાનો સમાવેશ થાય છે, જેણે આપત્તિની સ્થિતિસ્થાપકતા માટે નવીન ફાઈનાન્સિંગ ટૂલ્સ પર કામ કરવાના મહત્વને વધાર્યું. ડો. મિશ્રાએ પરિષદના મુખ્ય મુદ્દાઓના મહત્વ પર ભાર મૂક્યો, 'સૌ પ્રથમ, આપણે વૈશ્વિક દક્ષિણ દ્વારા સામનો કરવામાં આવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પડકારોને વધુ સારી રીતે વ્યક્ત કરવા માટે તકો ઉભી કરવી જોઈએ.' નવીન ફાઈનાન્સિંગ ટૂલ્સની જરૂરિયાત પર ભાર મૂકતાં તેમણે સહભાગીઓને સ્થિતિસ્થાપક માળખામાં રોકાણને પ્રોત્સાહિત કરવાના માર્ગો શોધવાની અપીલ કરી. તદુપરાંત, ડો. મિશ્રાએ અનુભવોને શેર કરવા અને સહયોગને પ્રોત્સાહન આપવા માટેના મંચ તરીકે આઈસીડીઆરઆઈના મહત્વ પર ભાર મૂક્યો.

**ભારતમાં અમે સ્વીકારીએ છીએ કે માળખાગત ખાધને પૂર્ણ કરવી અને તે એ રીતે કરવી કે જેથી તમામ નવું માળખું અનુકૂળ બને અને તે ખભેખભો મિલાવીને ચાલે**

## ન્યૂઝ કોર્નર

### આંધ્રપ્રદેશ: ઝડપી કારે એક લારીને ટક્કર મારતાં ત્રણનાં મોત

નવી દિલ્હી| આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લામાં એક દુ:ખદ ઘટનામાં, કાવલીના મુસુનુરુ ટોલ પ્લાઝા પાસે તેમની ઝડપે ચાલતી કાર એક લોરી સાથે અથડાતાં ત્રણ લોકોના જીવ ગયા અને બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા. પીડિતો, ચેન્નાઈથી પાછા ફરતા, વહેલી સવારે કમનસીબ અકસ્માતનો સામનો કરવો પડ્યો.મુસુનુરુ ટોલ પ્લાઝાની નજીક કવાલી ગ્રામીણ મંડળમાં આ દુર્ઘટના બની હતી. અથડામણ સવારના કલાકોમાં થઈ હતી, અને ઘાયલ પક્ષોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં તબીબી સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

### ચિદમ્બરમે પીએમ મોદીને કોંગ્રેસના મેનિફેસ્ટોમાં 'તુષ્ટિકરણ' બતાવવાની હિંમત કરી

નવી દિલ્હી | કોંગ્રેસના નેતા પી ચિદમ્બરમ અને નરેન્દ્ર મોદી વચ્ચેના તાજેતરના વિવાદે સમગ્ર ભારતમાં રાજકીય જ્વાળાઓ ફેલાવી છે. વિવાદના કેન્દ્રમાં સમાજના અમુક વર્ગો પ્રત્યે તુષ્ટિકરણનો આરોપ મૂકતા કોંગ્રેસ ઢંઢેરાના સંદર્ભમાં મોદીનું નિવેદન છે. ચિદમ્બરમનો બોલ્ડ પડકાર આ જ્વલંત ચર્ચામાં બળતણ ઉમેરે છે.ચિદમ્બરમે, શિમલામાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં, પીએમ મોદીને ગાંટલેટ ફેંકી દીધું, અને તેમને કોંગ્રેસના ઘોષણાપત્રના કોઈપણ વિભાગને તુષ્ટિકરણ તરીકે ગણી શકાય તે અંગે નિર્દેશ કરવાની માંગ કરી.

### યુનાઈટેડ સ્ટેટ્સમાં વારસાગત કર કાયદાના અસ્તિત્વ પર પ્રકાશ પાડ્યો

# કોણે કહ્યું કે ભારતમાં આવું થવું જોઈએ, ભાજપ શા માટે ગભરાટમાં છે?: પિત્રોડા

(એજન્સી) નવી દિલ્હી | તા 24

વિવાદના વંટોળ વચ્ચે, ભારતમાં વારસાગત કરનો કાયદો લાગુ કરવાની સંભાવના અંગે સામ પિત્રોડાની તાજેતરની ટિપ્પણીએ ઉગ્ર ચર્ચા જગાવી છે. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ પિત્રોડા પોતાની જાતને રાજકીય વાવાઝોડાના કેન્દ્રમાં જોવા મળ્યા હતા કારણ કે તેમની ટિપ્પણીઓથી ભાજપના નેતાઓની તીવ્ર ટીકા થઈ હતી. પ્રતિક્રિયાના જવાબમાં, પિત્રોડાએ તેમની સ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો, ભારપૂર્વક જણાવ્યું કે તેમની ટિપ્પણીઓ કોઈપણ રાજકીય પક્ષના પ્રતિનિધિ તરીકેની જગ્યાએ વ્યક્તિગત ક્ષમતામાં કરવામાં આવી હતી. તેમણે તેમના નિવેદનોના ખોટા અર્થઘટન પર નિરાશા વ્યક્ત કરી, ભારપૂર્વક જણાવ્યું કે યુ.એસ.માં વારસાગત કરની તેમની ચર્ચા માત્ર દૃષ્ટાંતરૂપ હતી, પ્રિસ્ક્રિપ્ટિવ નહીં.તેમના પ્રવચન દરમિયાન, પિત્રોડાએ યુનાઈટેડ સ્ટેટ્સમાં વારસાગત કર કાયદાના અસ્તિત્વ પર પ્રકાશ પાડ્યો હતો, તેમને વિચારણા માટે ઉદાહરણ તરીકે ટાંક્યા હતા. તેમણે આવા કાયદામાં સહજ સંપત્તિ પુન:વિતરણના સિદ્ધાંત તરફ ધ્યાન દોર્યું, જેમાં વ્યક્તિની સંપત્તિનો એક ભાગ તેમના મૃત્યુ પછી સરકારને ફાળવવામાં આવે છે.

# મહાકાલના સતત જલાભિષેક માટે ગલંતિકા બાંધવામાં આવી



મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આવેલું મહાકાલેશ્વર મંદિર ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાના પ્રમાણપત્ર તરીકે ઊભું છે. તેની ઘણી આદરણીય ધાર્મિક વિધિઓમાં, જલાભિષેકની પરંપરા વિશેષ સ્થાન ધરાવે છે, જે ભગવાન મહાકાલ પ્રત્યેની ભક્તિ અને આદરનું પ્રતીક છે. વૈશાખ કૃષ્ણ પ્રતિપદાના રોજ શરૂ થયેલા એક સમારોહમાં, ગલંતિકા, માટીના વાસણને સતત જલાભિષેક માટે ભગવાન મહાકાલની ઉપર બાંધવામાં આવે છે, જે પેઢીઓથી અનુસરવામાં આવતી પરંપરાને આગળ ધપાવે છે.

# કોર્ટે કેજરીવાલને EDને જવાબ દાખલ કરવા સમય આપ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 24

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) વચ્ચે કાનૂની લડાઈ ચાલુ છે, તાજેતરના વિકાસ કેસની જટિલતાઓ પર પ્રકાશ પાડે છે. રાઉઝ એવન્યુ કોર્ટમાં તાજેતરની સુનાવણીમાં, કેજરીવાલને તેમને જારી કરાયેલા સમન્સ સામેના તેમના સંશોધનો અંગે ED દ્વારા સબમિટ કરેલા જવાબો પર જવાબ આપવા માટે વધારાનો સમય આપવામાં આવ્યો હતો.

વિશેષ ન્યાયાધીશ રાકેશ સ્યાલની અધ્યક્ષતાવાળી ટ્રાયલ કોર્ટે કેજરીવાલ અને EDનું પ્રતિનિધિત્વ કરતા વકીલોની દલીલો સાંભળી. એડવોકેટ રાજીવ મોહન, મુદિત જૈન અને મોહમ્મદ. અરવિંદ કેજરીવાલ તરફથી ઈર્શાદ હાજર થયો હતો.


**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડર આમંત્રણ સૂચના**

નંબર :- DYCE-II-GSU-PRYJ-10-2024 તારીખ :- 19-04-2024

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર-II/GSU/પ્રયાગરાજ ઉત્તર મધ્ય રેલ્વે હેઠળ નીચેના કામો માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે (ટેન્ડર ખોલવામાં આવ્યું - સિંગલ પેકેટ સિસ્ટમ અને સંયુક્ત સાહસ/કંસોર્ટિયમ/MOUS, અયોગ્ય) સમાપ્તિ તારીખ/ સમય 28-05-2024 15:00 કલાક સુધી. બિડર્સ તેમની મૂળ/સંશોધિત બિડ માત્ર અંતિમ તારીખ અને સમય સુધી સબમિટ કરી શકે છે. આ ટેન્ડર માટે મેન્યુઅલ ઑફર્સની પરવાનગી નથી અને આવી કોઈપણ મેન્યુઅલ ઑફર્સ પ્રાપ્ત થશે તેની અવગણના કરવામાં આવશે.

**કાર્યનું વર્ણન:-** પ્રયાગરાજ ડિવિઝનના CNB-TDL વિભાગમાં MNR-FZD સ્ટેશનો વચ્ચે RCC બોક્સ આપીને હાલના પુલ નંબર 82 કિમી 1230/3-5ને પહોળો કરવો.

અંદાજીત ખર્ચ :- રૂ: 5.50 કરોડ અનામત રકમ :- રૂ: 4,25,200/- ટેન્ડર ફોર્મ કિંમત :- રૂ: 0.00/- ખુલવાની તારીખ :- 28-05-2024 , 15:00 કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 09 મહિના યોગ્યતાના માપદંડ માટે સમાન પ્રકારના કામની વ્યાખ્યા:- રનિંગ ટ્રેકમાં કોઈપણ પુલનું કામ અથવા રનિંગ ટ્રેકમાં રેગર્ડિંગનું કામ. **નોંધ :-** સંપૂર્ણ માહિતી અને ટેન્ડર જમા કરાવવા માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ http://www.ireps.gov.in પર જુઓ . **નોંધ :-** 1. ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટના ટેન્ડરની સંપૂર્ણ માહિતી (ટેન્ડર ફોર્મ સહિત ) IREPS ની વેબસાઈટ https://www.ireps.gov.in પર નિયત તારીખ એ 15:00 કલાક સુધી ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 4. જોડવાના તમામ ફોર્મ પર સહી કરવી આવશ્યક છે. 5. કોઈપણ પ્રકારની તકનીકી સમસ્યાના ઉકેલ માટે, IREPS વેબસાઈટ હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે.

714/24 FA

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in


# લોકસભા ચૂંટણી: કોટામાં હેટ્રિક માટે ઓમ બિરલાના પ્રયાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 24

રાજસ્થાનના વાઈબ્રન્ટ રાજકીય લેન્ડસ્કેપમાં, કોટા આગામી લોકસભા ચૂંટણીમાં નિર્ણાયક યુદ્ધભૂમિ તરીકે ઉભરી આવે છે. અનુભવી રાજકારણીઓ સીટ માટે લડી રહ્યા હોવાથી, ચૂંટણીની ગતિશીલતા નિરીક્ષકો અને મતદારો માટે એક આકર્ષક દેખાવનું વચન આપે છે. રાજસ્થાનના મધ્યમાં આવેલું કોટા રાજ્યની રાજકીય કથામાં ઘણું મહત્વ ધરાવે છે. રાજસ્થાનના 25 લોકસભા મતવિસ્તારોમાંના એક તરીકે, કોટાએ વર્ષોથી રસપ્રદ ચૂંટણી સ્પર્ધાઓ જોઈ છે, જેણે પ્રદેશના સામાજિક-રાજકીય ફેબ્રિકને આકાર આપ્યો છે.વર્તમાન લોકસભા સ્પીકર ઓમ બિરલા, ભારતીય જનતા પાર્ટી (BJP) નું પ્રતિનિધિત્વ કરે છે, કોટામાં જીતની હેટ્રિક મેળવવાનો પ્રયાસ કરે છે. પ્રચંડ ટ્રેક રેકોર્ડ અને મતવિસ્તારમાં ઊંડા મૂળના જોડાણો સાથે, બિરલા પ્રબળ દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે.બિરલાના વર્ચસ્વને પડકારી રહ્યા છે કોંગ્રેસના પ્રહલાદ ગુંજલ, સમૃદ્ધ રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા અનુભવી રાજકારણી. કોટા-ઉત્તરના ધારાસભ્ય તરીકે ગુંજલનો કાર્યકાળ અને ભાજપમાંથી તેમનો તાજેતરનો પક્ષપલટો ચૂંટણી જંગમાં એક રસપ્રદ પરિમાણ રજૂ કરે છે.2019 ની લોકસભા ચૂંટણીમાં, ઓમ બિરલાએ કોટામાં તેમના ગઢને રેખાંકિત કરીને કોંગ્રેસના રામનારાયણ મીણા પર શાનદાર જીત મેળવી હતી. બિરલાના મોટા માર્જિનથી મતદારોમાં તેમની લોકપ્રિયતાની પુષ્ટિ થઈ.બિરલાનું ચૂંટણી કૌશલ્ય સૌપ્રથમવાર 2014ની લોકસભા ચૂંટણીમાં દર્શાવવામાં આવ્યું હતું.

## આંધ્રપ્રદેશના તિરુપતિમાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગી

અમરાવતી : આંધ્રપ્રદેશના તિરુપતિમાં એક દુઃખદ ઘટના સામે આવી, કારણ કે રેનીગુંટા નજીક પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગી હતી. આવી પરિસ્થિતિઓમાં સજ્જતા અને તકેદારીના મહત્વને પ્રકાશિત કરીને, આ ઘટના આગની કટોકટીઓ માટે ઝડપી પ્રતિસાદની નિર્ણાયક જરૂરિયાતને રેખાંકિત કરે છે.

## કોંગ્રેસે અલ્પસંખ્યકોને માત્ર વોટ બેંક તરીકે રાખ્યા: સૌંદરરાજન

(એજન્સી) નવી દિલ્હી | તા 24

પૂર્વના ચૂંટણી ઢંઢેરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની ટિપ્પણીને લઈને કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી (BJP) વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પુડુચેરીના ભૂતપૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર અને દક્ષિણ ચેન્નાઈના ભાજપના લોકસભાના ઉમેદવાર તમિલિસાઈ સૌંદરરાજનએ ઘોર આક્ષેપો કર્યા છે. . કોંગ્રેસ પક્ષ વિરુદ્ધ માત્ર ચૂંટણીલક્ષી લાભ માટે લઘુમતીઓનું શોષણ કરવાનો આરોપ મૂકે છે. સૌંદરરાજને કોંગ્રેસની તેમની ટીકામાં કોઈ શબ્દનો ઉપયોગ કર્યો ન હતો, વડા પ્રધાન મોદીના શાસનની પરિવર્તનકારી અસર પર ભાર મૂકતા, સૌંદરરાજને વિવિધ રાજ્યોમાં લઘુમતી સમુદાયોના સશક્તિકરણમાં બીજેપી શાસન હેઠળ થયેલા પગલાંને પ્રકાશિત કર્યું. તેણીએ ગુજરાત, ગોવા અને ઉત્તર પ્રદેશ જેવા પ્રદેશોમાં ભાજપ માટે લઘુમતી સમર્થનના ઉદાહરણો ટાંક્યા, જે એક વ્યાપક વલણનું સૂચક છે જ્યાં લઘુમતી મતદારો વિકાસ અને સમાવેશ માટેના ભાજપના વિઝન સાથે વધુને વધુ સંરેખિત થઈ રહ્યા છે.


**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર સૂચના સં.: 1120242025 **ઈ-ટેન્ડર સૂચના** તારીખ :- 19-04-2024

મંડળ રેલ પ્રબંધક/એન્જિનિયરિંગ/ઉત્તર મધ્ય રેલવે પ્રયાગરાજ દ્વારા ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના તરફથી નીચે મુજબ કાર્યો માટે ઈ-ટેન્ડર ફોર્મ (ટુ પેકેટ પ્રણાલી) ઉપર **તારીખ 15.05.2024ના 13:30** કલાક સુધી આમંત્રિત કરવામાં આવે છે. કાર્યોનું વિવરણ નીચેમુજબ છે.

| ટેન્ડર સં. : 16 | અંદાજિત કિંમત (રૂ.) : રૂ. 199515746.65 |
|---|---|

**કામનું વર્ણન:** રુરા-ટૂણ્ડલાઃ વરિષ્ઠ મંડળ એન્જિયર/તૃતીય/પ્રયાગરાજના અંતર્ગત રુરા ટૂણ્ડલા વિભાગમાં 160 કિમી/ કલાક સુધીની ગતિ વધારવા સંબધિત સી.આર.ઓને રોકવા માટે ગેટ સહિત રેલ માર્ગની સાથે સાથે ડબ્લ્યૂ ધાતુના મવેશી અવરોધ ઉપલબ્ધ કરાવવા અને ઉભો કરવા માટેનું કાર્ય.

**બાનાની રકમ (રૂ): 1147600.00, કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો : 03 મહિના, ટેન્ડર ખુલવાની તારીખ :** 15.05.2024, **યોગ્યતાના માપદંડ માટે સમાન પ્રકારના કાર્ય** : કોઈપણ સિવિલ એન્જિનિયરિંગનું કાર્ય.

**નોંધ :-** (1) ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી સંપૂર્ણ માહિતી વેબસાઈટ **www.irpes.gov.in** પર ટેન્ડર ખોલવાની નિયત તારીખ **15.05.2024** સુધી ઉપલબ્ધ છે. (2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. (3) ટેન્ડરની રકમ માત્ર ડિજિટલી હસ્તાક્ષરીત ફાઈનેન્સિયલ રેટ પર જ વિચાર કરાશે. મૂલ્ય તથા જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને તરત અવગણવામાં આવશે અને તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (4) બધા ટેન્ડરગારો ટેન્ડર સંખ્યા 16 જેમાં ટેન્ડરની રકમ રૂ. 50 લાખથી વધુ હોય, તો Annexure-V- V & (A) (Document Verification Certificate)જરૂરી છે. માલ અને/અતવા સેવાઓના સપ્લાયર/ઠેકેદાર સમય-સમય પર નિર્ધારિત જી.એસ.ટી એક્ટ તથા નિયમો અંતર્ગત રહેશે. (5)જે દસ્તાવેજ જોડવામાં આવે છે તેના પર ટેન્ડરર દ્વારા સહી કરવી જોઈએ. (6)ટેન્ડર સૂચનાને ઉત્તર મધ્ય રેલવેની વેબસાઈટ **www.ncr.indianrailways.gov.in** પર પણ અપલોડ કરી દીધુ છે. (7) ટેન્ડર ફોર્મની બાનાની રકમ Online Internet Banking ના Payment Gateway અથવા Bank Guarantee Bond દ્વારા ટેન્ડર ફોર્મ પેરા 12.0 અનુસાર જમા કરવામાં આવશે. (8)કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં IREPS ની વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકાય છે. (9) ઓનલાઈન ટેન્ડર તારીખ **15.05.2024** ના રોજ **13:30** કલાક સુધી સબમિટ કરી શકાય છે. (10) ટેન્ડર ફોર્મમાં આપેલ અન્ય નિર્દેશોની સાથે સાથે, ટેન્ડરદાતા ટેન્ડરની સાથે જમા કરવામાં આવનાર ફોર્મ હેતુ ટેન્ડર ફોર્મના પેરા 12.0 બાનાની રકમ (Bid Security Deposit) પર વિશેષ ધ્યાન આપે. (11) ઈ-ટેન્ડર ફોર્મ બધા ટેન્ડરરોને મફત આપવામાં આવશે. (12) ટેન્ડર સંખ્યા 16 માટે ટેન્ડરરોને જી.સી.સી. - 2022 (વર્કસ મામલે ભાગ-1)ના પેરા 10થી 18ના અનુપાલનમાં અવશ્ય દસ્તાવેજોને ટેન્ડરની સાથે અવશ્યરુપથી જોડવાના રહેશે અથવા તેમનું ટેન્ડર અધૂરુ માનવામાં આવશે અને તેમજ તેના પર વિચાર કરવામાં આવશે નહીં.

718/24 (A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR



**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- ઉમુસાપ્ર/2024/12 તારીખ :- 18-04-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ મટિરિયલ મેનેજર, જનરલ સ્ટોર્સ, ડેપો ઝાંસી નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ટેન્ડર નંબર | કાર્યનું વર્ણન | જથ્થો. |
|---|---|---|
| 51245147 | હોરીઝોન્ટલ ટેન્સાઈલ ટેસ્ટિંગ મશીન માટેના સ્પેરપાર્ટ્સ, 1) રેડિયલ પિસ્ટન પંપ મોડલ નંબર 11RE7A મેક-પોલીહાઈડ્રોન ,2) રેડિયલ પિસ્ટન ડબલ પંપ મિડલ નંબર 2R5AF-227 મેક - પોલીહાઈડ્રોન , 3) રેડિયલ પિસ્ટન પંપ મોડલ નંબર 1RE5A-50 તેને પોલીહાઈડ્રોન બનાવવા જોઈએ. માત્ર OEM અથવા અધિકૃત પેઢી પાસેથી જ ખરીદી કરવી અને પુરવઠા સમયે પ્રમાણપત્ર આપવું જોઈએ. વસ્તુઓની ગેરંટી/વોરંટી અને પરીક્ષણ પ્રમાણપત્ર સપ્લાય સમયે પ્રદાન કરે છે. | 01 સેટ |
| 51245148 | 200 ટન હાઈડ્રોલિક પ્રેસ મશીન પ્લાન્ટ નંબર 847 અને 970 માટેના સ્પેરપાર્ટ્સ , 1) પ્રેશર કંટ્રોલ મોડ્યુલ મોડલ ?PCM20-10-100-315 - મેક યુકેન , 2) પ્રેશર રિલીફ એડજસ્ટ વાલ્વ DPRH10-S-315-MAKE-YUKEN , 3) પ્રેશર રિલીફ એડજસ્ટ વાલ્વ DPRS10-T-315-MAKE-YUKEN , 4) રીટર્ન લાઈન ફિલ્ટર ?CE-630-025-S3- મેક યુકેન , 5) સક્શન ફિલ્ટર - SC3-030-120-1.5? મેક યુકેન , 6) હાઈડ્રોલિક વેન પંપ HPV32M-38-06-F-RAA-UO-K2 (એક સેટમાં 06 આઈટમ હોય છે જેમાં પરિશિષ્ટ A અને B મુજબ અલગ-અલગ જથ્થા હોય છે) આઈટમ ફક્ત OEM અથવા અધિકૃત પેઢી પાસેથી જ ખરીદવી જોઈએ અને પ્રમાણપત્ર હોવું જોઈએ સપ્લાય સમયે પૂરી પાડવી. વસ્તુઓની ગેરંટી/વોરંટી અને પરીક્ષણ પ્રમાણપત્ર સપ્લાય સમયે પ્રદાન કરે છે. | 01 સેટ |
| 51245149 | શોક એબઝોબર ટેસ્ટિંગ મશીન પ્લાન્ટ નંબર 1034 માટેના સ્પેરપાર્ટ્સ , 3) પ્રેશર ગેજ -210Kg/cm2 મેક-માસ , 4) સોલેનોઈડ સંચાલિત ડીસી મૂલ્ય -DSG-01-3C4-324-N1-50 - મેક યુકેન , 5) પાયલોટ સંચાલિત ચેક મોડ મૂલ્ય MPW 01 મેક યુકેન , 6) સક્શન સ્ટેનર મોડલ નંબર SC3-70, Make-EPE , 7) પ્રેશર લાઈન ફિલ્ટર - 450LE0030 ,MAKE -EPE, 8) રીટર્ન લાઈન ફિલ્ટર -HFR-20-10B-025, મેક હાઈડોરલાઈન , 9) ટ્રાન્સડ્યુસર મોડેલ નંબર 90610-T-3 , 90MM Dia make-ADI ARTCH (એક સેટમાં 09 આઈટમ હોય છે જેમાં પરિશિષ્ટ A અને B મુજબ અલગ-અલગ જથ્થા હોય છે) આઈટમ માત્ર OEM અથવા અધિકૃત પેઢી પાસેથી જ ખરીદવી જોઈએ અને સપ્લાય સમયે પ્રમાણપત્ર પ્રદાન કરવું જોઈએ. વસ્તુઓની ગેરંટી/વોરંટી અને પરીક્ષણ પ્રમાણપત્ર સપ્લાય સમયે પ્રદાન કરે છે. | 01 સેટ |
| 51245182 | ISO7500-1, ASTM E4, EN 10002- 1&2 મુજબ 40 ક્ષમતાનું કોમ્પ્યુટરાઈઝ્ડ યુનિવર્સલ ટેન્સાઈલ ટેસ્ટિંગ મશીન અથવા બંધ ટેકનિકલ સ્પષ્ટીકરણો અનુસાર સમકક્ષ, make- hexaplast/ZwickRoell/MSC/Testwell/Fie/AMETEK. | 01 સેટ |

**બધા ટેન્ડરો માટે ટેન્ડર ખુલવાની તારીખ :- 17-05-2024 બધા ટેન્ડરો માટે બાનાની રકમ :- શૂન્ય નોંધ :-** 1. ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટના ટેન્ડરની સંપૂર્ણ માહિતી IREPS ની વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

713/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR



**EDELWEISS ASSET RECONSTRUCTION CO. LTD.**
**CIN - U67100MH2007PLC174759**
Edelweiss Asset Reconstruction
રજિસ્ટર્ડ ઓફિસ :- EDELWEISS હાઉસ, સીએસટી રોડ પર, કલીના, મુંબઈ 400098
+91 22 40886090/6620 3149

**પરિશિષ્ટ IV-A [નિયમ 8(6)ની જોગવાઈ]**

**સુરક્ષિત સંપત્તિના વેચાણ માટે ઈ-ઓક્શન સેલ નોટિસ**

**સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (SARFAESI ACT) હેઠળ સુરક્ષિત અસ્કયામતોના ઈ-ઓક્શન વેચાણ માટેની જાહેર સૂચના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અમલીકરણ) ના નિયમ 6(2)અને નિયમ 8(6)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. )નિયમો 2002 (નિયમો).**

આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઉધાર લેનાર અને બાંયધરી આપનારાઓને સૂચના આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ સંપત્તિ (સુરક્ષિત અસ્કયામતો) અને એડલવાઈસ અસ્કયામતો પુનઃનિર્માણ કંપની લિમિટેડની તરફેણમાં ગીરો અને અનુમાનિત છે, તેના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. **EARC ટ્રસ્ટ SC-444 (EARC),** જેનો ભૌતિક કબજો EARC ના અધિકૃત અધિકારીઓ દ્વારા 28 મે , 2024 ના રોજ લેવામાં આવ્યો છે, તે ઈ-ઓક્શન એજન્સી દ્વારા ઈ-ઓક્શન દ્વારા વેચવામાં આવશે, મેસર્સ ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજી લિમિટેડ (ઓક્શન ટાઈગર) તેમની વેબસાઈટ/પોર્ટલ, **https://edelweissarc.auctiontiger.net** પર **મે 28, 2024 ના રોજ સવારે 10:00 વાગ્યે થી 11:00 વાગ્યા** વચ્ચે દરેક 5 મિનિટના અમર્યાદિત એક્સટેન્શન સાથે, જો ઈ-ઓક્શનની સમાપ્તિ પહેલા બિડ કરવામાં આવે તો, 'જેમ છે ત્યાં', 'જેમ છે', 'જે છે તે' અને 'કોઈ આશ્રય નથી'ના આધારે કુલ **રૂ:-27,70,67,066/-** ની વસૂલાત માટે -(**રૂપિયા સત્યાવીસ કરોડ સિત્તેર સડસઠ હજાર અને છાસઠ રૂપિયા માત્ર** ) નવેમ્બર 01, 2022 ના રોજ વધુ વ્યાજ સાથે, કરારના દરે અને અન્ય ખર્ચાઓ અને તેના પર ખર્ચ, EARCને કારણે સિક્યોરડ ક્રેડીટર રાઘવ કોર્પોરેશન એલએલપી (હવે પછીથી ઉધાર લેનાર ).

**સુરક્ષિત અસ્કયામતોની અનામત કિંમત અને બાનાની થાપણ નીચે મુજબ હોવી જોઈએ:-**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના વટવા ઔદ્યોગિક વસાહત II ખાતે આવેલ પ્રોજેક્ટ 'તક્ષશિલા મેટ્રો ઈન્ડસ્ટ્રિયલ પાર્ક' માં નીચે સૂચિબદ્ધ ઔદ્યોગિક શેડ, જે મૌજે વિંઝોલ, તાલુકા વટવા, અમદાવાદ ખાતે સ્થિત છે.

| ક્રમ નંબર | પ્લોટ નંબર | વેચાણપાત્ર એરીયા (સ્કવેર ફૂટ ) | યુનિટ સાથે મળતી ખુલી જગ્યા (સ્કેવર ફૂટ ) | કુલ એરીયા (સ્કેવર ફૂટ માં) | અનામત રકમ (રૂ માં ) | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી ) (રૂ માં ) |
|---|---|---|---|---|---|---|
| 1 | P-07 | 2,529 | 540 | 3,069 | 95,13,900 | 9,51,390 |
| 2 | P-08 | 2,529 | 540 | 3,069 | 95,13,900 | 9,51,390 |
| 3 | P-14 | 2,529 | - | 2,529 | 89,77,950 | 8,97,795 |
| 4 | P-17 | 2,529 | - | 2,529 | 89,77,950 | 8,97,795 |
| 5 | P-18 | 2,529 | - | 2,529 | 89,77,950 | 8,97,795 |
| 6 | P-22 | 2,529 | - | 2,529 | 89,77,950 | 8,97,795 |
| 7 | P-23 | 2,529 | - | 2,529 | 89,77,950 | 8,97,795 |
| 8 | P-24 | 3,015 | 1,575 | 4,590 | 1,42,29,000 | 14,22,900 |
| 9 | P-43 | 963 | - | 963 | 50,07,600 | 5,00,760 |
| 10 | P-77 | 2,565 | - | 2,565 | 85,92,750 | 8,59,275 |
| 11 | P-82 | 2,565 | - | 2,565 | 85,92,750 | 8,59,275 |
| 12 | P-85 | 2,565 | - | 2,565 | 85,92,750 | 8,59,275 |
| | | 29,376 | 2,655 | 32,031 | 10,89,32,400 | 1,08,93,240 |

**બિડિંગ મા વધારો:-** રૂ: 1,00,000/- (રુપિયા એક લાખ દરેક સંપત્તિ માટે )
**સુરક્ષિત સંપત્તિનું નિરિક્ષણ :-**06-05-2024 , સવારે 10:00 થી બપોરના 03:00 સુધી
**બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ :-** 27-05-2024 એ સાંજના 04 વાગે સુધી
**ઈ-ઓક્શન પોર્ટલ /હેલ્પડેસ્ક:-** https://edelweissarc.auctiontiger.net/ 09978591888/ 09265562318
**ઈ-ઓક્શન ની તારીખ અને સમય :-** 28-05-2024 એ સવારના 10:00 થી 11:00 વાગ્યે સુધી 5 મિનિટના વધારે અંતરાળ સાથે

**હરાજીના વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સુરક્ષિત લેણદારોની વેબસાઈટ એટલે કે www.edelweissarc.in/PropertySale માં આપેલી લિંકનો સંદર્ભ લો.**

**રસ ધરાવનાર બિડરો EARC ના બેંક ખાતામાં બાનાની રકમ જમા કરાવી શકે છે, વિગતો નીચે આપેલ છે:**

| બેંક :- આઈસીઆઈસીઆઈ બેંક | એકાઉન્ટ નામ:- EARC TRUST SC 444 | એકાઉન્ટ નંબર :- 000405131081 |
|---|---|---|
| આઈએફએસસી કોડ :- ICICI000004 | શાખા:- કેપિટલ માર્કેટ ડિવિઝન | |

બિડ સબમિટ કરતા પહેલા, સંભવિત બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઉપર જણાવેલ વેબસાઈટની મુલાકાત લે અને ઈ-ઓક્શનના વિગતવાર નિયમો અને શરતો ધરાવતા બિડ દસ્તાવેજમાંથી પસાર થાય.

તારીખ :- 25-04-2024
સમય :- મુંબઈ

**અધિકૃત અધિકારી:-**
**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ માટે ફોન નંબર :- 9829322130**

સિટી એક્સપ્રેસ
THURSDAY 25 APRIL-2024
AHMEDABAD

## રાયસણમાં વેપારીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

ગાંધીનગર | રાયસણમાં બીએપીએસ વિધામંદિરની સામે સત્વન-બેલેવ્યુમાં રહેતા હાર્ડવેરનાં વેપારીના બંધ મકાનની બારીમાંથી અંદર પ્રવેશી તસ્કરો સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂ. 1 લાખ 52 હજારની ઘરફોડ ચોરીને અંજામ આપી ફરાર થઈ જતાં ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગઈકાલે હનુમાન જયંતિનાં પ્રસંગમાં હાજરી આપી રાત્રીના સમયે તેઓ પરત ઘરે ફર્યા હતા. ત્યારે ઘરમાં પ્રવેશતા જ માસ્ટર બેડરૂમના કબાટના દરવાજા તથા ડ્રોવર ખુલ્લા તેમજ સર સામાન વેર વિખેર હાલતમાં પડેલો જોઈને ચોંકી ઉઠયા હતા.

## મતદાન જાગૃતિ માટે આજે કાંકરિયા ખાતે ચિત્રસ્પર્ધા

અમદાવાદ | 25 એપ્રિલના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના 1,66,000 વિદ્યાર્થીઓ પૈકી ધો.5થી 8માં શાળા કક્ષાએ પ્રથમ 1થી 5 ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓ આ મેગા ઈવેન્ટમાં ભાગ લેશે. જેમાં ગાંધીનગર લોકસભા વિસ્તારની તમામ શાળાઓના 700 વિદ્યાર્થીઓ વસ્ત્રાપુર તળાવ ખાતે અને અમદાવાદ પશ્ચિમ લોકસભા વિસ્તારની તમામ શાળાઓના 700 વિદ્યાર્થીઓ કાંકરિયા તળાવ ખાતે 'ચૂનાવ કા પર્વ દેશ કા પર્વ' ની થીમ ઉપર સવારે 8થી 9 વાગ્યા સુધી ચિત્ર સ્પર્ધામાં ભાગ લેશે.



# અમદાવાદના 15 વર્ષના ટાબરીયાએ મર્ડર કર્યું

## નવરંગપુરા વિસ્તારમાં 15 વર્ષના ટાબરિયાએ એક યુવકને છરી મારી દેતા તેનું મોત નીપજ્યું

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં 15 વર્ષના ટાબરિયાએ એક યુવકને છરી મારી દેતા તેનું મોત નીપજ્યું છે. નાની ઉંમરના ટાબરિયાએ પોતાનો ભાઈ ફૂટપાથ પર હતો એટલે તેના માટે આઈસ્ક્રીમ લેવા માટે સામેના રોડ પર ગયો હતો, ત્યાં તેણે આઈસ્ક્રીમ વાળાને આઈસ્ક્રીમ આપવા માટે કહ્યું અને દુકાનદાર સાથે રકઝક થઈ હતી.15 વર્ષના ટાબરીયા સાથે બોલાચાલી થતા ત્યાં ઉભેલો યુવક એને સમજાવી રહ્યો હતો. એટલામાં ટાબરીયાએ પોતાની પાસેથી છરી કાઢીને યુવકને મારી દીધી હતી. જેમાં યુવકનું મોત નિપજ્યું છે. હાલ પોલીસે ટાબરીયાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હવે જુવેનાઈલ એક્ટ હેઠળ તેની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**વચ્ચે પડનાર યુવકને છરી મારી દીધી**

### 15 વર્ષનો ટાબરીયો પોતાના નાનાભાઈ સાથે આશ્રમ રોડ પાસે ફૂટપાથ પર રહે છે

**નવરંગપુરા પોલીસ સ્ટેશનના એક રૂમમાં નાનો ટાબરીયો પોલીસની સામે ખુશીમાં બેઠો હોય અને હસતો હોય ત્યારે તેને ખબર નથી કે તેને આગલી રાતે એક હત્યા કરી નાખી છે. તે હજી 15 વર્ષનો છે, તેના ભવિષ્યમાં હાલ પોલીસના ગુનેગારીની નોંધ થઇ ગઇ છે. 15 વર્ષનો ટાબરીયો પોતાના નાનાભાઈ સાથે નવરંગપુરા આશ્રમ રોડ પાસે ફૂટપાથ પર હતો. તેને ગમે ત્યાંથી 20 રૂપિયા ભેગા કરીને પોતાના ભાઈ માટે આઇસ્ક્રીમ લેવા માટે સામેના રોડ પર આઇસ્ક્રીમના સ્ટોલ પર ગયો હતો.**



### મૃતકનું લોહી રોડ પર વહી રહ્યું હતું

### આઇસ્ક્રીમ માટે રૂપિયાની રકઝક થતાં ટાબરીયાએ યુવકને છરી મારી દીધી

ટાબરીયાએ સ્ટોર પણ બેઠેલા વ્યક્તિ પાસે આઈસ્ક્રીમની માંગણી કરી, પરંતુ તેને રૂપિયાની રકઝક કરી એટલે ત્યાં ઉભેલા એક વ્યક્તિએ તેને સમજવાનો પ્રયાસ કર્યો હતો. એટલામાં થોડીવારમાં વાત એકદમ ઉગ્ર થઈ ગઈ હતી, ત્યારે આ નાના ટાબરીયા પાસે કોઈને વિશ્વાસ પણ ન હોય તેમ પોતાની પાસેથી છરી કાઢી અને જે યુવક તેને સમજાવી રહ્યા હતો તેને જ છરી મારી દીધી હતી. ટાબરીયાએ છરી મારી દેતા લોહી વહી રહ્યું હતું અને યુવકનું મૃત્યુ નીપજ્યું હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઝારખંડના ભાજપા ઉમેદવાર સમીર ઓરાનના નામાંકન પત્ર દાખલ કરવા સમયે ઉપસ્થિત રહ્યા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લોકસભા ચુનાવ-૨૦૨૪ માટે ઝારખંડ રાજ્યની લોહરદગા સંસદીય બેઠકના ભાજપા ઉમેદવાર સમીર ઓરાનના નામાંકન પત્ર દાખલ કરવા સમયે તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઝારખંડ પ્રદેશ ભાજપા અગ્રણીઓ પણ આ અવસર જોડાયા હતા.

**CRIME NEWS**

## અમદાવાદમાં 57% ફ્લાઇટ્સ લેટ પડી, ચંદીગઢથી અમદાવાદ આવતી ફ્લાઇટ્સ રદ કરાઇ

અમદાવાદ | આજ રોજ 24 એપ્રિલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર ચંદીગઢથી રાત્રે 8:45 કલાકે આવનારી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ રદ થઈ છે. આ ઉપરાંત વિવિધ દેશના શહેરો અને ભારતના અન્ય રાજ્ય અથવા શહેરમાંથી સાંજના 4:00 વાગ્યા સુધીમાં અમદાવાદ એરપોર્ટ પર આવતી કુલ 11 ફ્લાઈટ વિલંબિત થઈ છે. તથા ચંદીગઢથી આવનાર ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ રદ થઈ છે. આ ઉપરાંત ગઈકાલે મોડી રાત્રે પણ કેટલીક ફ્લાઈટ વિલંબિત થઇ હતી. જેમાં ગઈકાલે રાત્રે 11:55 કલાકે વિસ્તારા એરલાઈન્સ મુંબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટ 1 કલાકના વિલંબ બાદ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. આ ઉપરાંત ગઈકાલે મોડી રાત્રે પૂણે તથા દિલ્હીથી આવતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ પણ 1 કલાક જેટલા સમય માટે વિલંબિત થઇ હતી.

## વડોદરા મ્યુનિ.એ રોડ પરથી લારીઓ લઈ જતા મહિલાઓ રડી પડી...લોકોમાં રોષ વ્યાપ્યો

વડોદરા | વડોદરાના નરહરિ હોસ્પિટલ સુધી કાચા પાકા ઝૂપડા અને લારીઓના દબાણો પાલિકા દ્વારા દૂર કરવામાં આવ્યા છે. રસ્તામાં આવતા લારી-ગલ્લા અને કાચા-પાકા મકાનોના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાની દબાણ શાખા ટીમ પોલીસ બંદોબસ્ત સાથે પહોંચતા જ લોકો એકઠા થઈ અને આ પ્રકારની કામગીરી સામે વિરોધ કર્યો હતો. જોકે પોલીસ બંદોબસ્ત સાથે ગયેલી પાલિકાની દબાણ શાખાએ કોઈપણ જાતની શરમ કે દયાની લાગણી બતાવ્યા વગર તમામ દબાણો દૂર કરી માલસામાન જપ્ત કરી લીધો હતો. આ કાર્યવાહીથી એક મહિલાએ રડતા રડતા કહ્યું કે, મહિને 1500 કોર્પોરેશન લઈ જાય છે છતાં સામાન સાથે લારી ઉઠાવી ગયા અને અમને બેરોજગાર બનાવી દીધા છે. મળતી માહિતી અનુસાર વડોદરા મહાનગર સેવાસદન દ્વારા છેલ્લા કેટલાક સમયથી શહેરના માર્ગો પરથી ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરવાની ઝુંબેશ શરૂ છે.

## રાજકોટમાં કોન્સ્ટેબલે મવડી પોલીસ હેડક્વાર્ટરના 10મા માળેથી પડતું મૂક્યું

રાજકોટ | રાજકોટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભાર્ગવ બોરીસાગરે મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બિલ્ડિંગના 10મા માળેથી છલાંગ લગાવી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવના પગલે પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બી બ્લોકમાં 10મા માળેથી છલાંગ લગાવી રાજકોટ પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાર્ગવ બોરીસાગર (ઉં.વ.23) નામના યુવાને આપઘાત કરી લીધો છે. બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ તેમજ આસપાસના લોકો અને પોલીસ પરિવારના લોકો એકઠા થઇ ગયા હતા. પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. કોન્સ્ટેબલે આજે કરેલા આપઘાતના બનાવ અંગે પરિવારજનો પણ કોઈ ચોક્કસ કારણ જાણતાં ન હોવાથી પોલીસે તપાસ હાથ ધરી છે.

## સોલા સિવિલમાં મારામારી

**અમદાવાદની ઘટના...દર્દીના સગાએ રાત્રે રોકાવા જીદ કરી, ના પાડતા સિક્યોરિટી પર હાથ ઉપાડ્યો, પછી બાઉન્સરોએ ફડાકાવાળી કરી**



(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદ શહેરમાં અનેક સ્થળ પર સિક્યોરિટી ગાર્ડ અને સામાન્ય જનતા વચ્ચે ઝપાઝપીની ઘટના બનતી હોય છે. આવી જ ઘટના અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં બની હતી. ગઈકાલે મોડી સાંજે સોલા સિવિલ હોસ્પિટલમાં દર્દીના સગાને અટકાવતા મારામારીની ઘટના બની હતી. જેનો વીડિયો સામે આવ્યો છે.

વીડિયોમાં જોવા મળે છે કે, બાઉન્સર મારે છે ત્યારે દર્દીના સગા એવો યુવક તેની સામે આંગળી ચિંધી રોષે ભરાયેલ જોવા મળે છે. બાદમાં યુવક બચવા માટે દોડતો દોડતો જાય છે ત્યારે બાઉન્સરો તેની પાછળ દોડીને ફડાકાવાળી કરી હતી. ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા જોવા મળ્યા હતા.

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે રાત્રે 9:30 વાગ્યે સામાન્ય બોલાચાલીમાં મામલો ગરમાયો હતો. જેમા મૂળ ઉત્તર પ્રદેશના અમેઠીના અને હાલ અમદાવાદના લપકામણ ખાતે પોતાના પરિવાર સાથે રહી આસપાસના ઘર અને ઓફિસમાં મજૂરીકામ કરતા ગોબિંદભાઈ જાક્ષે ગઈકાલે વહેલી સવારે 8 વાગ્યે તેમના ગર્ભવતી પત્ની નિશાબેનને લઈને હોસ્પિટલ ખાતે ચેકઅપ કરવા પહોંચ્યા હતા. ડોક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આજે નિશાબેનની ડિલિવરી કરવી પડશે. આથી બપોરના સમયે નિશાબેને પુત્રને જન્મ આપ્યો હતો. દરમિયાન હોસ્પિટલમાં તેમના પતિ ઉપરાંત તેમના સાસુ હાજર હતા.

### ઝપાઝપી થતા હોબાળો થયો

મળતી માહિતી અનુસાર, સોલા સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે મોડી સાંજે બબાલ થઈ હતી. જેમાં હોસ્પિટલના નિયમાનુસાર દર્દી સાથે રાત્રિ દરમિયાન એક જ સગાને રહેવા દેવાની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ એક દર્દીના સગા જબરદસ્તી રોકાવાનો પ્રયત્ન કરતા હોસ્પિટલના સિક્યોરિટી ગાર્ડે તેમને બહાર જવાનું કહ્યું હતું. આથી દર્દીના સગા રોષે ભરાયને સિક્યોરિટી ગાર્ડ પર હાથ ઉપાડ્યો હતો. સામે સિક્યોરિટી ગાર્ડ દ્વારા પણ સામે પ્રતિકાર કરતા મારામારી થઈ હતી. આ ઘટનામાં ઝપાઝપી થતા હોબાળો થયો હતો અને બંને પક્ષ દ્વારા પોલીસ બોલાવવામાં આવી હતી.

## રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓના સમયમાં ફેરફાર



### હિટવેવને કારણે લેવાયો નિર્ણય... રાજ્યમાં તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરાઈ

(એજન્સી) અમદાવાદ | તા.24

છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. રાજ્યની જનતાને કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ગરમીને કારણે નોકરિયાત વર્ગની સાથે જો કોઈને સૌથી વધુ અસર થતી હોય છે તો તે છે શાળા-કોલેજના વિદ્યાર્થીઓને. ત્યારે હિટવેવને ધ્યાનમાં રાખીને રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગે નિર્ણય લઈને રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓના સમયમાં મોટો ફેરફાર કર્યો છે. ગુજરાતમાં સતત વધી રહેલી ગરમી અને હિટવેવની અસરોને ધ્યાનમાં રાખીને રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓના સમયમાં ફેરફાર કર્યો છે. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા નિર્ણય લઈને પ્રાથમિક શાળાઓનો સમય સવારે 7 થી 11 કરી દેવામાં આવ્યો છે. તો પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા નિર્ણયનો જાણ રાજ્યમાં તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને કરી દેવામાં આવી છે.

તો સાથે સાથે, રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને ઓપન એર ક્લાસ પણ ન લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. વધુમાં શિક્ષણ વિભાગ દ્વારા શાળામાં હીટવેવથી બચવાના ઉપાયો જણાવવા અંગે પણ આદેશ આપવામાં આવ્યા છે.

## અમદાવાદમાં આજે દોઢ ડિગ્રી તાપમાન વધશે

**બપોરના સમયે બહાર ન નીકળવું હિતાવહ; ગુજરાતમાં 24 કલાકમાં સૌથી વધુ આણંદમાં 40.7 ડિગ્રી નોંધાયું**

(એજન્સી) અમદાવાદ | તા.24

રાજ્યમાં ગરમીનો પારો ફરી એકવાર ઊંચકાઇ રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચે તેવી શક્યતા છે. હાલમાં પવનની દિશા બદલાતા ગરમીનું પ્રમાણ વધુ અનુભવાઈ શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી બે દિવસમાં હજુ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ ગરમી વધે તેવી શક્યતાઓ છે. જેને લઈને આજરોજ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ પહોંચે તેવી પણ શક્યતા છે. ગઈકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન 39.6 ડિગ્રી નોંધાયું હતું, એટલે કે આજે એક જ દિવસમાં દોઢ ડિગ્રી તાપમાન વધશે.

### પવનની ગતિ 15થી 20ની રહેશે

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું કે, આગામી પાંચથી સાત દિવસ દરમિયાન રાજ્યભરમાં શુષ્ક વાતાવરણ રહેશે. આ ઉપરાંત પવનની દિશા ઉત્તર પશ્ચિમ તરફથી હતી. જે હવે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાને કારણે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં તાપમાન યથાવત રહેશે. આગામી દિવસોમાં તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહીંવત પ્રમાણમાં છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ 15થી 20 નોટ્સ પ્રતિ કલાકની ઝડપે રહેશે. અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં મહત્તમ તાપમાન 40 ડીગ્રીથી વધુ રહેવાની સંભાવના છે.

## લાખાપાદરમાં 80 ફુટ ઉંડા કુવામાં અજાણી વ્યકિતનું ડુબવાથી મોત



અશોક મણવર | અમરેલી

અમરેલીના વડિયા પોલીસ કંટ્રોલરૂમ દ્વારા અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલીફોનિક જાણ કરેલ કે વડિયા કુકાવાવ તાલુકાના લાખાપાદર ગામે વાડી વિસ્તારમાં આચરે 80 ફુટ ઉંડા કુવામાં કોઈ અજાણી વ્યકિત ડુબી ગયેલ જે અનુસંધાને અમરેલી ફાયર ઓફિસર એચ.સી.ગઢવીના માર્ગ દર્શન હેઠળ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી 80 ફુટ કુવા માથી 2 કલાકની ભારે જહેમત બાદ અજાણી વ્યકિતની બોડીનુ રેસ્કયુ હાથ ધરી ડેટ બોડીને બહાર કાઢવામાં આવેલ છે ત્યારે વડીયા પોલીસને પ્રાથમિક તપાસ અર્થે સોંપેલ ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી રેસ્કયુ કામગીરી કરનાર ફાયર હિંમતભાઈ બાંભણિયા સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકિયા, સાગરભાઈ પુરોહિત સહિત ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી ડેટ બોડીનુ રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવે છે ત્યારે પ્રાથમિક તપાસ કરતા મૃતકનું નામ ચીમાભાઈ ચિકારીયા કનાસિયા ઉ. વર્ષ 29 હોવાથી જાણવા મળ્યું છે..

**મતદાન માટે આમંત્રણ... અમદાવાદ શહેર અને જિલ્લાના 3 લાખ મતદારોને જાગૃત કરાયા**

## અમદાવાદ જિલ્લામાં સમાવેશ 571 શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા નાગરિકોને મતદાન માટે આમંત્રણ અપાયું

**4600થી વધુ શિક્ષકો અને 76000થી વધુ વિદ્યાર્થીઓ આમંત્રણ આપ્યું**

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આગામી તારીખ ૭મી મેના રોજ રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે મતદાન યોજનાર છે. આ ચૂંટણીમાં મહત્તમ સંખ્યામાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરીને મહત્તમ પ્રમાણમાં મતદાન કરે તે ઉદેશથી SVEEP (Systematic Voters Education and Electoral participation program) કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે હેતુથી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લામાં શાળા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



આવા જ એક કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેર અને જિલ્લામાં મતદારોને મત આપવા પ્રેરિત કરતી આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ ગ્રામ્યની કચેરી હેઠળની

અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં સમાવેશ થયેલ ઘાટલોડિયા, બોપલ,જોધપુર, નરોડા, નિકોલ, સેટેલાઈટ સહિત તમામ તાલુકાઓની 571 શાળાઓના 4600થી વધુ શિક્ષકો અને 76000થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા નાગરિકોને મતદાન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ અભિયાનમાં વિરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકા તાલુકાના 50 ટકાથી ઓછા વૉટર ધરાવતા વિસ્તારોમાં નાગરિકોને મતદાન જાગૃતિ માટે આમંત્રણ પત્રિકાઓ વહેંચીને મતદાન માટે આમંત્રણ અપાયું હતું.

સાથે જ, મહિલા અને પુરુષ મતદાનમાં 10 ટકાથી વધુનો તફાવત હોય તેવા વિસ્તારોમાં ખાસ મહિલા મતદારોને મતદાનમાટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આમંત્રણ પત્રિકાઓ દ્વારા અમદાવાદ શહેર અને જિલ્લાના અંદાજીત 3 લાખ મતદારોને જાગૃત કરાયા હતા.

## 27 એપ્રિલે પ્રિયંકા ગાંધી ધરમપુરમાં સભા ગજવશે : સ્વાગતની તૈયારીઓ

(એજન્સી) વલસાડ | તા.24

લોકસભા 2024ના ચૂંટણી જંગમાં વલસાડ બેઠક પર ભાજપ-કોંગ્રેસે યુવા ઉમેદવારોને મેદાને ઉતાર્યા છે. ભાજપે સિટિંગ MP ડો. કે.સી. પટેલની ટિકિટ કાપી તેમની જગ્યાએ ધવલ પટેલને મેદાને ઉતાર્યા છે. તો કોંગ્રેસ નવસારીની વાંસદા બેઠકના વર્તમાન ધારાસભ્ય અનંત પટેલને ટિકિટ આપી છે. ઉમેદવારના પ્રચાર માટે કોંગ્રેસના સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધી 27 એપ્રિલના રોજ ધરમપુરમાં આવી રહ્યા છે. ધરમપુરના દરબાર ગઢમાં પ્રિયંકા ગાંધી સવારે 10 વાગે સભાને સંબોધન કરશે. આ બાબતની જાણ કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલે સોશિયલ મીડિયાના માધ્યમથી કરી છે.બીજી તરફ એવી પણ ચર્ચા છે કે પ્રિયંકા બાદ રાહુલ ગાંધી પણ ગુજરાતના પ્રવાસે આવી શકે છે. વલસાડ લોકસભા બેઠક ઉપર આવતા 7 વિધાનસભા ક્ષેત્રના મતદારોને કોંગ્રેસ તરફી મતદાન કરીને અનંત પટેલને જંગી બહુમતી સાથે જીતાડવા અપીલ કરવા આવશે. પ્રિયંકા ગાંધીના આગમનની વાત સામે આવતા જ કોંગ્રેસના ઉમેદવાર સહિત કાર્યકર્તાઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધરમપુરમાં પ્રિયંકા ગાંધીના સ્વાગતની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે. કોંગ્રેસના આગ્રણીઓ સવારે 10 વાગે સભાનું આયોજન કર્યું છે. અનંત પટેલે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં 'અનંત પટેલ કે સંઘર્ષ મેં સાથ દેને આ રહી હૈ પ્રિયંકાજી'ના નામથી પોસ્ટર પોસ્ટ કરી જાહેરાત કરી છે. પ્રિયંકા ગાંધી વાડરાની સભા સવારે 10 વાગ્યે રાખવામાં આવી છે.